અક્ષરનાદ

AksharNaad.com

# સંતવાણી વિચારગોષ્ઠિ - 2010

અક્ષરનાદ.કોમ << અંતરની અનુભૂતિનો અક્ષર ધ્વનિ

સંતવાણી એવોર્ડ 2010 અર્પણવિધિ વખતે ચિત્રકૂટધામ તલગાજરડા ખાતે યોજાયેલી ભજન સાહિત્ય ઈતિહાસ વિશેની પ્રથમ સંગોષ્ઠિના ત્રણ વક્તવ્યો.

**By - Jignesh Adhyaru**

**11/23/2010**

પૂજ્ય મોરારીબાપુના પિતાજી સ્વ.શ્રી પ્રભુદાસબાપુની પુણ્યતિથીએ દર વર્ષની જેમ આ વર્ષે પણ તલગાજરડા ખાતે સંતવાણી કાર્યક્રમ યોજાયો હતો. જે અંતર્ગત સંતવાણી એવોર્ડ અપાયા હતા. આ જ દિવસે સવારે તુલસી એવોર્ડ સમિતિ દ્વારા એનાયત થયેલ એવોર્ડના અર્પણવિધિ અંતર્ગત મોરેશિયસ સ્થિત ડો. રાજેન્દ્ર અરૂણજી, શ્રી શ્રીનાથજી મિશ્રા (વારાણસી), શ્રી અબ્દુલ વદુદ અઝહર દહેલવી (દિલ્હી), શ્રી ઈન્દુભૂષણ ગોસ્વામી (વૃંદાવન) અને શ્રી જગદેવદાસ મહારાજ 'માનસમધુકર' (અયોધ્યા) ને તુલસી એવોર્ડ અર્પણ કરાયા હતાં. આ વિદ્વાનોને શાલ, સ્મૃતિચિહ્ન તથા પુરસ્કાર રાશી અર્પણ કરાયા. આ પ્રસંગે એક નવી શરૂઆતના આયામને ઉપસાવતી સંતવાણી વિશેની એક વિચારગોષ્ઠીનું આયોજન સાંજે ૪ થી ૭ વાગ્યા દરમ્યાન તલગાજરડા, ચિત્રકૂટધામ ખાતે કરાયું હતું. ભરપૂર વરસતા વરસાદમાં અમે આ વિચારગોષ્ઠીનું શ્રવણ કરવાનો લહાવો લેવા પહોંચ્યા. જેમ જેમ અહીં વિદ્વાનોના ભજન અને ભજન ઈતિહાસ તથા પરંપરાઓ વિશેના વિચારો વ્યક્ત થયા તેમ તેમ મેઘરાજાએ પણ તેમની અવરિત વર્ષા ચાલુ રાખી.

શ્રી હરિશ્ચંદ્રભાઈએ કાર્યક્રમની શરૂઆત કરતા કહ્યું,




"સંતવાણી એવોર્ડ ત્રણ અંતર્ગત ભજનવિચારની આ સંગોષ્ઠિમાં ઉપસ્થિત રહેલા ભજનના મરમીઓ, ભજનપ્રેમીઓ અને સંતવાણીના શ્રોતાજનો અને આ સંગોષ્ઠીના ત્રણ વક્તાઓ અને સંચાલકશ્રી, આપ સૌનું પૂજ્ય બાપુ વતી ચિત્રકૂટધામના આ પરિસરમાં હનુમાનજું મહારાજની સન્મુખ હાર્દિક સ્વાગત કરું છું. ચિત્રકૂટધામ કે કૈલાસ ગુરુકુળમાં યોજાતા બાપુની પ્રેરણાથી સર્જાતા કોઈપણ ઉપક્રમનો પ્રત્યક્ષ કે પરોક્ષ સંદેશ સમાજ સુધી પહોંચે છે. ગત વર્ષે સંતવાણી એવોર્ડની અર્પણવિધિ પૂર્વે એ સમયે ઉપસ્થિત ભજનપ્રેમી એવા કેટલાક મહાનુભાવોને પ્રાયોગીક રીતે દસ દસ મિનિટ વક્તવ્ય આપવાનું અહીં કહેવાયેલુ અને એ રીતે ભજન વિશે ફરી આપણે સૌ વિચાર કરતા થઈએ એવો એક ઉપક્રમ રચાયો.

ઝવેરચંદ મેઘાણી આજીવન સંશોધક - સંપાદક પણ એમણે પોતાનાપુસ્તકમાં જણાવ્યા મુજબ છેલ્લે તો એમનું મન ભજનમાં ઠર્યું હતું. એમની ઘણી ઈચ્છા હતી કે એ દિશામાં એ વિશેષ કાર્ય કરે પણ કાળદેવતાએ એટલો સમય એમને કદાચ ન આપ્યો. આપણા બીજા એક ભજન મરમી મકરંદ દવે, જેણે પણ ભજન વિશે આપણને વિચારતા કર્યા, ભજન વિશેની આપણને સમજ આપી, અને આ સમયમાં પણ આપણી વચ્ચે બેઠેલા અને કેટલાક કદાચ હજુ નથી પહોંચ્યા કે

નથી આવી શક્યા એવા ઘણાં ભજનમરમીઓ આપણી વચ્ચે છે. કેટલાકના હ્રદયમાં એવી પીડા પણ છે જે બાપુ પાસે અને અન્યત્ર એમના લેખોમાં શબ્દો દ્વારા એ વ્યક્ત થતી રહી છે અને એ પીડા એ છે કે ભજન એ તો એક સાધન છે, શબ્દની ઉપાસના છે, અંદરના દ્વાર ખોલવાની શાબ્દિક પ્રક્રિયા છે, પણ એ ભજન મનોરંજનના માર્ગે ચઢતું જતું હોય, મિડીયા માધ્યમોનો પ્રભાવ, આપણો અભ્યાસ ઘટતો જાય, વાંચન ઓછું થતું જાય એ બધા કારણે પણ ભજનને જે રીતે મૂલવવાની જરૂર આપણે ત્યાં રહી છે એમાં પાછલા વર્ષોમાં ઘણો ઘટાડો થયો છે, એટલે એવી પણ એક અપેક્ષા અહીં રાખી હતી અને જે ભજનીકો રાત્રી બેઠકમાં સંતવાણી રજુ કરવાના છે એ બધાને મેં વિનંતિ કરેલી કે શ્રોતાઓ તો ભજન વિશે જાણે, ભજન વિચાર દ્વારા એ વિચાર કરતા થાય, પણ જે સ્વયં ભજનિકો છે, આમ તો ગાવું એ પણ બાપુ એક ભજન સ્વરૂપ જ માને છે, પણ જે ભક્ત કવિઓની વાણી પ્રગટ થઈ છે એ શું કહી ગયા છે, કેટલીક વખત ભજનમાં પ્રયોજાતા જે શબ્દ કે શબ્દયુગ્મ હોય એના વિશિષ્ટ અર્થ છે, એ માત્ર ગાઈ નાખવા જેવા કે બોલી લેવા જેવા શબ્દો નથી, એટલે એ સમજ પણ મરમીઓ દ્વારા ભજનના ગાયકોને - ભજનિકોને અહીં પ્રાપ્ત થાય એવી અપેક્ષાથી મેં સૌને વિનંતિ પણ કરેલી કે સાંજની ચાર વાગ્યાની બેઠકમાં આપ સૌ ઉપસ્થિત રહેશો એવી વિનંતિ છે.

ભજનિક શબ્દ ઓસરતો ગયો અને હવે કલાકાર શબ્દ - ભજનના કલાકાર એવો શબ્દ પ્રયોજાતો થયો છે. આપણે ફરી પાછા બાપુના ખોળે બેસીને અહીં એક એવો નવો અભિગમ સર્જીએ, એ અપેક્ષા રાખીએ કે ફરી સાચા અર્થમાં ભજનને આપણે સાંભળતા, ઓળખતા, પામતા થઈએ એ અપેક્ષા સાથે પ્રતિવર્ષ ભજનસંદર્ભે વિચારની જે સંગોષ્ઠી થવાની છે એ અંતર્ગત આ વર્ષે આ પ્રથમ સંગોષ્ઠી છે. આ બેઠકના સંચાલક શ્રી બળવંત જાની, ત્રણ વક્તાઓ શ્રી નાથાલાલ ગોહેલ, શ્રી નિરંજન રાજ્યગુરુ અને શ્રી ભાણદેવજી ચારેય મહાનુભાવોને સ્ટેજ પર પધારવા વિનંતિ કરૂં છું.

આ બેઠકના પ્રથમ વક્તા છે શ્રી નાથાલાલ ગોહિલ અને જે દિશામાં હવે પછીના વર્ષોમાં આપણે આગળ ચાલશું એ વિષય છે ભજન સાહિત્યનો ઈતિહાસ - પહેલા આપણે એ જાણીશું, આરાધ - ભજનનો જે એક પ્રકાર છે, આરાધ સ્વરૂપ વિચાર એ વિશે શ્રી નિરંજન રાજ્યગુરુ વક્તવ્ય આપશે અને ગંગાસતીની વાણી એ વિશે ભાણદેવજી પોતાનું વક્તવ્ય આપશે. આ બેઠકના સંચાલક શ્રી બળવંત જાની, એમના પરિચયની આમ તો આવશ્યકતા નથી તે છતાં સંક્ષેપમાં કહેવું હોય તો બળવંતભાઈ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા સાહિત્ય ભવનના પ્રોફેસર અને અધ્યક્ષ છે, ઉતર ગુજરાત યુનિવર્સિટી, પાટણના પૂર્વ વાઈસ ચાન્સેલર રહી ચૂક્યા છે, ખાસ કરીને મધ્યકાલીન સાહિત્યના એ મર્મજ્ઞ છે, સંકલન, સંપાદન અને સંશોધન, લોકસાહિત્ય,

ચારણીસાહિત્ય અને મધ્યકાલીન સાહિત્યમાં વિપુલ માત્રામાં એમણે કામ કર્યું છે અને એ રીતે એમનું ઘણું મોટું પ્રદાન છે, આ ત્રણેય વક્તાઓ આ ક્ષેત્રના મરમીઓ છે."

પૂજ્ય બાપુએ સૂત્રમાળા અને શાલથી સ્ટેજ પર આ મહાનુભાવોનું સ્વાગત કર્યું, એ પછી બળવંતભાઈ જાનીએ સંચાલન સંભાળ્યું.

### શ્રી બળવંતભાઈ જાની -



તલગાજરડી ભારતીય સંસ્કૃતિ પરંપરાના પ્રયોજક આપણા સમયના અત્યંત શ્રદ્ધેય તુલસી રામાયણ અને ભારતીય જ્ઞાનપુંજના માત્ર અભ્યાસી નહીં, માત્ર અર્થઘટનકર્તા નહીં, પણ એના દર્શનને એના અર્થઘટનને કોઈ આચાર્ય શાસ્ત્ર રચતા હોય એ રીતે રામાયણને કેન્દ્રમાં રાખીને ભારતીય પરંપરાના ભારતીય સંસ્કૃતિના અનેક સંજ્ઞાકોષને જેઓ વિશ્વ સમક્ષ આજના સમયમાં અર્થપૂર્ણ અને હ્રદયસ્પર્શી રીતે ઉદઘાટિત કરી રહ્યા છે એવા આપણા સૌના શ્રદ્ધેય મોરારીપાબુની નિશ્રામાં અને બુદ્ધિમતાં વરિષ્ઠં એવા પ્રાજ્ઞ, અત્યંત બુદ્ધિમાન, તેજસ્વી, સેવક હનુમાનજીની ગોદમાં અમને સાક્ષાત બેસાડીને એ શોભાને જોઈ રહેલા આસ્વાદી રહેલા આપ સૌ સંતવાણીના ચાહકો, અને ખરા અર્થમાં એના જાણતલ મરમી મિત્રો, આજે અમારી સાથે આ ભજન ચર્ચામાં ત્રણ મિત્રો છે, નિરંજન રાજ્યગુરૂ, નાથાલાલ ગોહિલ અને ભાણદેવજી.

સૌથી મોટી વસ્તુ જે પ્રારંભમાં આદરણીય હરીશભાઈએ થોડી આપણી સમક્ષ ખોલી તે એ કે ભજન વિશે બે મત પ્રવર્તે છે, એક એવો વિચાર ધરાવનારા શ્રદ્ધા પુરુષો છે જે એમ માને છે કે આ સાધનાનો, અનુભવવાનો વિષય છે, અંદર સમજવાનો વિષય છે. અંતરમાં ઉતારવાનું છે. બીજો એક મત ધરાવતો વર્ગ એ છે કે એની ચર્ચા થવી જોઈએ, ઉપનિષદની માફક પાસે બેસીને આપણે જે કાંઈ જાણીએ છીએ, આપણું જે કાંઈ અર્થઘટન છે, જે સમજ્યા છીએ એનો તાળો મેળવવો જોઈએ. મકરંદભાઈ આ શબ્દ વાપરતા, 'આ તાળો મેળવવાની વાત છે', મને આમ જણાય છે, હું આમ માનું છું નહીં. તમે મકરંદભાઈના બધા પુસ્તકો વાંચો, એ તો મરમી, આટલા મોટા ગજાના સાધક, અધિકૃત, કદાચ એના જેટલું અધિકૃત એના સમયમાં નહિં, અત્યારે પણ કોણ હશે એ પ્રશ્ન છે, એ વિદ્યાપુરુષ પણ એમ કહે, 'મને મારા અનુભવે, મારા અભ્યાસે, મારા મતે એમ જણાય છે કે....' એમ કરીને વાત મૂકે છે આવી આ ભજનની મિમાંસા આપણે ત્યાં થતી આવી છે. પણ એ હતી વિદ્વદ વર્ગમાં, એ હતી સીમાબદ્ધ વર્તુળમાં. એનો

પ્રારંભ તો કર્યો હતો શ્રદ્ધેય ડોલરરાય માંકડે, ડોલરરાય તો સંસ્કૃતના કાવ્યશાસ્ત્રના પંડિત, પણ સમગ્ર ગુજરાતી વિવેચન પરંપરામાં ભારતીય સિદ્ધાંતોને, ભારતીય કાવ્યશાસ્ત્રને કેન્દ્રમાં રાખીને વિવેચનના સિદ્ધાંતોની માંડણી કરનાર એ વિદ્યાપુરૂષ અને તળભૂમીની કથા કહેનારા, એ તો કથાકાર પણ હતા, શ્રીમદ ભાગવતની કથાનું રસપાન કરાવતા, આ બધું એને કોઠે, એણે ભજન સાંભળેલા, એટલે 'આપણા કાવ્યપ્રકારો' નામના ગ્રંથમાં ભજનના કાવ્યપ્રકારની ચર્ચા એણે આરંભ કરી, એ જ ચર્ચા કરી શકે જેને આપણા તળપદા કાવ્યપ્રકારોની ખબર છે અને આપણે બધાં જેનાથી અનુપ્રાણિત છે. એ સંસ્કૃત કાવ્યપ્રકારોનો ખ્યાલ હતો, એણે માંડણી કરી.

ચાર સ્તંભ મને જણાય છે, ડોલરરાય એક થાંભલો છે, બીજો થાંભલો એવો જ બળવત્તર અને તળપદી સસૃતિનો શ્વાસેશ્વાસ ભરીને જે ઉછરેલા - ઉજરેલા એવા મેઘાણી, પણ એની બિલકુલ લગોલગ, એની સાથે રહીને જેણે ખૂબ કામ કર્યું અને ભજન, લોકગીત, લોકકથા, લોકકળાઓમાં ઓતપ્રોત એવા જયમલ્લભાઈ, આ ત્રણ ઉપરાંત ચોથું જે કામ કર્યું, બહુજ મહત્વનું, તર્કથી અને ભજનોની વિવિધ પરંપરાનો ખ્યાલ અને એ પરંપરાના ભજનોનો ખ્યાલ, એટલે હું ભજન વિશે પ્રારંભિક રીતે વિચારનારા જે ચાર સ્તંભ કહું છું એમાં મકરંદભાઈ, મેઘાણી, ડોલરરાય અને જયમલ્લભાઈ એ છે. બાપુએ સરસ કહ્યં કે આ ચાર સ્તંભનો તલગાજરડી સ્તંભ મને લાગ્યા છે નરોતમ પલાણ. કેટલું વહેલું એણે પણ એ વિચાર્યું? આપણે ત્યાં આ બધું થતું નથી. પણ હું બધા વિધાનો ક્રમમાં ગોઠવતો ત્યારે ખ્યાલ આવ્યો કે કેટલું વહેલું, એ સમયે ભજનના સ્વરૂપ વિશે એમણે વિચારેલું. એટલું જ નહીં આ બધાનો કાલ નિર્ણય કરવામાં પણ કેમ ભજન ઉપયોગી થાય છે એની વાત કરેલી. ભજન વિશે આવા આવા વિચાર પુરુષોએ ઘણું કહ્યું છે. હું વિચારતો હતો કે આ ભજન બંગાળના બાઉલ પરંપરાના સ્વરૂપની માફક ગુજરાત - રાજસ્થાનમાં આટલું છવાઈ ગયું છે, તો આ તળપદી લોકસંતોની વાણી કેમ આટલી સ્વિકૃતિ પામી? એનો એટલો બધો પ્રભાવ કેમ રહ્યો? એની આટલી પકડ પ્રાંતમાં ભણેલા - ન ભણેલા અનેક અભ્યાસીઓ પર આટલી બધી કેમ પડી? જેના રચયિતાઓને કલમ પકડતા આવડતી નહોતી, અક્ષર પાડતાંય આવડતું નહોતું એના હ્રદયમાંથી નીકળેલી આ વાણીને આટલી સ્વીકૃતિ કેમ પ્રાપ્ત થઈ? અને વેદવાણીની સમક્ષ એની લગોલગ ઉપનિષદના સૂત્રોની લગોલગ એનું સ્થાન, એનું માન એને શા માટે પ્રાપ્ત થયું? શું છે એમાં?

આ વાત વિચારતા વિચારતા મને એક સંસ્કૃત સુભાષિત યાદ આવે, એમાં કહેવાયું છે,

"અનુદ્વેગં કરંવાક્યં" - ઉદ્વેગ ન થાય એવું વાક્ય, "પ્રિયં હિતં ચ ય" - અને પાછું હિતકારી અને પ્રિયકર હોય,

"સ્વાધ્યાયાં અભ્યાસં ચૈવ" - પછી કહે છે, "વાંગ્મય તપ પુજ્યતે"

હું કહીશ કે લોકસંતોનું વાંગ્મય તપ એ ગુજરાતી ભજન છે, એમાં કોઈને ઉદ્વેગ થતો નથી, એ પંથના ન હોય એને પણ ઉદ્વેગ થતો નથી આ મોટી સિદ્ધિ છે ભજનની, અનેક પંથના ભિન્ન ભિન્ન મત ધરાવતા લોકો પણ જ્યારે ભજનમંડળીમાં હોય અને ઝીલતા હોય, ઝૂલતા હોય ત્યારે એમ લાગે કે આ એની વિચારધારાના મત સાથે અનુબંધ ન ધરાવતી વાણી પણ એના ચિતમાં કેવી સ્વિકાર પામીને અંગ અંગ દ્વારા પ્રગટે છે. પ્રત્યેક અંગ દ્વારા ભજન સાંભળતા ઉલ્લાસ પ્રગટાવે એવી આ વાંગ્મય રૂપની વાત આપની સમક્ષ થવાની છે.

ભજનના ઐતિહાસીક સ્વરૂપની, એના વિવિધ પ્રકારો સ્વરૂપની અને એના વિવિધ રચયિતાઓ એમ ત્રણ પાંખાળી આ વાત છે - ત્રિવેણી. સતત પ્રત્યેક વર્ષે આ ત્રણને કેન્દ્રમાં રાખીને જુદાજુદા પ્રકાર વિશે વાત થશે, ઐતિહાસિક સંદર્ભમાં વાત થશે, અનેક ભજન જેણે રચ્યા છે એવા ભજનના કર્તાઓ વિશે વાત શશે, એનું દર્શન થશે, આ ઉપક્રમ સ્વયં શાસ્ત્રીય, લોકરૂચિને ઘડનારો, લોકરૂચિને કેળવનારો છે એમ જ નહીં, લોકોની સમજને વિસ્તારનારો છે. એટલે તો વિદગ્ધ શ્રોતાઓ પણ અહીંયાં શ્રવણપાન માટે ચિંતન માટે મંથનયજ્ઞમાં ઉપસ્થિત થયા છે. મારી દ્રષ્ટિએ આ વિદ્યાસત્ર ગુજરાતની લોકસંસ્કૃતિ પરંપરાનું એક મહત્વનું સત્ર છે, વિદ્યાપીઠોમાં ભજનને બહુ ઓછો આવકારો મળ્યો છે, અભ્યાસીઓએ ભજનને બહુ ઓછુ આવકાર્યું છે, અભ્યાસમાં બહુ મોડે મોડે સંતવાણીનો સ્વીકાર થયો.

પલાણસાહેબે બહુ ગોકીરો માચાવેલો કે ગુજરાતી સાહિત્યકોષમાં આ બધા ભજનિકોની ભજનવાણી અને એના રચયિતાઓને સ્થાન મળવું જોઈએ. એણે, જયમલ્લભાઈએ, નિરંજનભાઈએ ખૂબ પ્રયત્ન કર્યો. અને મને યાદ છે જવાબ એવો આપેલો કે એની હસ્તપ્રતો મળતી નથી, એમના શાસ્ત્રીય સંપાદનો થયા નથી, એમના કર્તુત્વના પ્રશ્નો છે, એને અભ્યાસમાં શામેલ ન કરી શકાય. પણ એ બધાં મિત્રોએ એનાથી નિરાશ થયા વગર અભ્યાસની કેડીએ એવી રીતે ડગ માંડ્યા કે એ કેડી આજે રાજમાર્ગ બની ગઈ છે અને રાજમર્ગ બનેલી કેડી આ ભજન, આપણું વાંગ્મય રૂપ એના વિશે આજે જ્યારે આ તલગાજરડી પરંપરામાં વિચારગોષ્ઠી આરંભાય છે એ મને લાગે છે કોઈ પણ વિદ્યાસંસ્થાએ કરવા જેવું, મહત્વના કાર્ય તરીકે સ્વીકારવા જેવું કાર્ય છે જે આ એક લોકવિદ્યામંચ એક વિદ્યાપીઠથી થઈ રહ્યું છે. એનો અમને ખૂબ આનંદ છે કારણકે આ લોક સંસ્કૃતિના મૂળ પણ આ લોકમનની અંદર પડેલા છે, સંતોના ચિતમાં પડેલા છે, અને આ ભાવકોના હ્રદયમાં પડેલા છે. તો આ ભાવકો, આ સંતો અને આવા વિદગ્ધની ઉપસ્થિતિમાં અભ્યાસીઓ એમનું વિદ્યાતપ અહીં પ્રસ્તુત કરવાના છે.

નાથાલાલ ગોહિલ મકરંદભાઈ પાસેથી સ્વયં એની સામે બેસીને ભજન સંદર્ભમાં દીક્ષિત થયેલા, અનેક મિત્રો સાથે સતત ચર્ચા કરે, સતત પ્રતિબદ્ધ બનીને ભજનને જ અભ્યાસનું ક્ષેત્ર સ્ત્વીકારીને છેલ્લા દોઢ બે દાયકાથી એમાં કામ કરે છે, આપણે ત્યાં અનેક અભ્યાસીઓ છે.

અનેક વિષયમાં એનું પ્રદાન છે, પણ નાથાલાલભાઈ ભજનને પોતાનું અભ્યાસક્ષેત્ર સ્વીકારીને સંશોધનમાં અધ્યાપનમાં, અધ્યયનમાં, લેખનમાં એને એવી રીતે શામેલ કર્યું કે આજે એ વિષયના સૌથી વધુ પુસ્તકો - ગુજરાતી ભજન વિશેના કોઈના હોય તો નાથાલાલભાઈના છે.

હરીજન સંતોની ભજનવાણી એ પી.એચ.ડીનો વિષય એમણે સ્વિકાર્યો ત્યારે પણ ચર્ચા થતી કે આવો વિષય કેમ? અધ્યાપકો ચર્ચા કરે કે આમા શું? કાલે સવારે કોઈ બ્રાહ્મણ સંતોની ભજનવાણી પર કામ કરશે? બાવા સાધુ સંતો, ચારણોની ભજનવાણી પર કામ કરશે? પણ કેટલાક અધ્યાપકોએ કહેલું કે એમની પાસે વિશિષ્ટ દર્શન છે, મહાપંથીની અનેક વિધિમાં પણ એનું પ્રદાન છે અને એ સંતોનું જે યોગદાન છે એ વિશે નાથાભાઈએ સરસ કામ કર્યું, એ સ્વીકારાયું અને એક પછી એક કથાત્મક ભજનો, રૂપાત્મક ભજનો, મહાપંથના ભજનો એવા ઘણાં કામ દોઢ બે દાયકાથી કર્યા, અત્યારે ભજન સાહિત્યના અધિકૃત અભ્યાસીના પ્રારંભિક વક્તવ્યથી આ ખરા અર્થમાં પરિસંવાદની પરંપરાનો પ્રારંભ થઈ રહ્યો છે અને એના પ્રારંભિક વક્તા પણ નાથાભાઈ ગોહિલ છે, કેશોદની કોલેજના અધ્યાપક, સેવાનિવૃત્તિની લગભગ કોરે બેઠા હોય ત્યારે પણ અભ્યાસલેખો, અધ્યયનલેખોમાં સતત રત હોય એવા પ્રોફેસર, હરીજન સંતો વિશે અધિકૃત કામ કરીને, સમગ્ર સંત સાહિત્ય વિશે બહુજ મહત્વની મિમાંસા કરનાર ડો. નાથાલાલ ગોહિલને વિનંતિ કરું છું કે તેઓ ચાલીસ પિસ્તાલીસ મિનિટની સમય મર્યાદામાં ભજનના ઐતિહાસિક સંદર્ભને પ્રસ્તુત કરે.

ભજન સાહિત્યનો ઈતિહાસ – નાથાલાલ ગોહિલ

ડો. નાથાલાલ ગોહિલ નું વક્તવ્ય -



"આદરણીય પૂજ્ય મોરારીબાપુ, વિદ્વદજનો, સાથી વક્તા મિત્રો અને મારી વહાલી ગતગંગા. મારે આજે ભજનસાહિત્યના ઈતિહાસ વિશે બોલવાનું છે. ત્યારે સાહિત્યના નવ રસ અને ભજનના સિદ્ધ રસની પસલી ભરીને પ્યાલીઓનું આચમન કરાવી નહીં શકું કારણ મારે ઈતિહાસ રચવાની વાત છે, ટેકનીકલ વાત છે, શાસ્ત્રની વાત છે એટલે રસને બદલે વૈજ્ઞાનિક શાસ્ત્રીય અભિગમથી ભજનના ઈતિહાસને જો રચવો હોય તો શું કરવું જોઈએ તે અંગેના મારા મતને પ્રગટ કરીશ.

ભજન ભારતની આધ્યાત્મિક સંસ્કૃતિનો ચેતનવંતો ઉર ધબકાર છે. આ ભજન વિશે પ્રાંતેપ્રાંતમાં કામ થયું છે, ગુજરાતમાં પણ થયું છે અને એ ભજન ક્ષેત્રે જે કામ થયા છે તેના આધારે ભજનનો અર્થ, ભજનની વ્યાખ્યા, ભજનના પ્રકારો, ભજનના અર્થઘટન વિશે ઘણું બધું કહેવાઈ ચૂક્યું છે. મારા વિષયને અંતર્ગત એ અભિપ્રેત નથી. એટલે એને પણ હું અહીં છોડું છું. મારે ભજન સાહિત્યનો ઈતિહાસ લખવાની આ વાત કરવાની થાય છે ત્યારે આ વિષયની જરૂરીયાત શેમાંથી ઉભી થઈ? તો તેનું એક મહત્વનું કારણ એ છે કે આજે ભજન કોલેજ અને યુનિવર્સિટી કક્ષાએ અભ્યાસમાં સ્થાન પામેલ છે. અને જ્યારે અભ્યાસમાં તેનું સ્થાન થાય ત્યારે સૌથી પહેલી જ વાત ભજનના ઈતિહાસની વાત આવે છે. ભજનક્ષેત્રે જે અભ્યાસ કરી રહ્યા છે એ વિદ્વાન મિત્રો ઘણા સમયથી વિચારતા હતા કે ભજનનો ઈતિહાસ રચીએ પરંતુ બન્યું એવું કે એનું માળખું રચી શકાયું નહીં. એમ પણ બને કે ભજનના ઇતિહાસને પ્રગટ થવું હતું પણ કોઈ સંતના આશિર્વાદની ઝંખનામાં એ વિષય રાહ જોતો હતો. પૂજ્ય બાપુ સંતક્ષેત્રનો જ્યારે એવોર્ડ આપે છે તે નિમિત્તે એક વ્યાખ્યાનમાળા યોજવી અને એ વ્યાખ્યાનમાળાનો આ પ્રથમ મણકો, અને પ્રથમ મણકાના પ્રથમ વક્તા તરીકે જ્યારે મને આ તક મળી છે એને હું સંતના આશિર્વાદ માનું છું, સંતનો આદેશ માનું છું, અને પરમપૂજ્ય બાપુને હું પ્રથમ વંદન કરું છું અને સાથેસાથે એક મારી શ્રદ્ધા પણ પ્રગટ કરું છું. આ ક્ષણ, આ પળ ઈતિહાસ રચાવાની પળ છે અને પૂજ્ય

બાપુના સહયોગથી ઈતિહાસ રચાશે એમાં મને અને આપણે સૌને શંકા નથી. બીજા વંદન કરું છું ભજન ક્ષેત્રે જે લોકો કામ કરી ગયા છે તેમને. અને એ શરૂઆત જો કરું તો રણજીતરામ વાવાભાઈ, સ્વામી આનંદ, ઝવેરચંદ મેઘાણી, મકરંદ દવે, જયમલ્લ પરમાર, હરીવલ્લભ ભાયાણી, નિરંજન રાજ્યગુરુ, રાજેન્દ્રસિંહ રાયજાદા, દલપત પઢિયાર, નરોતમ પલાણ, હિમાંશુ ભટ્ટ, બળવંત જાની, હસુ યાજ્ઞિક, ભગવાનદાસ પટેલ, મનોજ રાવલ, ભાણદેવ વગેરે. અન્ય નામોનો ઉલ્લેખ મારા ચિતમાં છે, પણ ભજનની પરંપરા તો એ છે કે નામને ગાળી નાખવું. તેથી ભજનમાં રસ લેનાર તરીકે એમની સાથે મારું નામ રદ જ કરું છું.

ભજન કંઠસ્થ પરંપરાએ ઝીલાયું ને વહેતું રહ્યું છે. મુદ્રિત પરંપરાતો પાછળથી આવી, પણ જ્યારે કંઠસ્થ પરંપરાએ ભજન વહેતું રહ્યું ત્યારે એમાં મૂળ પાઠ ઘણા બદલાયા છે, તો તેમાં મૂળ પાઠ કયો એ શોધવનું કામ હજી અભ્યાસીઓએ કરવાનું છે. બીજી મહત્વની વાત એ બની છે કે ભજન એક જ હોય અને બે થી ત્રણ સંતોના નામાચરણથી એ ગવાય છે તો એમાંથી નિશ્ચિત જ એક સંત હોવાના એ પણ નિશ્ચિત કરવું પડે, અને આ નક્કી કરવાની એક પધ્ધતિ પણ છે, કોઈ પણ ભજન લઈએ તો એ ભજનને વાંચ્યા પછી થી એના અનુભવમાંથી પસાર થયા પછીથી ભજનના માર્ગમાં એ કયા સ્થાન સુધી પહોંચ્યા ફતા એ નક્કી થઈ શકે છે. બીજી વાત, એમણે જે બીજા ભજનો લખ્યા છે એની સાથેનો તાલમેલ, એમની ગુરુ પરંપરા કઈ છે, એમની પંથપરંપરા કઈ છે, આ થોડાક એંગલોથી કામ કરે તો તરત નિશ્ચિત આપણે તેના સર્જકને શોધી શકીએ. બીજુ એક પાસું એમ પણ છે કે કેટલીક વ્યક્તિઓએ ભજન રચ્યા પણ જે નામાંકિત ભજનિક હ્તા એમના નામ પર પોતાની રચના ચડાવી દીધી છે અને આપણે તેને જ ઓળખીએ છીએ. તો એ પણ ઝીણવટથી જો તપાસ કરીએ તો તપાસીને શોધી શકાય, એની પણ પધ્ધતિ છે. આ બધા ભજન વિશેના પ્રશ્નો છે જ, ત્યારે હસ્તપ્રતના આધારે કે એની મુદ્રિત પરંપરાને આધારે કે કંઠસ્થ પરંપરાને આધારે કે ભજનના બાહ્ય પુરાવાઓને આધારે ભજનને માપવા જઈએ તો ભૂલા પડીશું. કારણકે ભજનને માપવાનો એક માર્ગ તેની આંતરીક પુરવણી છે, ભજનના પોતાના જ આંતરીક પુરાવાઓ છે. એ પુરાવાઓને ધ્યાનમાં રાખીને જો ઈતિહાસ રચીએ તો એ ઈતિહાસ રચી શકાશે. ભજનના આંતરિક પુરાવાઓને પણ સમજી શકે - અનુભવી શકે એવી સંતચેતનાઓ આપણી વચ્ચે છે. જો એ સંત ચેતનાઓનો સહયોગ આમાં મળી રહે તો ઈતિહાસ રચવો એ સહજ બનશે.

ભજનનો ઈતિહાસ જ્યારે લખવા જઈએ ત્યારે સહુથી પહેલું માધ્યમ જો પ્રાપ્ય હોય તો એ ભજનસંગ્રહો છે. ભજન સંગ્રહો પ્રકાશિત થવાનું કાર્ય ૧૮૯૦થી આરંભાયું, પણ એ જે ભજનસંગ્રહો હતા એ બધા પ્રાપ્ય થતા નથી, કેટલીક જગ્યાએ સચવાયા છે, પણ જેની પાસે સચવાયા છે એ બીજાને આપતા નથી. એની પણ મર્યાદાઓ હશે એમ પણ થયું છે. પણ

ભજનની સાથે ભજન વિષયક નોંધ કરવાનું કામ સૌપ્રથમ ઝવેરચંદ મેઘાણીએ કર્યું છે. સોરઠી સંતવાણીમાં એમના સ્થૂળ દેહ છૂટવાની પૂર્વરાત્રીએ સોરઠી સંતવાણીનું પ્રવેશક તેમણે લખ્યું તેમાં ભજન એટલે શું એની વાત કરી છે. ભક્તિ પરંપરા ક્યારથી આરંભાઈ એની એમણે વાત કરી છે, એથી વિશેષ એમણે જે ભજનિકો લીધા એમના જીવન વિશેની વાત કરી છે અને એ સમયે પ્રાપ્ય ગંગાસતીના જેટલા ભજન હતા એનું સંપાદનકામ કરીને પ્રથમ પાયાનું અને ઉપકારક કામ કર્યું છે.

હવે જે ભજનસંગ્રહ આપણી પાસે મળે છે અને અત્યારે જે પ્રાપ્ય છે એની આ મારી યાદી છે, એને હું માત્ર નામથી જ મૂકીશ કારણકે મેં એમા પ્રકાશક પણ મૂક્યા છે અને એની પ્રકાશન સાલ પણ કહી છે, પ્રાપ્તિસ્થાન પણ મૂક્યું છે. ઈ.સ. ૧૯૨૭ નું 'ભજનસારસિંધુ' - માંડળજી રામજીનું મળે છે. તો રવિભાણ સંપ્રદાયની વાણી એ મંસારામ મોતી ૧૯૩૮ માં પ્રકાશિત થયું, ભજનસાગર ઈ.સ. ૧૯૪૨ માં, સોરઠી સંતવાણી ૧૯૪૭માં, અધ્યાત્મ ભજન માળા - કાનજી ધરમશી ૧૯૫૮, દુર્લભ ભજનસંગ્રહ - ગોવિંદજી ધામેલીયા, યોગવેદાંત ભજન ભંડાર, સત કેરી વાણી, આત્મવિલાસ ભજન સાગર, સેવા ધરમના અમરધામ વગેરે, પોરબંદરથી નટવર ભજનાવલિ પ્રગટ થઈ છે જે અપ્રાપ્ય છે. આ કામ થઈ ગયું છે.

આ સિવાય એક બહું જ મોટું કામ જે થયું છે તે પી.એચ.ડી નિમિતે, ભલે હેતુ ગમે તે હોય પણ આ નિમિતે ભજનક્ષેત્રે જે કેટલાક કામ થયા છે તેમાં સંતભક્તના જીવનને કેન્દ્રમાં રાખીને જીવન, કવન, સાહિત્યસર્જન અને પ્રાપ્યભજન નું સંપાદન તરીકે મૂકી થીસીસ તૈયાર થયા છે એ કામ પણ પાછા પ્રાપ્ય થાય છે એટલે એ ક્રમબદ્ધ બહુ ઉપયોગી છે. બીજુ કામ થયું છે ભજન સ્વરૂપને કેન્દ્રમાં રાખીને એમાં અગમવાણી, આરાધ, અવળવાણી, રવેણી, પ્યાલો વગેરેને કેન્દ્રમાં લઈને એમ સ્વરૂપગત ભજનના કામો પણ થયા છે અને એ ભજન સંપાદનો અને આરાધની વ્યાખ્યાથી લઈને લક્ષણો વગેરેનું કામ થઈ ગયું છે. એ આપણી પાસે પ્રાપ્ય છે તો કેટલાક કંઠસ્થ ને ગ્રંથસ્થ જે ભજન હતા, મુરબ્બી બળવંતભાઈએ એની એક આખી યાદી તૈયાર કરીને આપણી પાસે મૂકેલી છે એ પણ ઉપયોગી છે. 'પદ ભજન સૂચી' નામનો એમનો ગ્રંથ છે તે.

એથી મોટું કામ સતની સરવાણી - નિરંજન રાજ્યગુરુએ કર્યું છે, રામસાગરના રણકારે - નાથાલાલ ગોહિલ, સંતપરંપરા વિમર્શ - રાજેન્દ્રસિંહ રાયજાદા, ચૂંટેલા ભજન - નરોતમ પલાણ, કાયા રે મૂળ વિનાનું ઝાડવું - બળવંત જાની, કંઠસ્થ પરંપરાની વાણી - હિમાંશુ ભટ્ટ, સૌરભ ભજનાવલી હસુ યાજ્ઞિક, રમતો દીઠો સાંઈ - રાજેશ સિંધવ, સંતવાણી વિમર્શ -



રમણીકલાલ મારૂ, ભજનયોગ - સુરેશ દલાલ, હાલો મારા હરીજનની હાટડીએ - હરકિશન જોશી, આપણી ભજનવાણી - તો આ ભજન આધારો સૌથી પ્રથમ પુરાવાઓ, આપણે ભજનના ઈતિહાસ રચવા માટે પાયાનું પહેલું પ્રદાન એમની પાસેથી મળી રહેશે.

ભજન સાહિત્યનો ઈતિહાસ રચવા માટે એક પધ્ધતિ એ પણ છે કે સંતના જીવન વિશેનો આધાર. કે આ સંત કયા સમયમાં, એ સમયની વાત લેતા રાજકીય વ્યવસ્થા, સામાજીક વ્યવસ્થા, ધાર્મિક વ્યવસ્થા પંથ પરંપરા, એમના જોડાણ, તે સંતનું જીવન મળે પછી તેના સર્જનના આધાર મળે એ રીતે કામ થઈ શકે. પણ ત્યાં મુશ્કેલી એ પડી છે કે દરેક સંત પોતાના જીવન વિશેની વાત કહેવા માટે રોકાયા નથી. અથવા તો પોતાની જાતની ઓળખ ને ભૂલવી તેનું નામ ભજન, આ તો ઓળખ ભૂલવાનો માર્ગ છે, એ જ્યારે ગુરુ પાસે જાય છે ત્યારે સૌથી પ્રથમ તો તેના નામને ત્યાં છોડી દેવાનું હોય અને ગુરૂ એને બીજુ નામ આપે, એ બીજુ નામ ધારણ કર્યા પછી કોઈ પણ સંતને સાધકને યોગીને એના પૂર્વકાલની પૃચ્છા થઈ શક્તી જ નથી. જ્યારે સંત જીવતા ત્યારે અમણે વાત નથી કહી, વિહાર કરતા ત્યારે પણ કહેવાયુ નથી પછી લખાયું ક્યારે - એમના જે સેવકો હતા, એમણે પંથપરંપરાના હતા એમણે સંત વિશે લખ્યું, એમણે જ્યારે લખ્યું ત્યારે એની પોતાની શ્રદ્ધા એમાં ઉમેરાઈ અને શ્રદ્ધા ઉમેરાય ત્યારે ઈતિહાસ એક ડગલું જરા ડગે છે. એથી બીજી મોટી વાત એ છે કે જ્યારે એ સંપ્રદાય વિશે લખે છે એટલે માણસ થોડોઘણો સંપ્રદાય તરફ પણ ઢળે છે ત્યારે સત્યને જ્યારે આપણે પ્રમાણવા જઈએ ત્યારે એ કેટલીક મુશ્કેલીઓ સામે આવે છે. અને ત્યારે ચમત્કારના પ્રસંગો પણ નડે છે. એટલે એ વસ્તુને ધ્યાનમાં રાખીને પણ ઈતિહાસ રચાવો જોઈએ.

આપણે ત્યાં મધ્યકાલીન સાહિત્યનો ઈતિહાસ છે, એમાં નરસિંહ વિશે મીરા વિશે અખા વિશે શામળ વિશે એ બધા વિશે તો કામ થયું છે, અને એક નહીં, અનેક વિદ્વાનોએ એનું કામ કર્યું છે અને પ્રાપ્ય થયું છે. પણ જે ભજનપરંપરા સાથે જોડાયેલા છે અને જે લોક કંઠે સામાન્ય લોક સમુદાયમાં વહેતા હતા એમના વિશે બહુજ ઓછું કામ થયું છે અને છતાં જે કેટલુંક થયું છે એ નોંધપાત્ર થયું છે, તો એવા કામને જો આપણે યાદ કરવું હોય તો ગંગાસતીનું અધ્યાત્મદર્શન - ભાણદેવ, મોરલો મરતલોકમાં આવ્યો = દાસી જીવણ વિશે - નાથાલાલ ગોહિલ, દાસી જીવણ વિશે અપ્રગટ સંશોધન મહાનિબંધ - ડો. નિરંજન રાજ્યગુરૂ, સંતકવિયત્રી લોયણ - રમેશ સાગઠીયા, સંત કવિ મેકરણદાદા - વિઠ્ઠલભાઈ ઠુંબર, સંદેશો સતલોકનો = ભીમસાહેબ - દલપત ચાવડા, રવિએ રમતા દીઠો - મોરારસાહેબની વાણી અને સતી લોયણની વાણી - ત્રણ મારાં કામો છે, ખીંબડીયો કોટવાળ એ એમના વિશે સુનિલ જાદવે કર્યું છે. તો જે આ વ્યક્તિગત અને પી.એચ.ડી નિમિતે અને સંશોધન નિમિતે કામ થયું છે એને આપણે આધારસ્તંભ તરીકે અહીં લઈ શકીએ.

ત્રીજી દિશા છે જ્ઞાતિગત, જ્ઞાતિગત સંતોનું કામ થયું છે, પછી પંથગત કેટલાક સંતોનું કામ થયું છે, કેટલાક પ્રદેશગત. જ્ઞાતિ, પંથ, પ્રદેશ વગેરેને લઈને કામ થયું છે એને પણ આમાં યાદ કરીએ તો સૌરાષ્ટ્રના હરીજન ભક્તકવિઓ - લોહાણા જ્ઞાતિના સંતકવિઓ, રવિભાણ સંપ્રદાયના સંતકવિઓ, કબીરપંથના સંતો, કચ્છના સંતકવિઓ, બારાંકી સંપ્રદાયના સંતો વગેરે. તો કેટલુંક ભજનકાર્ય ભજન સાહિત્યના સેમીનાર નિમિતે થયું છે. એવા ત્રણ મહત્વના કામ હું યાદ કરાવું તો રામદેવપીર અને જોધપાટ ઉપાસના ઉપર પ્રેરણાધામમાં કામ થયું અને એનું ગ્રંથ 'પાટે પ્રગટ્યા અલખધણી' પ્રગટ થયું છે, બીજું ગુજરાતમાં નાથપંથી સાધનાનો સિદ્ધાંત - એનો પણ સેમીનાર થયો અને એનું પણ પુસ્તક પ્રગટ થયું છે અને ત્રીજું મહત્વનું અસ્મિતાપર્વ - ૯ માં સંતસાહિત્યલેખે જે પત્રો સંશોધનપત્રો આવ્યા એ, એનો પણ ગ્રંથ મળ્યો છે તો સેમિનાર નિમિતે જે કેટલુંક કામ થયું છે અને જે આ પણને મળે છે તે. પંથગત જે કામ થયા છે તેમાં બીજમાર્ગી પાટ ઉપાસના - નિરંજન રાજ્યગુરુ, મહાધર્મ વિશે - સત્યા પઢીયાર, તંત્રસાધના મહાપંથ અને અન્ય લેખો - રાજેન્દ્રસિંહ રાયજાદા અને આ રીતે સૌરાષ્ટ્રના ત્રણસો છપ્પન સંતો વિશેની ટુંકી પ્રમાણભૂત માહિતિ નિરંજન રાજ્યગુરુએ પ્રગટ કરી છે. આ બધાને આધારે ઈતિહાસ રચવામાં એક મહત્વનું કામ થઈ શકશે.

ભજનને એક સ્વતંત્ર સાહિત્ય સ્વરૂપ તરીકે પ્રસ્થાપિત કરી શિક્ષક અને વિદ્વાનો સુધી મૂકવાનું કામ જો કોઈએ પ્રથમ કર્યું હોય તો એ આદરણીય મકરંદ દવેએ 'સત કેરી વાણી' માં ૧૯૭૦ માં કર્યું છે. એમણે ત્રણ માર્ગની વાત કરી છે, મહામાર્ગ, નાથયોગ અને સંતપરંપરા. સંતપરંપરાના પણ એમણે બે ભાગ કર્યા છે, નિર્ગુણ પરંપરા અને સગુણ પરંપરા. આ ભજનપાટની માંડણી મકરંદભાઈએ કરી આપી છે. ત્યારથી ઈતિહાસનો પાટ મંડાયો. બીજું કામ ડો. નિરંજન રાજ્યગુરુએ ભજનમિમાંસામાં કર્યું છે, એ ૧૯૯૦ નું કામ છે. એમાં એમણે ભજનની ઓળખ, ભજનના લક્ષણો અને તેનું વર્ગીકરણ કરી આપ્યું છે. ત્રીજો ગ્રંથ, ભજન રૂપ દર્શન - ડો. નાથાલાલ ગોહિલ, અહીં ભજન અર્થ, ભજન વ્યાખ્યા, ભજનના બ્રાહ્ય લક્ષણો, ભજનના આંતરીક લક્ષણો, ભજનપદાવલીના લક્ષણો, ભજનના ભાવગત પ્રકારો, સ્વરૂપગત પ્રકારો, ગાયકીગત પ્રકારો એ બધાનું કામ થયું છે. તો આ બધું સૈદ્ધાંતિક રીતે ભજનનો ઈતિહાસ રચવામાં આપણને ઉપયોગી થાય એમ છે. આ ત્રણ ગ્રંથોને આધાર લઈએ ત્યારે ભજનના ક્ષેત્રમાં જે સંશોધનાત્મક કામ થયા છે, એ ગ્રંથોમાં અતીતની પાંખે - મોહનપુરી ગોસ્વામી, આત્મચેતનાનું મહીયર - હિમાંશુ ભટ્ટ, સંતપરંપરાવિમર્શ - રાજેન્દ્રસિંહ રાયજાદા, સંતવાણીનું તત્વ અને સૌંદર્ય - નાથીયો, મનીયો અને નીરીયો -મકરંદ દવે, સંતવાણી તત્વ અને તંત્ર - બળવંત જાની, સંતસાહિત્ય સંશોધન અને સમીક્ષા - નાથાલાલ ગોહિલ, ગુજરાતના સંતકવિઓ અને બાઊલ - જયંતિલાલ આચાર્ય, મધ્યયુગની સાધનાધારા - ક્ષિતિમોહન સેન, મીરાનું

અધ્યાત્મદર્શન - ભાણદેવ, સતસાહેબની સરવાણી - નાથાલાલ ગોહિલ, સરવંગા - નરોતમ પલાણ, આ યાદીને આપણે વધારી શકીએ.




હવે પ્રશ્ન જાગે કે ભજનપ્રકાર ઉદભવવાનું કારણ શું હતું? આપણી પાસે આધ્યાત્મિક પરંપરાના વેદના સૂક્તકો અને રૂચાઓ હતી, બૌદ્ધ ધર્મમાં સંઘચર્યાગાનો હતાં, જૈન ધર્મના સજ્જાઈ સ્તવન અને હરેક પ્રસંગે ગવાતા ધવલ હતાં, ખ્રિસ્તિ ધર્મની પ્રેયર હતી, ઈસ્લામની બંદગી અને કુરાનેશરીફની આયાતો હતી. મહંમદ સાહેબનો મહિમા અને પીરપરંપરાનો મહિમા ગવાતો હતો પછી આ ભજનવાણી શા માટે? કેટલાક લોકો ભજનને ભક્તિઆંદોલનનું પરિણામ ગણે છે, નરોતમ પલાણ જેવા સરવંગામાં ગુજરાતી ભજનના મૂળ ગોરખનાથની વાણી સુધી હોવાનું જણાવે છે, હવે ગોરખનાથનો સમય રાહુલ સાંકુતિયા જણાવે છે તેમ ઈ.સ. ૮૫૫. ભજન રૂપ દર્શનમાં મેં એક તારણ મૂક્યું છે એમાં મેં એમના પ્રથમ સિદ્ધ ઈ.સ. ૭૬૦માં દર્શાવ્યા છે અને તે સરપ્પા, તેમની સિદ્ધવાણીનો હિન્દી અનુવાદ રાહુલજીએ કર્યો છે એ મેં મૂક્યો છે અને એ જ અર્થઘટનની પંક્તિઓ ગુજરાતી ભજનમાં ક્યાં મળે છે એને મેં મૂકી છે. અને ત્યારે ભજનના મૂળમાં મને એમ જણાયું કે સિદ્ધવાણી, નાથવાણી, અને એ પછીથી હિન્દીવાણી અને તેમાં પાછી ગુજરાતીવાણીમાં કઈ રીતે આવે છે અને એમાંય ભજનના કેન્દ્રમાં જો કોઈ એક બાબત પડી હોય તો તે એ કે ભજનનું મુખ્ય દર્શન ઘટભીતર સમાયું છે. અને તેમાં જે પિંડે તે વરમંડે એ કે વરમંડે સો પિંડે એની જે પંક્તિ સિદ્ધવાણીમાં ક્યાં છે એ મેં લીધું છે. એનો હિન્દી અનુવાદ કયો છે, એ પણ મેં અહીં મૂક્યો છે અને ગુજરાતી ભજનવાણીમાં કયા કયા સંતની વાણી એ જ પ્રકારની મળે છે એ પણ મેં નોંધી છે. ત્યારે આપણી પાસે ઈતિહાસ રચવામાં એક બારી ખૂલે છે. સિદ્ધવાણી, નાથવાણી, હિન્દીવાણી અને પછી ગુજરાતીવાણીમાંની સમયની રીતે મૂલવવામાં હું પડતો નથી અને ભજનમાં તો કઈ રીતે પડ્યું છે તે જુઓ, નરસૈયા ચો સ્વામી સાચો એમાં 'ચો' હવે આ 'ચો' કે 'ચા' શબ્દ છે એ મરાઠી છે એટલે મરાઠી સાથે અનુબંધ છે, મીરા મારવાડના અને રાજસ્થાનના, તો એના જે પદો મળે છે એમાંય એમના શબ્દો આવે છે, તો ઈસ્લામના સૂફીઓ, બંગાળના બાઉલની મસ્તી એ ભજનમાં મળે છે અને હિન્દી ભજનની જે રંગત અથવા મજા છે એ તો આપણે પુરૂષોતમ જલોટા, જ્યુથિકા રોય અને કુમાર ગાંધર્વના ભજન ગાનથી પરિચિત છીએ. હવે દક્ષિણમાં અપ્પૈયા અને ગાણપત્ય મતો - ભજનના આદિમ સૂત્રનું અનુસંધાન દક્ષિણમાં હોવાનું જણાય છે, ભજનના આદિમ સૂત્રો અપ્પૈયા અને ગાણપત્ય ભજન જણાય છે. આટલા પછી આપણને થાય કે ભજનસ્વરૂપ કોઈ એકની

જાગીર નથી. સમગ્ર ભારતવર્ષની, આર્યાવર્તની અને દ્રવિડિસ્તાન બન્ને સંસ્કૃતિના સાંસ્કૃતિક સમન્વયનું ઉજ્જવળ પરિણામ અને પરિમાણ છે એવું જણાય છે. નાથપંથી ગોરક્ષવાણીના નામાચરણવાળા ભજન હોય કે મહામાર્ગી માર્કંડઋષિના નામ વાળા ભજન હોય, ઈસ્લામ ખોજાના કયામુદ્દીન નામાચરણવાળા ભજન હોય અને તુકારામના અભંગો તથા તુકા તાટી ખોલ - મુક્તાબાઈ કહે કે દ્વાર ખોલો, આમ ભજન એ ઉઘાડ છે. આ એક સાંસ્કૃતિક ઉઘાડ છે. કે આધ્યાત્મિક ઉઘાડ છે. એ વિદ્વાનોની વાતચીત પર છોડું છું. આ બધા સંદર્ભોમાં ગુજરાતમાં - 'બાર બીજના ધણીને સમરું, સમરું નેકડંગ નેજા ધારી' નો મહિમા ગવાતો હોય, પરબના રક્તપીતીયાઓની સેવા કરતા સત દેવીદાસની શિષ્યા માં અમરમાં ગાતા હોય - 'જળની માછલીયું અમે પવને સંચર્યું, ખરી તો વળતી મારી નહીં ડોલે' એ મુજબ ભજનમાં ભક્તિ - જ્ઞાન - યોગ - વૈરાગ્ય - ગુરુ મહિમા - ચેતવણી - અવળવાણી - અગમભાસતી વાણી એમ અનેક પ્રકારની કથનપ્રયુક્તિઓ આલેખાયેલી છે. માત્ર એક જ પંક્તિમાં જ એની વાત કરું તો

ભક્તિ - 'ભૂતળ ભક્તિ પદારથ મોટુ',

અજ્ઞાન - 'જ્ઞાન વિના ભક્તિ નવ થાય, જ્યમ ચક્ષુ હીણો જ્યાં ત્યાં અથડાય'

ધ્યાન - 'જીવે લાખા ધ્યાન પ્રાણાયામમાં, ગુરુ ગમ રાખોજી જેની ચંચળ વૃત્તિ સ્થીર થાય'

વૈરાગ્ય - 'કઠણ પંથ આ વૈરાગ્યના રે, જ્યાં પહોંચત વીરલા સંત'

ગુરુ - 'અજવાળુ રે હવે અજવાળુ, ગુરુ આજ તમ આવ્યે અજવાળુ'

ઉપદેશ - 'પ્રાણીયા ભજી લેને કિરતાર આ તો સ્વપ્નું છે સંસાર'

અવળવાણી - 'વરસે ધરતી ભીંજે આસમાન, સવળી વાણી રા પૂરા પરમાણ મેકરણ કાપડી

આ ભજનનું બાહ્ય રૂપ. પણ ભજનનું એક આંતરીક રૂપ છે અને એમાં કેટલાક શબ્દો મહત્વના છે, નામ, વચન, શબ્દ અને મોતી. ચારેયના અર્થઘટનમાં વિદ્વાનો સામે નહીં પડું.

વચન - 'એકવીસ બ્રહ્માંડની ઉપર, વચન વિવેકી જે નર નારી પાનબાઈ, વચન થકી આ સૃષ્ટિ ઠેરાણી. આ દલદરિયામેં ડૂબકી દેણા મોતી લેણાં ગોતી એ વાત થતી હોય અને છતાંય આ બ્રહ્મના ભેદને ભજનના ભેદને અનુભૂતિમાંથી પસાર થવા માટે કોઈ ને કોઈ ગુરુ પાસે જવુ પડે છે આ સૌથી મહત્વની બાબત છે.

સદગુરુને ચરણે તો જવાનું અને ત્યાં ગયા પછીથી ગુરુ ગમ પ્યાલો પીવો પડે છે, 'રામ રસ પ્યાલા હૈ ભરપૂર, પીવો કોઈ ઘટક ઘટક ઘટક'.

પ્રેમ કટારી - એક ધરીની ચોધારેથી એ જી એ વી પ્રેમકટારી લાગી રે અંતર જો જો ઉઘાડી એવી ઝળહળ જ્યોતું જાગી રે, એ જી દસ દરવાજા નવસે નાડી એ ગાય છે સાંઈ વલી.

આટલું થયા પછી આરાધ કરવો પડે. આરાધ જગાડવો પડે, 'એવા નૂરીજન સતવાદી મારા ભાઈલા, આજ આરાધો રે એક મન કરોને આરાધ અને જ્યારે આરાધ સિદ્ધ થાય ને શું વાત કરવી?

'આનંદ હેલી ઉભરાણી, સંતો આનંદ હેલી ઉભરાણી' આમ ભજન સંત સાધના પ્રક્રિયાના શબદસૂરત યોગના ગુરુ કૃપામાં ભાવભક્તિમાં, સહજ નામસ્મરણમાં સિદ્ધ થતું અનુભવાય છે. અને માની લો આમાંથી એકેયમાંથી પસાર ન થયા હોય તો ભજનનો એ ક બીજોય મારગ છે, તે સેવાનો મારગ છે. આપા વિહામણ, આપા દાના, આપા ગીગા, સત દેવીદાસ, માં અમરમાં, અને જલારામ એમાં ભજન જીવાયું છે. આવા વિવિધ હેતુઓ વાળા ભજનને આ સંદર્ભમાં પણ જોઈએ અને તો જ ઈતિહાસ રચાય. કેટલાક લોકો એમ માને છે કે ભારતમાં ઈતિહાસ લખવાની દ્રષ્ટિ જ નથી, તે અભિગમથી કાંઈ વાતચિત થતી નથી, હકીતકતમાં આપણો ઈતિહાસ મૂલક વિભાવના જુદી હતી. આપણે ત્યાં રાજા રજવાડાની વંશાવલીઓ, ચારણ, બારોટ ના ચોપડે નોંધાયેલી છે જ, તેમાં દાનવીરના દાનના ઉલ્લેખો જળવાયેલા છે જ, એ પ્રમાણે ભજન કરનારા પાસેથી ભજનિકો વિશેના અનેક ઉલ્લેખો જળવાયા છે, અને એ પણ આપણી પાસે મળે છે, એમાં નાભાજીની ભક્તમાળ આપણી પાસે છે. એના આધારે ભોજા ભગતની ભક્તમાળા આપણી પાસે છે, રૂપાવેલ અને નરવેલ એ પણ આપણી પાસે છે. પણ આ સંતભક્ત કવિઓએ જે ધાર્યું હોત તો શેઠીયાઓની રજવાડાઓની વાત કરી શક્યા હોત, પણ એમને એ અભિપ્રેત નહોતું એ તો માત્ર ભજન ભજન અને ભજન એટલે જ એમણે ભજનની વાત કરી છે. આપણા જીવનમાં ધર્મ ને ભક્તિનું કેટલું મહત્વ હશે એ ફક્ત એક જ દ્રષ્ટાંતથી મારી વાત કહીશ - વાલ્મિકીજી મહારાજે મૂળ રામાયણ લખ્યું, તેના સંદર્ભમાં મધ્યકાળમાં તુલસીજી મહારાજે રામચરિત માનસની રચના કરી, તેનો એક જ પાઠ, એમાંનો એક જ પાઠ આપણા ઘરોમાં અનિષ્ટના નિવારણ માટે સુંદરકાંડ રૂપે થઈ રહ્યો છે. આ ગ્રંથની કથા કહેનારો એક વર્ગ છે. અને જે કથા કહેનાર છે એનું તમારા અને મારા ચિતમાં શું સ્થાન છે એ તો તમે જુઓ જ છો. આમ ધર્મ જે આધાત્મિકતા આપણા ધર્મકેન્દ્રિત ચિંતનનું, ભક્તિનું જો કોઈ સારતત્વ હોય, અર્ક હોય તો એ ભજન છે. આવા ભજનનો ઈતિહાસ ન નોંધાય એ કેમ ચાલે? આ ભજન ભારતીય જનજીવનમાં વહેતા લખીના હેમોગ્લોબિન સમાન છે. ફરીને હું મારી મૂળ વાત પર આવું તો ભજન સાહિત્યનો ઈતિહાસ જ્યારે રચવાની વાત આવે ત્યારે સર્વંગામાં નરોતમ પલાણ એની શરૂઆત પંદરમી સદીથી અને સ્વામી રામાનંદના હનુમાન આરતીથી 'આરતી કીજે હનુમાન લલાકી' એ પ્રથમ ભજન હોવાનું નિર્દેશ છે. એ પૂર્વે એમણે ગોરખનાથના ભજનને લીધું છે પણ હવે આ જે ભજનો આવે એ વખતે રાવણહથ્થાની અંદર આ ભજન તો વહેતું થઈ ગયેલ અને ત્યારે રાવણહથ્થાવાળા એ નાથ જોગીઓ, 'રમતા જોગી આયા નગરમાં, રમતા જોગી આયા હો જી, તખત લગાયા સરવર તીરે, ઉપર તરુવર છાયા જી. કચ્ચી માટી કા કુંભ બનાયા, વા મેં

અમિરસ લાયા.....' છોડું છું. ક્યાંકથી ભજન પ્રથમ ગણવું એ મારો અત્યારે વિષય નથી. આ ભજનભેદ ઉકેલવા માટે ભજનમાં પડેલી સંતસાધનાતો એક વર્ગ એવો પણ છે કે સંત કબીરથી આરંભ કરીએ તો સંત કબીરની પરંપરા ગુજરાતમાંય આવી, કબીરસાહેબ પણ આવેલા અને એ પરંપરા રવિભાણમાં પણ વિસ્તરી અને રવિભાણના સંમર્થ શિષ્યો એમણે પણ આ કામ કર્યું એટલે એ બધાના ઉદાહરણ મેં અહીં મૂક્યા છે અને એમાંથી પણ હું બહાર નીકળું.

ભજનનો એક બીજો પ્રવાહ છે એ બંગાળમાં વહેતો થયો. મહારાષ્ટ્રમાં વહેતો થયો, રાજસ્થાન, અને મારવાડમાંથી ખીમડીયો કોટવાળ, ગઢ ઢેલડી મોરબીમાં આવીને વસ્યો, એ મહાપંથી જ્યોત પાટનો કોટવાળ હતો અને તેણે મહાપંથી ભક્તિરૂપી આંબો રોપ્યાની વાત કરી છે.

'કિયા રે પૂરષે વાવ્યા આંબલીયાના બીજ, ને કિયારે પુરુષે આંબો વેડીયો રે જી.

રાવત રણસિંહ આંબલિયાના બીજ લાવ્યા, ખીમડીયા કોટવાળે આંબો રોપ્યો, ને આંબાની કેરી વેડવામાં આવી, પ્રથમ કેરી આબુગઢ ને ગિરનાર ગઈ, બીજી કેરી સિંહલદ્વિપ, ત્રીજી ધણીને દ્વાર, ને ચોથી ગત ગંગામાં વહાવી રે. આ વ્યક્તિગત વાત છે જ નહીં, સમષ્ટિની વાત છે. ભજન સ્વરૂપની ઉત્કૃષ્ટ શક્યતાઓ કઈ કઈ પડી છે એ આમાંથી જોઈ શકીએ છીએ, આજની કવિતા જેવું નથી કે જે માત્ર લેખક અને વિવેચક જ સમજે. આ તો આમ જનતા પણ સમજે. ભજન સ્વરૂપ ક્લાસમા અને માસમાં બંને જગ્યાએ લોકહ્રદયમાં રહ્યું છે તેથી દરેક સંપ્રદાયના આજના અનુયાયીઓ, ફિરકાધારીઓ પોતાનાપંથથી ભજનની શરૂઆત થઈ તેમ દાવો કરવા લલચાય તે સ્વભાવિક છે, હકીકતમાં અત્યારે આપણે કોઈનો નકાર કરી શક્તા નથી એમ સ્વીકાર કરવાની ઉતાવળ પણ નથી. આપણે તો ઐતિહાસીક તથ્યોના આધારે સત્યની નજીક જવાનો માત્ર પ્રયાસ કરવાનો છે.

ભજનનો ઈતિહાસ રચવા માટે મિત્ર, સંશોધન સામયિકના તંત્રી એવા હસમુખ વ્યાસે આપ્યો. એમણે વાત વાતમાં કહ્યું કે ભજનનો ઈતિહાસ જો લખવો હોય તો તમે પ્રથમ દરેક સંપ્રદાયનો ઈતિહાસ લખો, તે પછીથી તેના સ્વરૂપગત ભજનો વિશે લખો, અને એ નિશ્ચિત કર્યા પછીથી તમે ભજનનો ઈતિહાસ લખવાની શરૂઆત કરો. પૂર્વે મકરંદભાઈએ 'સત કેરી વાણી' માં મહામાર્ગની વાત કરી, નાથમાર્ગની વાત કરી, સંતપરંપરાની વાત કરી અને એ રીતે એ પરંપરાને આદ્ય શિવશક્તિ સુધી એ લઈ ગયા. એ પછીથી એ ભક્તિ દ્રાવિડમાંથી ઉપજી અને મધ્યકાલમાં પ્રસાર પામી એ આપણે જાણીએ છીએ, એક બાબત એ પણ છે કે ભજન એ સાંપ્રદાયિક પ્રવૃત્તિ જ નથી. આ ભજન એકલાનો મામલો છે, મહાત્મા લોહલંગે કાંઇ લખ્યું નથી, અને એના શિષ્ય મૂળદાસે રાજભાષામાં, લોકભાષામાં અને સાંધ્યભાષામાં - ત્રણેયમાં કામ કર્યું છે. કોઈ પણ પંથ લો - દરેક પંથની સાથે બીજો પંથ એટલો ઘનિષ્ઠ રીતે જોડાઈ ગયો છે કે

એના કુળ ને મૂળ નોખા કરવા જઈએ તો મૂળ પરંપરા નાશ પામે એમ છે, અને ભજન એ છેદવાનું કામ નહીં, એટલે મકરંદભાઈ કહેતા કે 'પતંગીયાને ટાંચણીએ ખોડીને ચોપડીના પાને ન રખાય, એ તો ઉડતું ભલું.'

ચોથો એક મત - હિમાંશુભાઈ અને બળવંતભાઈ જેવા અભ્યાસીઓએ ભજનને ઉપનિષદની અસર નીચે, એ પરંપરામાંથી આવ્યા હોવાનું જણાવે છે. ત્યાં આ સંતો કાંઈક જુદુ કહે છે, સંતો કહે છે -

વેદ કિતાબ કો ગમ હાની, ભજન ભેદ હે ન્યારા,

તો ઝવેરચંદ મેઘાણીએ એમ કહ્યું કે ભજન લોકવાણીનો અંતિમ પરિપાક છે, અને એ સંતસાહિત્યનું ફોરમતુ ફૂલ છે, આ સંત પરંપરા ઈસ્લામના આક્રમણ સામે ઢાલ હતી અને તેમાં સમન્વયનો હેતુ હતો એવું પણ આડકતરી રીતે જણાય. તો ભારતમા ઈસ્લામનું આક્રમણ સાતમી સદીમા, ઈસ્લામી શાસન ૧૨૦૫માં આવ્યું અને ગુજરાતમાં સોળમી સદીમાં આવ્યું તો શું સાતમી, બારમી અને સોળમી એ રીતે ભજનનો ઈતિહાસ લખવો?




પાંચમો મત ભજને સાવ જુદી રીતે જોનાર એક વર્ગ છે, અને સાવ જુદા દ્રષ્ટિકોણથી જોનાર વર્ગના નાયક છે મકરંદ દવે. એમણે એમ કહ્યું છે કે એમના મતે ભજનનો કર્તા કોણ છે એ જરૂરી નથી. ક્યારે કહેવાયું છે એ પણ જરૂરી નથી, ભજનને નિસ્બત છે તેમાં પડેલી સાધના પદ્ધતિ વિશે. હવે જ્યારે તમે સાધના પદ્ધતિની વાત કરો તો એમાં જ ક્યાંક દુર્ગમ ચાવીઓ છે, તો મકરંદભાઈએ યોગમૂલક દ્રષ્ટિકોણથી એને મૂલવ્યું અને એ રીતે સાધનાની પ્રવૃત્તિ દ્વારા ભજનને અલગ તારવીને રચી શકાય એવા નિર્દેશો મળે છે. પણ જ્યારે સાધના પદ્ધતિની વાતમાં પડીએ તો અટવાઈ જઈએ. ભજનની સાધના પધ્ધતિઓ એક નથી, માની લો કે ૧૦૦૧ છે, તો કેટલાક કહેશે અમે બાવનની બારા છીએ, અમારી ૧૦૦૨મી પદ્ધતિ છે, તો આપણે ના નહીં કહી શકીએ. કારણ કે નારદ ધ્રૃવ પ્રહલાદ અને માર્કંડઋષિ આ ચારેય સાધકો, ચારેયની

પદ્ધતિ અલગ, ચારેયની રચનાઓ મળે છે. એટલે સાધનની દ્રષ્ટિએ પણ વિચાર કરવાનું થાય. સાધનાની રીતે પણ એક કામ થઈ ચૂક્યું છે, સંત કક્ષાએ પહોંચ્યા એમની વાણીને અલગ તારવવાનું કામ રાહુલ સાંકુતેયાને, રવિન્દ્રનાથ ટાગોરે, ક્ષિતિમોહન સેને, આચાર્ય બરથવાલે કર્યું છે અને શબનમ વીરમણી જેવાએ તારવી શક્યા છે અને તેમાં એના મૂળ અને કુળ શોધ્યા છે. આ પૂર્વસૂરીઓને પણ ટાંક્યા પછી જ આગળ જઈ શકાય છે.

જો કે ભજન તો રાત્રે ગવાય છે, તો એની પણ કેટલીક સંભાવનાઓ વિચારીએ. સામાન્ય અર્થમાં સંભાવના એ કે આખો દિવસ કામ કરીએ - ખેતી, મજુરી - સૌ પોતપોતાના કામ કરે, સાંજે નવરા થઈએ એટલે ત્યાં જઈએ, સંતમાર્ગમાં દરેક સંતે પોતપોતાનું કર્મ છોડ્યું નથી, કર્મ કરતા કરતા સંત સાધનાને સિદ્ધ કરી છે. કબીર વણતા વણતા, લોયણ ધમણ ધમતા ધમતા, રયદાસ પગરખા સીવતા સીવતા તો નાભો ભગત ટેભા લેતાં લેતાં, એની સાથે આખી સાધના થઈ. બીજી વાત એમ છે કે જ્યારે મુસ્લિમ આક્રમણ હતું અને વખતે ભજન ખૂણે ઘરે રાત્રીમાં થઈ શક્તું અને એ માત્ર ભજનને જ લાગુ પડ્યું એમ નથી, વૈષ્ણવોની અંદર શિખરબંધ મંદિરો પણ તૂટ્યા અને ઠાકોરજીને હવેલીમા લાવવા પડ્યા, ઘરમાંય લવાયા અને ત્યારે ભજન અને પદ અંતરંગ વર્તુળનો વિષય બની ગયું છે. રાત્રી મિલનની ત્રીજી સંભાવના છે કે આ સ્ત્રી અને પુરૂષની - જતિ અને સતીની સંયુક્ત ઉપાસના સાધના છે અને તેમાં સ્ત્રીના માટેના દ્વાર એટલા જ ખુલ્લા છે, કારણ કે ગંગાસતી એમ કહે છે કે,

'જાતિ પણું છોડીને અજાતિ થાવું,
ને કાઢવો વરણ ને વિકાર,
જાતિપાતિ નહીં હરીના દેશમાં,
એવી રીતે રહેવું નિરમાંડ રે.'

રાત્રે ભજનની ચોથી સંભાવના એ કે ભજન રાત્રીના ચાર પ્રહર પ્રમાણે ગવાય છે, પ્રથમ પ્રહર જીવમુખી વાણી, બીજો પ્રહર ગુરુમુખી, ત્રીજો પ્રહર શિવમુખી અને ચોથો પ્રહર બ્રહ્મમુખી અને એમાંય ભજનના તાલ રાગ ઢંગ ઢાળને પણ નિશ્ચિત સમય છે, આરાધ ક્યારે ગવાય, પરજ, રામગરી, પ્રભાતી, પ્યાલો આ ક્યારે ગવાય એ પણ નક્કી. આ રાત્રી પ્રવૃત્તિ હોય તો ભજનના ઈતિહાસનો આરંભ ક્યાંથી કરવો? પદ કે રામદેવપીરનું ભજન, તો એ સંતમત અલગ તારવવો, ડો રાજેન્દર્સિંહ રાજયાદાએ મત પ્રગટ કર્યો છે કે સંતસાધના એ અલગ માર્ગ છે અને એમનો દાવો એવો છે કે યોગના ષટચક્રભેદન થઈ જાય એ પછી એનું જે છઠ્ઠું ચક્ર આવે એ ભજન સંતસાધનાનું પ્રથમ ચક્ર છે. અને એ શરીરના ત્રણ ભાગ કરે છે, પિંડ, બ્રહ્માંડ અને નિર્મળ ચૈતન્ય દેશ, પિંડના છ ચક્રો, બ્રહ્માંડના છ ચક્ર અને નિર્મળ ચૈતન્યદેશના છ એમ અઢાર સ્થાનકો આપે છે, એટલે આ એક ગુપ્ત પ્રક્રિયા છે, સંત સાધના છે એ દ્રષ્ટિકોણ પણ જોવો પડે.

ભજનના અનુભવોનો અસીમ રહસ્યમય ભંડાર ભર્યો છે છતાં આ અનુભવ જેને હોય એ જ જાણી શકે. કારણ કે આ યુક્તિ નથી, જુગતીનો મારગ છે. સંતપરંપરા નિર્ગુણવાદી, સંપૂર્ણવાદથી પણ મુક્ત અને કર્મકાંડથી પણ મુક્ત છે. છઠ્ઠી બાબત નજરે લઈએ તે ભજનને જો કાવ્ય સ્વરૂપ તરીકે સ્થાપિત કરીએ તો એની સાથે સંલગ્ન પદ એ અને ધોળ પણ છે, પદ અને ધોળ વિશે આપણે ત્યાં સિદ્ધહેમમાં ઉલ્લેખ છે. પણ ભજન જેને કહીએ એ તો પછીથી આપણી પરંપરાએ આવ્યું અને એ વિસ્તર્યું છે તો ઉપરોક્ત મતોને ધ્યાનમાં લઈ ઈતિહાસ રચી શકીએ, ભજનની લાક્ષણિકતાઓ પણ ધ્યાનમાં રાખવી પડે જેમ કે ભજન રામ સાગરના રણકારે અને મંજીરાના તાલે ચાલે. હવે જો રામસાગરના રણકારે તો રામ આવ્યા - તો ભજન રામ સાથે જોડાયું છે, તો પાછો પ્રશ્ન થાય કે રામ કોણ? કબીરને પૂછીએ તો કહેશે -

મેં કુત્તા રામકા,
મોતીયા મેરા નામ,
ગલે રામકી જેવડી,
જીત ખેંચે તિત જાઉં,

તો મીરા કહે

મને રામ રમકડું જડ્યું,
રાણાજી મને રામ રમકડું જડ્યું.

તો નરસિંહ એમ કહે,

રામ સભામાં અમે રમવાને ગ્યા તા,
પસલી ભરીને રસ પીધો.

હવે પ્રશ્ન એ થાય કે નરસિંહ રામસભામાં ગયેલા, કે રાસમંડળમાં? કે મેઘવાળને ઘેર ભજન ગાવા? એની રામસભા સંતસભા તો નહીં હોય?

ભજનના મૂળમાં તો શરણાગતિ છે, આ શરણાગતિનો ભાવ એ ભક્તિમાં જાય છે અને આપણી પાસે નારદ ભક્તિસૂત્ર છે, માર્કંડપુરાણ છે એટલે નારદ અને માર્કંડના નામાચરણવાળા ભજન મળે છે. ભારતીય સંસ્કાર જગત ભજનમાં વ્યાપક રીતે આત્મસાત થયેલ સ્વરૂપ છે ભજન, તેના વિશેની આપણે જે જે વાતો કરી એના ભાવ પ્રાચીન અને મૂળ ઉંડા છે. એ બધું સ્વીકારીએ છીએ છતાંય જે ભજન તરીકે લોકોની વચ્ચે અને આપણી વચ્ચે પ્રસ્થાપિત થયું એ ભજનને ક્યાંથી મુકીશું? તો એના માટે એક નમ્ર પ્રયાસ મેં કર્યો છે. એમાં પ્રથમ સતકવયિત્રી સતી તોરલને હું મૂકું છું, સમય છે ઈ.સ. ૧૩૨૮-૧૩૯૪, એમનું ભજન છે

'હકે રે હાલો ભાવે પ્રિતે હુઈ મેળો,

સાચે દિલે કરોને ઓળખાણું મારા વીરલા.

હવે તોરલણી સમકાલીન રૂપાંદે છે - તો રૂપાંદેનો સમય ૧૩૩૮-૧૩૯૯નો છે એમનુંય ભજન -

આ પંથ કોણે રે બતાવ્યો રાહુલ માલા,

જાગો મારા જૂના જૂના જોગી રે,

રૂપાંદેની વાત કરીએ તો એ તો મેઘધારુ સાથે જોડાયેલા. તો મેઘધારૂજી એના ગુરુ અગમસિંહ પાસે લઈ જાય તો મેઘધારૂનું પણ ભજન -

મેઘધારવાને ઘેર ધણી મારા પધાર્યા,

જીસ દિન કળશ થપાયા રાહોલ મારા રે રૂપાંદે,

એમ એક મન ધણીને કરો ને આરાધ,



હવે જ્યાં મેઘધારૂમાં સ્થિર થઈએ તો અગમસિંહની વાણી પણ છે - એટલે આ બધી અવઢવ છે, તો એની સાથે આ પરંપરા સાથે રામદેવજી મહારાજ તો તેમના ચોવીસ ફરમાનમાં ઉપર્યુક્ત બધા સંતભજનિકોના નામ મૂકે છે અને એ પછી એ રામદેવજી મહારાજની ભજનરચનાઓ પણ એટલી જ પ્રિય બને છે. આ વાત જ્યારે કરવા જઈએ તો રામદેવજી પાછા નાથજોગી સાથે જોડાય છે, ચાર જુગના પાટ કરવા જઈએ તો તેના પાટના ગુરુસ્થાને બેઠેલ નાથજોગીઓ છે એમ છતાંય આપણે ચૌદમી સદીથી ભજનને મૂકીએ અને પંદરમી સદીમાંથી ફરી પાછા 'સરવંગા' પર જઈએ તો રામાનંદ સુધી જઈએ અને તે પછી તેના શિષ્ય કબીર અને કબીરના સમકાલીન પીપાભગત, આપણા પાદરનું અહીં સાવ નજીકનું પીપાવાવ, તો એમણે દોહા પ્રકારની રચનાઓ કરી છે

પીપા પાપ ન જીજીએ, તો પુણ્ય કિયા સૌ બાર
હક સે અધિક લિયા નહીં તો દિયા હજાર બાર

તો આ પણ એક પરંપરા છે, રામદેવજીની પરંપરા.

સોળમી સદીમાં તો રવિભાણ સંપ્રદાયના સંતોનો દરિયો ઘૂઘવે છે. સાથે મૂળદાસ, શિલદાસ, અમરમાં, તો નાથજોગીમાં ભૈરવનાથ, રામૈયોબાવો, વેલનાથ આ એક પરંપરા છે, તો બીજી તરફ તોરલપુરી, કાપડી બાવો, કનડપરી, ડુંગરપુરી આ બધાની વાણી છે તો લાખો અને લોયણ છે, વળી કચ્છમાં દાદા મેકરણ એ ધૂણી ધખાવીને બેઠો છે તો ભાઈ આ તો ભજન ગંગાથી ભજનનું આકાશ ઝળહળાં છે એમાં કયા તારલીયા પર આંગળી સ્થિર કરીશું? અઢારમી સદીમાં વીરો નિરાંત અને બાપુસાહેબ આવ્યા એમની રચનાઓ મળી અને ઓગણીસમી સદીમાં તો ગંગાસતી બેઠાં છે. એ જ ભજન પાછું નવા અંકુરે ફૂટ્યું, વીસમી સદીમાં એને નવા ક્લેવર ધારણ કર્યા અને આવે છે મકરંદ દવે, સુધાંશુ, કરસનદાસ માણેક, પરંપરાએ લઈ ભજનરચનાઓ આવી, જુદી જુદી મઢુલી થાપીને બેઠેલ સવારામ, ઉગારામ, રૂખી રાકદસ્સ, દાસ સતા, માધવસાહેબ... કેટલા બધાં તો આધુનિક ઢંગમાં દતથી દાતર સુધી ને કવિતા લખનારોય રાજેન્દ્ર આપણી પાસે છે એટલે તમે એમના કામ તો જુઓ, મને એમ લાગે છે કે આ ભજન રચયિતાઓ હતા, આ ભજન રચયિતાઓ હતા, અને તેમની સાથે ભજન કરનારા હતાં. આ ભજન કરનારા જે હતાં એમના આશિર્વાદ અને એમની ઈચ્છા હોય, પૂજ્ય બાપુ પર એ ઉતરે અને બાપુ એક ટીમ શોધી કાઢે તો ભજનનો ઈતિહાસ રચી શકાય, એકલાનું એ કામ નથી. પહેલા એમ કહેવાતું કે કવિતા રાજ્યાશ્રિત હતી, પણ સાવ મૂલમાં જો તપાસીએ તો કવિતા ધર્માશ્રિત જ હતી, કેટલાક કોકો આ ભયને કારણે ભજનને સાહિત્ય ન ગણવાનું કહે છે, પણ આજે ફરી કવિતા ધર્મને આશ્રયે આવી છે.

ભજન કાવ્ય સાહિત્ય જ ગણાય એ પણ જ ઓ સેવવામાં આવે તો ધર્માશ્રય જરાય ખોટો નથી. આ પ્રસંગે એક વાત યાદ આવે, ગાંધીજી દક્ષિણ આફ્રિકામાંથી ભારતમાં આવ્યા, આઝાદીની લડત શરૂ કરવી હતી, એટલે પ્રથમ તેણે આખા રાષ્ટ્રમાં ફરીને ગતિવિધિ જાણી અને તરત શાંતિનિકેતન ગયા અને રવિન્દ્રનાથજીને મળ્યા. એમણે એક વાત કરી કે મને થોડાક યુવાનો આપો મારે આઝાદીની લડત માટે એ યુવાનોની જરૂર છે. રવિન્દ્રનાથજીએ કહ્યું કે અમારી સાંજે પ્રાર્થના છે એમાં આવો અને વાત મૂકો, કોઈ યુવાનો તમારી સાથે આવે તો મને હરકત નથી. રાત્રે સભા થઈ અને ગાંધીજીએ સત્યાગ્રહની વાત કરી, અહિંસાની વાત કરી અને અન્હિંસાને માર્ગે સત્યાગ્રહના માર્વે આઝાદી મેળવવાની વાત કહી, તો ત્યાં કૃપલાણીજી હતા, એ ઉભા થઈને કહે, કે મેં આઝાદીની લડતો, સ્વાતંત્ર્ય લડતોના બધા જ ઈતિહાસ વાંચ્યા, એનું અધ્યયન કર્યું છે અને એમાં એકેય ઈતિહાસમાં સત્યાગ્રહની વાત નથી. અહિંસાની વાત નથી,

આ માર્ગે આઝાદી મળે એ મને સ્વિકાર્ય નથી એટલે મને આમાં જોડાવાની જરૂર નથી લાગતી ત્યારે ગાંધીજીએ બૌહુ સરસ વાત કરી, કૃપલાનીજી, આપે ઈતિહાસ રચાયો એ પછીથી તેને વાંચ્યો છે, મારે ઈતિહાસ રચવો છે. અને એમાં હું યુવાનોને આહવાન આપું છું કે મારી સાથે આવો. આજે ભજનના ઈતિહાસનું આહવાન પૂજ્ય બાપુ તરફથી થયું છે. અને અમે જે થોડાક કામ કરીએ છીએ એ આપની સાથે કહેશો એ માર્ગે ચાલી નીકળીશું. ભજનમાં આ બોલવાની જે તક મને આપી છે એ માટે ફરીને વંદન કરું છું.

*આ સાથે ડૉ. નાથાલાલભાઈ ગોહિલનું ભજન સાહિત્યના ઈતિહાસ વિશેનું વક્તવ્ય પૂર્ણ થયું*

આરાધ સ્વરૂપ દર્શન – નિરંજન રાજ્યગુરુ

શ્રી બળવંતભાઈ જાનીએ કહ્યું, -

શાસ્ત્રીય અને શૈક્ષણિક અભિગમથી ધબકતી વાત પણ કેટલી રસપ્રદ હોઈ શકે, જો એ વિષય રસપૂર્ણ હોય અને સામે રસિક શ્રોતાજનો હોય, તો કેવું પરિણામ આવે એનું ઉદાહરણ નાથાલાલ ગોહિલ છે. નાથાલાલભાઈની વાત ખૂબ રસપ્રદ રહેતી હતી એટલે સમયસીમાની બહાર તેઓ જતા હતાં એને જવા દેવાનું મને મન થયું અને હરીશભાઈની આજ્ઞા મેં સ્વીકારી નહીં. પણ ઘણી રસપ્રદ વાતો થતી હતી અને એ મૂકાવી જરૂરી હતી. અમે મિત્રો થોડું ઓછું બોલીને પણ આ વાતને વધાવવા તત્પર હતા.



બીજા વક્તા છે ડૉ. નિરંજન રાજ્યગુરૂ. બહુ સાચી વાત નાથાલાલ ભાઈએ કરી કે અમે થોડા મિત્રો - ગોઠીયાઓ આ કામ લઈને બેઠા છીએ. જ્યારે જ્યારે સમય મળે, જ્યાં જ્યાં સ્થાનક હોય ત્યાં ભજનની વાતને મૂકતા હોઈએ છીએ. એમાં ભેખધારી જે કેટલાક ભેરૂઓ છે એમાંના એક છે નિરંજન રાજ્યગુરૂ. અદ્યતન પધ્ધતિએ પણ તેઓ કામ કરે છે. બહુ ઓછા મિત્રોને ખ્યાલ છે કે તેમની પોતાની વેબસાઈટ છે **<u>આનંદ-આશ્રમ.કોમ</u>** / **<u>રામસાગર.ઓર્ગ</u>**, હું વચ્ચે પરદેશ હતો ત્યારે કેટલાક મિત્રો કહે કે આ ભજન કઈ રીતે ગવાય છે? મેં કહ્યું તમે આ વેબસાઈટ પર જાવ અને ત્યાં સાંભળજો અને પછી ડાઉનલોડ પણ કરી શક્શો. તો વિશ્વમાં ભજનને પહોંચતુ કરવા જેણે પણ લીધું છે એવા ભજન સાહિત્યના મરમી, એને સમર્પિત ડૉ. નિરંજન રાજ્યગુરુ ભજનના પ્રકારોમાંનો એક અત્યંત મહત્વનો પ્રકાર - આરાધના સ્તુતિ - જે આર્દ્ર સ્વરે થાય એનું શાસ્ત્ર આપણી સમક્ષ મૂકશે.

<u>ડૉ. નિરંજન રાજ્યગુરુ -</u>

શ્રી વિદ્યા દેવી નમામિ.

પરમ વંદનીય પૂજય બાપુ, પરમ આદરણીય મુરબ્બીશ્રી ભાણદેવજી, આદરણીય બળવંતભાઈ, નાથાભાઈ, પરમ આદરણીય પલાણ સાહેબ, રવિભાણ સંપ્રદાયની, ભાણસાહેબે જ્યાં જીવતા સમાધિ લીધી એવી કમિજલા ગાદીના મહંત પરમ આદરણીય પૂજ્ય શ્રી જાનકીદાસજી બાપુ અને આપ સૌ વડીલો - ભાઈઓ અને બહેનો. ગુજરાતી ભજન સાહિત્યનો ઈતિહાસ નાથાભાઈ દ્વારા આપણને મળ્યો. પૂજ્ય બાપુના મનમાં અને હરીશભાઈના મનમાં એક પરિકલ્પના છે. આ વર્ષથી પરિસંવાદના શ્રીગણેશ મંડાય છે. દર વર્ષે સંતવાણી એવોર્ડ સમયે આ જાતનો ત્રણ વક્તાઓનો એક પરિસંવાદ થાય એવી એક પરિકલ્પના છે અને એમાં ગુજરાતી સંત સાહિત્ય, સંતવાણીની સુદીર્ઘ પરંપરા, એના વિશે ત્રણ અભ્યાસી વક્તાઓ દ્વારા વક્તવ્યો અપાય, પ્રમાણભૂત અભ્યાસો થતા રહે અને એવી રીતે દર વર્ષે ગુજરાતી સંત સાહિત્ય નરસિંહથી શરૂ કરીને, પલાણ સાહેબના શબ્દોમાં કહીએ તો ઈ.સ. ૧૪૦૧થી ૧૫૦૦ નો સો વર્ષનો ગાળો. આવતા વર્ષે ગુજરાતી સંત સાહિત્યના ઈતિહાસના જે પ્રથમ વક્તા હોય એ ૧૪૦૧ થી ૧૫૦૦ સુધીના સમયગાળામાં જેટલા ભજનિક સંત થયા હોય એના વિશે પ્રમાણભૂત વાત કરે. એના પછીના વર્ષે પહેલા વક્તા ૧૫૦૧ થી ૧૬૦૦ સુધી એમ પાંચ વર્ષ સુધી સો સો વર્ષના ગાળામાં એક વક્તા ગુજરાતી સંત સાહિત્યનો ઈતિહાસ આપે, બીજા વક્તા ભજન પ્રકારો વિશે વાત કરે અને ત્રીજા વક્તા એ એક સંત કવિ વિશે વાત કરે તો હવે પછીના પાંચ કે છ વર્ષોમાં આપણને ગુજરાતી સંત સાહિત્યનો પ્રમાણભૂત, ટકોરાબંધ ઈતિહાસ મળે. એનું મૂલ્યાંકન પણ મળે. આવી જ રીતે આ પરિસંવાદનો એક બીજો હેતુ, ગુજરાતી સંત સાહિત્યને વિશ્વ સુધી પહોંચાડી શકીએ, એના પ્રમાણભૂત ઈતિહાસ દ્વારા, એ તો ખરું પણ અહીંયા જે નવી પેઢીના ભજન કલાકારો છે, ખાસ કરીને, હરીશભાઈ તમે શરૂઆત કરી એને જાહેરાત કરી કે મેં બધા જ ભજનિકોને ભજન કલકારોને વિનંતિ કરેલી કે પરિસંવાદમાં ચાર વાગ્યે ઉપસ્થિત રહે. વરસાદ છે, આપણે સૌ સમજીએ છીએ છતાં, મને અત્યંત આનંદ છે કે એક ભજનિક આપણી વચ્ચે બેઠો છે. ભજન કલાકારો મને અહીં બહુ ઓછા દેખાય છે. કલ્યાણદાસ બાપુ તો આપણી સાથે જ હોય અને તેમના મનમાં તો આ પરિસંવાદની ભાવના હતી. આ એક વસ્તુ હતી કે આ પરિસંવાદનો મુખ્ય હેતુ વર્તમાન સમયના ભજનિકો- ભજન ગાયકો કે કલાકારો અને એની સાથે સાથે સાહિત્યના ક્ષેત્રમાં પડેલા નવી પેઢીના અભ્યાસી સંશોધકો અને સમગ્ર સમાજને આપણી મૂળ પરંપારાથી અવગત કરાવવું. આ આપણો મનોભાવ હતો.

આ પરિસંવાદમાં આજે મારે ગુજરાતી સંતવાણી ધારાના મહત્વના ભજન પ્રકાર આરાધ વિશે વાત કરવી છે. સાહિત્યના કોઈ પણ સ્વરૂપનું પરિશીલન એના વિષયને કે વસ્તુને કેન્દ્રમાં રાખીને, એકની એક વસ્તુ જુદા જુદા વાતાવરણમાં - જુદે જુદે જમાને - જુદા જુદા સર્જકને હાથે કેવા અવનવા રૂપ ધારણ કરે છે એનો અભ્યાસ થઈ શકે. એટલે કે આપણા ભજન સાહિત્યમાં સર્વપ્રથમ આરાધ કયા સંત દ્વારા રચાયો? એ પછી આરાધના સ્વરૂપમાં કેવા ફેરફાર થતા રહ્યાં

એમ સર્જનના કાળાનુક્રમે એ સ્વરૂપનો જન્મ, ઘડતર, વિકાસ અને પુનરોદ્ધાર કેવી રીતે થતો ગયો એ બધાં પાસાઓને નજર સામે રાખવા જોઈએ. એવી જ રીતે ભક્તિસંગીતના ક્ષેત્રમાં પણ જે તે સ્વરૂપનું સ્થાન અને માન કયું છે એને પ્રસ્તુત કરવાનો નિશ્ચિત સમય કયો છે, એના રાગ, ઢાળ, તાલ, અને ઢંગ કયા છે એ દ્રષ્ટિકોણને પણ આપણે આરાધનું સ્વરૂપ જાણતા નજર સમક્ષ રાખીએ. અથવા કોઈ પણ સ્વરૂપની પ્રસ્તુતિ કઈ રીતે થાય છે એ રીતે પણ, એટલે સંગીતની દ્રષ્ટિએ પણ નજર સામે હોવું જોઈએ. આરાધ સ્વરૂપ દર્શન એ વિશે મારે વાત કરવી છે.

આપણે સૌ જાણીએ છીએ કે રાતે બાર વાગ્યા પછી આરાધ ગવાય છે.

નૂરિજન સતવાદી ! આજ મારા ભાઈલા આરાધો રે,

એક મન કરો ને આરાધ જીવે રામ...
પ્રેહલાદ રે રાજાની વા'લે મારે,
પોતે પત પાળી રે,
જઈને હોળીમાં હોમાણાં રે, જીવે રામ,
નહોર વધારી વા'લે, હરણકંસ માર્યો,
ઉગાર્યો ભગત પ્રહલાદ, જીવે રામ...
એવા નૂરિજન સતવાદી !
આજ મારા ભાઈલા આરાધો રે
*આ ભજન સાંભળવા અહીં ક્લિક કરો.*

આ ભજન આપણે સૌ સંભળીએ છીએ, નૂરીજન સતવાદી, આરાધ છે એમ પણ આપણને ખબર છે પણ ભજન સાહિત્યમાં ખાસ કરીને આપણા ગુજરાતી ભજન સાહિત્યમાં આરાધનું સ્વરૂપ કાલાનુક્રમે બદલાતુ રહ્યું છે. આરાધ એટલે નિર્ગુણ નિરાકારની સ્તુતિ. ભજનવાણીમાં આરાધ પ્રકારના જે ભજનો છે એ નિર્ગુણ નિરાકાર બ્રહ્મની ઉપાસના છે. સર્જનહારના સ્તોત્રો સ્તુતિ આરાધના. આરાધ માં કોઈ એક દેવની સ્તુતિ હોતી નથી. અનેક દેવી દેવતાઓ આવે, પણ એ નિર્ગુણ નિરાકાર બ્રહ્મની ઉપાસનાના એક માધ્યમ તરીકે આવે છે. કોઈ એક જ ધર્મ - પંથ - સંપ્રદાયનો આગ્રહ નથી હોતો, કોઈ એક વિચારધારા નથી હોતી, પણ સમગ્ર શરણાગતિ હોય. પરમ ચેતના સામે સાચી ભક્તિ ધરાવતી શુદ્ધ કવિતા જેને આપણે કહીએ એને આરાધ કહી શકાય. ભગવાન



સમક્ષ ભક્તની આરઝૂ. તમામ ભારતીય ભાષાઓમાં, કવિતાઓમાં દેવપૂજા, દેવકથા, દેવ રહસ્ય, શરણાગતિ, આત્મસમર્પણ, તલસાટ, દ્રઢ વિશ્વાસ, પશ્ચાતાપ, દોષની નિખાલસ કબૂલાત, દીનતા, મનની તન્મય સ્થિતિ, આરઝૂ અને પરમાત્મા સાથે સીધી વાત - આવા તત્વો આપણને જોવા મળે.

મૂળ સંસ્કૃત શબ્દ છે આરાધના, 'આ' એટલે તરફ, પાસેની ચીજ બતાવવા માટેનું વપરાતું દર્શક સર્વનામ છે. 'રાધ' એટલે પ્રસન્ન કરવું, નજીકનું, પાસેનું, તરફનું, ચોતરફનું, સર્વનું, અભ્યાસ વારંવાર કરવાપણું, આવૃત્તિ, સેવા, પૂજા, સ્મરણ, સ્મરણથી જેને પ્રસન્ન કરવામાં આવે, યશોગુણ ગવાય આવા અનેક અર્થો આપનને વિવિધ શબ્દકોષમાંથી મળે છે. જેને કોઈ નામ ન આપી શકાય એવા અજર અમર, અવિનાશી, અક્ષરાતીત, નિર્ગુણ, નિરાકાર, આદિ - મધ્યથી અંતથી રહિત, પરમ ચેતનાને એના મૂળ સૂક્ષ્મ સ્વરૂપે ઓળખવાનો આ ગૂઢ માર્ગ છે. પિંડ શોધનથી આત્માની ઓળખ થાય અને શુદ્ધ આત્માની ઓળખ થાય પછી જ આત્મા પરમ ચેતના તરફ આકર્ષાય. આરાધી ભજનોમાં પુર્વે થયેલા ભક્તો સંતો અને પરમાત્માએ જે રીતે સહાય કરેલી એનું સ્મરણ કરીને એ સંતની ભક્તિભાવનાને દ્રઢાવવામાં આવે. આરાધમાં ચાર જુગની પાટ ઉપાસના હોય, ચારેય યુગના દેવી દેવતા, કોટવાળ, જતિ, સતી, ગુરૂ, આચાર્ય એના દાન, બલિદાન, સિદ્ધ થયેલા ભક્તોની વાત, પાંચા, સાતા, નવા, બારા આ બધા સંકેતો મળતા હોય અને એની સાથોસાથ પૂર્વે થયેલા અનેક સંત ભક્તોના જીવનમાં વારંવાર કસોટી આવેલી અને ત્યારે પણ પરમાત્માએ સહાય કરેલી એ વાત આરાધના બીજમાં પડેલી છે.

પાછળથી એ સ્તુતિના ઢાળ, એ જ ઢાળમાં એ જ રાગમાં એ જ તાલમાં અન્ય વિષયની કૃતિઓ પણ રચાઈ હોય તો આપણે એને આરાધી ઢંગના ભજન કહીએ છીએ પણ એને આરાધ કહેતા નથી. આરાધી ઢંગનું ભજન, પણ એ આરાધ નથી. આપણા મધ્યકાલીન સંત સાહિત્યમાં પાંચસો વર્ષના સમયગાળામાં આશરે એકસો થી વધારે સંતભક્તો કવિઓ દ્વારા પાંચસોથી વધારે આરાધ રચનાઓ થઈ છે. અને એથી ક્યાંય વધારે આરાધી ઢંગની ભજનરચનાઓ સર્જાઈ છે, જેમાં માર્કંડ ઋષિ, ધૃવ પ્રહલાદ, સહદેવ જોશી, દેવાયત પંડિત વગેરેના નામાચરણ સાથે અને મૂળદાસજી, શીલદાસજી, રુપાંદે માલદે, જેસલ તોરલ, લાખો લોયણ, રવિસાહેબ, જીવાભગત ખત્રી, દાસ સવો, રૂખી રામદસ, વગેરેની આરાધ રચનાઓ ખૂબ જાણીતી છે. ભક્તિસંગીતના એટલે કે ભજન ગાનના રાગ, ઢાળ, તાલ, ઢંગના વૈશિષ્ટ્ય મુજબ ગેય ભક્તિરચના તરીકે એની સ્વરરચના, એનો લય, એનો તાલ, મુખ્યત્વે દિપચંદી કે દેશી માઠનો તાલ કહેવામાં આવે છે. જ્યારે એ રજૂ થાય, ખાસ કરીને આરાધ એ સમૂહગાન છે, રાત્રે બાર વાગ્યા પછી રજૂ થાય. એ સમૂહમાં ઝીલાતું હોય, અને સમૂહમાં એની સાથે હાં...હાં... ના આવર્તન થતા હોય.

આજે જ્યારે સંતવાણી અને ભજનો માત્ર મનોરંજનનું સાધન બન્યા છે ત્યારે ભજનગાનનો ચોક્કસ સમય કે એનો ધીર ગંભીર ચોક્કસ રાગ - તાલ - ઢાળ બદલાઈ ગયા છે. જે વિલંબિત સ્વરોમાં ગળતી માઝમરાતે એકતારા સાથે આરાધ ગવાતા તે લગભગ અદ્રશ્ય થયા છે. એને સ્થાને ખૂબ જ ઝડપથી, ચલતી અને ત્રિતાલમાં, આંગળી ઉપર પટ્ટી બાંધીને તબલચી એને મંજીરાવાળા જાણે ગાયકની સામે હરીફાઈમાં ઉતર્યા હોય અને બેન્જો કે ઈલેક્ટ્રીક ઓર્ગન વાળા ગાયકની સાથે હરીફાઈમાં ઉતર્યા હોય અને એ પોતાને કેટલી હિન્દી ફિલ્મોના ગીતો આવડે છે એનું પ્રદર્શન કરવા માટે જ આ સંતવાણીમાં રજુઆત કરતા હોય એમ થાય છે. નવાઈ તો ત્યાં લાગે કે ગંગાસતીનું ભજન ગવાતું હોય, 'મેરુ રે ડગે જેના મનડા ડગે નહીં' અથવા તો લાખા લોયણનું ભજન ગવાતું હોય, 'જી રે લાખા ધ્યાનમાં બેસીને તમે ધણીને આરાધો' અને પછી પેલો બેન્જાવાળો 'મેરે અંગનેમેં તુમ્હારા ક્યા કામ હૈ', એ વગાડે ત્યારે આપણને અંતરમાં ચીરા પડે સ્વાભાવિક છે. આરાધ એ સમૂહગાન છે. સમયની દ્રષ્ટિએ રાતના ૧૨ થી ૨ સુધીના સમયગાળામાં આરાધ અને આરાધી ભજનો ગવાય છે. જ્યોતની સમક્ષ પાટ ઉપાસના સાથે જે નિર્ગુણ બ્રહ્મનું આરાધન કરવામાં આવે તે પદ્ય સ્વરૂપમાં આરાધી ભજનો છે. વિલબિત દીપચંદી કે દેશી માઠના તાલમાં રામસાગર અને મંજીરાના તાલ સાથે આરાધી વાણી ગવાય. આરાધી ભજન ગાવું એટલે મીઠા અને કેળવાયેલા કંઠથી માત્ર ભજન લલકારવું એવું નહીં, ભજન કરવું એટલે જે પરમ તત્વનું કે પુરૂષોત્તમનું આરાધના કરતા હોઈએ એની સાથે એકતાર થઈ જવું.

ભજનિકના હાથમાં રહેલો એકતારો એટલે તો એના આંતરિક તારનો સાચો પ્રતિનિધિ બની જાય છે. ભજનમાં બે વસ્તુ મુખ્ય છે, શબ્દ અને સૂરતા. સૂરતા વિનાનો શબદ માત્ર કંઠની કારીગરી બની જાય છે. અને શબ્દ વિનાની સુરતા ભજનના ગુંજાર સુધી લઈ જતી નથી. શબદને સુરતા એકમેળ થઈ જાય ત્યારે જ જનમ થાય આરાધી ભજનનો. મોરાર સાહેબે એક જગ્યાએ ગાયું છે,

સદગુરૂ શબદે રે સત સાધીએ
અને આરાધીયે અંતર આતમ રામ
નામને નિશાને રે નિજ મન રાખીએ રે.
ધીરજ ધારણા એ નિજ ધામ,

જેણે કોઈ પરમ તત્વને નજરો નજર નિહાળ્યું હોય એવા અનુભવની આ વાણી છે. તો એની વાણીનો સહારો લઈ અને એ તત્વને નિહાળવાનો આપણે પ્રયાસ કરીએ તો ! મુખથી ગાતા આપણે કદીયે ન ભૂલીએ.

મારે આ વાત કોને કરવાની હતી, ભજનના કલાકારોને ને ભજનિકોને કહેવાની હતી કે મુખથી ગાતા આપણે કદી ન ભૂલીએ કે એ વૈખરીની સરહદ ઉપર, જ્યાં વેણ નથી પહોંચતા એવી પરાવાણીનું અનુસંધાન લઈને આવે છે. સદગુરૂનો શબ્દ શ્વાસે શ્વાસમાં જીવનને તાલે તાલે

ઉતારી સચ્ચાઈનું પાલન કરીએ અંતરઆત્માની આરાધના કરીએ, ચંચળ મનને નામ સ્મરણમાં સ્થિર રાખીએ અને આ સાધના કાંઈ થોડા સમયની મુદ્દત બંધીની થોડી છે? આ તો જીવનભરની - રાત દિન જાગૃતિની નોબત વગાડતી સાધના છે.

આપણને ગુજરાતી સંત સાહિત્યના ઈતિહાસ વિશે વાત કરી, સૌથી પહેલા સંપાદિત થયેલા આરાધ કેટલા મળે છે? એમાં સમયની દ્રષ્ટિએ હું વાત નથી કરતો, પણ ઝવેરચંદ મેઘાણીએ 'પુરાતનજ્યોત'માં સંત દેવીદાસનું આખું ચરિત્ર્ય આલેખ્યું છે અને એમાં રાણા ભગતનો એક આરાધ આપ્યો છે. દેવીદાસ બાપુ ગાય છે અને આમ ગાઈને અમરમાને સંભળાવે છે, અને પછી અમરમાંને કહે છે કે, 'દિકરી અમર, આ આરાધ તો રાણા ભગતનો રચેલો છે.' એટલે એના સર્જકનું નામ પણ મેઘાણીને મળ્યું છે અને એમણે આપ્યું છે. એ આરાધ શું છે?

"હે શામળાજી, નામ અનામ તમારું,
અનામ મનુખ અવતાર અમારો
લખ ચોરાશી મરતો ને ફરતો
જીવ તો જીવ ગણીને બાંય ગ્રહી બોલાવ્યો
સોંપ્યું શામળા નામ તમારું, લખાવ્યા લેખ મનેખના વેખ
સંસાર મધ્યે હતું સારું ચંદ પે ઉજળું સૂર પે નરવું
અડસઢ તીરથ ઉપરાંત કોટી જગતના જગત વયાગ્યા
તોય નામ એ નિત નવું ને નવું
પ્રાણ પે પ્રજળું, એકાદશીપે નરમળું
રજમાં સધમાં નવું નિજથી અકળ સ્વરૂપી
જોગ તે ભગતના હેતમાં મક્તા ને મક્તું."

એક આડવાત કરી દઉં. ઝવેરચંદ મેઘાનીના દીકરા અશોક મેઘાણીએ 'સંત દેવીદાસ' આખી કથાનો અંગ્રેજી અનુવાદ કર્યો, એ નંદીગ્રામ આવ્યા અને આ આરાધનું અર્થઘટન એમને કરવું હતું. એટલે મકરંદભાઈ પાસે ગયા, મકરંદભાઈને કહે, "મને આનું અંગ્રેજી કરવું છે, પહેલા આનું ગુજરાતી અર્થઘટન સમજું તો એ કરી શકું.' મકરંદભાઈની તબિયત ત્યારે અત્યંત નાદુરસ્ત હતી એટલે એમણે એમ કહ્યું કે "ઘોઘાવદર જાવ." અશોકભાઈ ઘોઘાવદર આવ્યા અને મેં મારી મતિ શક્તિ પ્રમાણે એને અર્થઘટન કરી આપ્યું આ અર્થઘટન સમજાવવું એ ત્રણ કલાક ચાલે, આ આઠ લીટીના આરાધનું અર્થઘટન નિર્ગુણ નિરાકારની ઉપાસના માટેનો એક મંત્ર છે તેનું અર્થઘટન કદાચ કોઈક મિત્રોને અંગ્રેજીમાં જો સંત દેવિદાસ અશોક મેઘાણીએ સંપાદિત કરેલ પુસ્તક મળે તો એમાં પ્રસ્તાવનામાં એમણે ઉલ્લેખ કર્યો છે અને આખો અંગ્રેજી અનુવાદ -

ભાવાનુવાદ આપ્યો છે. ગાયકીની દ્રષ્ટિએ આજે જે આરાધ રચનાઓ ગવાય છે એમાં સૌથી પ્રાચીન રચનાઓ તરીકે માર્કંડઋષિને નામે અનેક રચનાઓ આપણને મળે છે.

સતી રે ઉમૈયા દેવી શિવજીને પૂછે રે
એવા નિજ ધરમમાં એવું શું છે રે?
એ જી રે શિવજી મહા રે ભગતિના
અમને મૂલ બતાવો જી

આ તો શિવ અને સતીનો સંવાદ, ધર્મરાજાને નામે પણ અનેક પદરચનાઓ મળે છે. એના પછી સમયની દ્રષ્ટિએ આવે દેવાયત પંડિત, ઈ.સ, ૧૪૬૦ આસપાસ હયાત છે એના ઐતિહાસિક પ્રમાણ મને મળ્યા છે. દેવાયત પંડિત, એમનો દેલમી આરાધ, કોઈ પણ જગ્યાએ મહાપંથની પાટ ઉપાસના હોય ત્યારે દેલમી આવાધ અવશ્ય બોલવામાં આવે. તો એ દેલમીઆરાધમાં શું છે?



ઓમ સહસ્ત્રનામ્યા
આદેશ ગુરૂકો
આદેશ ધરતીમાતાકો
ધન ધરતી આરાધું
તો ઊંટ હાથ ધરતી માંગું
માય

અધ્યાપક વિવેચન કરે, પ્રશ્ન થાય કે ઊંટ હાથ એટલે શું? પણ ઉઠા ભણ્યા હોય એને ખબર હોય કે ઊંટ હાથ એટલે સાડા ત્રણ હાથ ધરતીની માંગણી કરી છે.

ધરતી ધરણ
ધરતી આકાશ
ધરતી માં
ધરતી બાપ
વરણ માગતા ધરતી માગું
એક પસાય ઉંટ હાથ દીયો
મેદીની બેસું અને આરાધું કાયમ રાય

શ્રી ઓહંગ પ્રેમ પાટ
ધરતી કાંઈ બોલીયે
તેંત્રીસ કરોડ દેવતા બોલીએ
ઓહમ સોહમ અજપાજાપ હોલીએ
અખંડ વેદ બોલીએ,
કાયમ દેશ બોલીએ
નૂર સુલતાન બોલીએ,
ઘોડો નકલંકી બોલીએ
સાંહીઠ ગત બોલીએ
પ્રેમના બંધણા પાંચ
પંચભૂતનના છેદન પાંચ બોલીએ
પાવડી સાત બોલીએ
કપોળીયો રેવત બોલીએ

ઘણી બધી લાંબી રચના છે.... પણ એ લાંબી રચનામાં ઘણું બધું, એમાં અનેક જાતનું ઉમેરણ પણ થયું છે. શુદ્ધ આરાધ જેને કહેવાય, હસ્તપ્રતોમાં ટૂંકો પાઠ મળતો હોય, પછીની હસ્તપ્રતોમાં એમાં અમુક લીટીઓ વધી હોય, એમ બસો લીટી સુધીના દેવાયત પંડિતના આરાધ આપણને હસ્તપ્રતોમાંથી પ્રાપ્ત થાય છે. પાંત્રીસ લીટીથી શરૂ કરી બસો લીટી સુધી આ એક જ રચના. પાટના જે પુરોહિત હોય એ બેઠા હોય અને એમણે પોતે એમના વંશજો માટે લખી રાખવું હોય, એટલે બે લીટી ઉમેરી દે, બીજા બે કડી ઉમેરે, ત્રીજા બે કડી ઉમેરે આમ થતું આવ્યું છે. પણ આ દેવાયત પંડિતને નામે જ મેં સૌથી પહેલા શરૂઆત કરી,

એવા નૂરી જન સત વાદી આજ મારા ભાઈ આરાધો રે

અને એની સાથે સહદેવ જોશીના નામે આપણને આરાધ મળતો હોય,

ખરી વરતીમાં ખેલો ભાઈ
ભલો આ ભાવનો મેળો.

એની સાથે આપણને સમયની દ્રષ્ટિએ લગોલગ આવે રૂપાદેની સાથે માલદેની સાથે જેસલ તોરલ -

જેસલ ! કરી લે ને વિચાર, માથે જમ કેરો માર,
સપના જેવો આ સંસાર, તોળી રાણી કરે છે પોકાર,
આવો ને જેસલ રાય, આપણ પ્રેમ થકી મળીએ રે,

પૂરા સાધ હોય ત્યાં જઇને ભળીએ રે...
અનુભવી આવ્યો છે અવતાર, માથે સતગુરુ ધાર,
જાવું છે ધણીને દ્વાર, બેડલી ઉતારે ભવ પાર

અને આરાધના સાહિત્ય સ્વરૂપમાં જેમણે અદ્વિતિય એવું પ્રદાન કર્યું છે એવા અમરેલીના સંત મૂળદાસજી અને એમના શિષ્ય શીલદાસજી

જી રે સંતો ભગતિ કરો રે, તમે સાચા ધરમની રે
ઈ તો મુગતી નો મારગ દેખાડે રે આમ
એ જી રે સંતો મૂળદાસ કીયે
જે નર ભીતર થી જાગ્યા જી
એ તો પરિબ્રહ્મને પૂરણ પામે રે આમ

અને એમના શિષ્ય શીલદાસજી ને અર્પણ કરેલી રચનાઓ પણ આપણને હસ્તપ્રતોમાં લખાયેલ મળે છે તો શીલદાસજીને નામે મળતી

સંતો સવળા મંડપ માં મારા ગુરુજી બિરાજે રે
તમે આવો તો મુનિવરાને મળીએ રે આમ
સંતો મન ક્રમ વચને માન મેલી ને રે
આપણે ગત રે ગંગાજીમાં ભળીએ રે

લોચણનું બહુજાણીતું

હે જી રે લાખા ! ધ્યાનમાં બેસીને તમે ધણીને આરાધો જી,
એ જી તમે મન રે પવનને બાંધો રે હાં...
હે જી રે લાખા ! નુરતે નીરખો ને સુરતે પરખો જી
તમે સુરતા શુન્યમાં સાંધો રે હાં...
હે જી રે લાખા ! ધ્યાનમાં બેસીને તમે ધણીને આરાધો
*આ આખું ભજન સાંભળવા અહીં ક્લિક કરો.*

એની સાથે મેઘ કચરાની વાણી -

આ સમે ભાઈ જાગો જી
જાગે એને જગન ફળ હોય

તો રવિભાણ સંપ્રદાયમાં મોરારસાહેબના શિષ્ય થયા જીવાભગત ખત્રી અને જીવાભગત ખત્રીએ પિસ્તાલીસથી વધારે આરાધી ઢંગની ભજનરચનાઓ અને માત્ર પાટની જ રચનાઓ આપી છે.

હે વીરા સાનુ સદગુરૂના ઘરની એવી
ઈ તો અમરાપરથી આઘી
વીરા સદગુરૂ કેરી સાનું
કો'ક વીરલા જાણે

દાસ સવો - જી રે વીરા ભેદું રે ભૂલે છે એનો ભે છે ભારી

અથવા




ગુરૂના મહામંત્રનો મોટો છે મહિમા
વખાણું બ્રહ્મના ભેદમાં રે
જેના ઋષિ મુની જપતા જાપ
એ નો'તા ચારે વેદમાં રે

આત્મસાધનાના ક્ષેત્રમાં વારંવાર સંતો એમ કહેતા કે કદાચ કાચો પારો પચાવી શકાય, હળાહળ વિષ પચાવી શકાય પણ સાધુતાને પચાવવી આકરી છે, દોહ્યલી છે. ગંગાસતી પોતાના શિષ્યા પાનબાઈને સંબોધતા, પ્રબોધતા એમ ગાતા હોય

આ અજર સે કોઈ દિ જરે નહીં પાનબાઈ
અધૂરીયા ને પ્રેમ ઢોળાઈ જાય રે
એ વીણવો રે હોય તો રસ વીણી લેજો પાનબાઈ

અને એ જ વાત ધ્રૂવ અને પ્રહલાદને નામે, સૌથી પ્રાચીન રચના હું સૌથી છેલ્લે લઊં છું

અજરા કાંઈ જરિયા નૈ જાય, એ જી વીરા મારા !
અજરા કાંઈ જરિયા ન જાય
તમે થોડે થોડે સાધ પિયો હો... જી...
તન ઘોડો મન અસવાર... હે... જી
વીરા મારા ! તન ઘોડો મન અસવાર...
તમે જરણાના જિન ધરો હો જી...
***<u>આ ભજન સાંભળવા અહીં ક્લિક કરો.</u>***

આજના વર્તમાનપત્રમાં આવ્યું છે કે આજે આ પરિસંવાદથી શ્રી ગણેશ મંડાય છે. જેના સંતવાણી વિશેના વક્તવ્યોથી શ્રીગણેશ મંડાય છે તે આ ચાર જણ જે કરશે એને પાટે સૌ ચાલવાના છે. એટલે સંત સાહિત્યનો ઈતિહાસ કેમ રચાવો જોઈએ એના વિશે સો સો વર્ષના

ગાળા પાડીને ભવિષ્યના સંશોધકો વાત કરશે અને આમ સૌથી પહેલો ભજન પ્રકાર વિશે, ક્યારે રચનાઓ થઈ, સ્વરૂપ, લાક્ષણિકતાઓ અને કઈ રીતે એમાં ફેરફાર થયા એ બધું અહીં આવશે. આરાધ વિશે હજુ વિસ્તૃત વિગતો અહીં છે પણ સમયના અભાવે લઈ શકાતું નથી. આ અજર રસ, આ અજરા કાંઈ જરીયા ન જાય અને છતાં મારી મતિ મુજબ બે ચાર છાટણા જો સૌ સુધી પહોંચાડી શક્યો હોઉં તો સંતની કૃપાદ્રષ્ટિ અને હનુમાનજીનું સાનિધ્ય.

પ્રણામ.

## શ્રી બળવંતભાઈ જાની

નિરંજનભાઈએ આરાધ પ્રકારના ભજનોની સ્વરૂપલક્ષી ચર્ચા કરી એટલું જ નહિં, પન કયા ઢાળમાં, કય ઢંગમાં અને કયા સમયે પ્રસ્તુત કરાય એ પણ સુંદર રીતે સમજાવ્યું, કેટકેટલા આરાધ ભજનવાણીને સમૃદ્ધ કરનારા છે એ પણ બતાવ્યું છે.

## ગંગાસતીનું અધ્યાત્મ દર્શન – ભાણદેવ

સંત સાહિત્યના તત્વદર્શનમાં, સાધનાધારાના સિદ્ધાંતોમાંની ગૂઢ વાણીનું, રહસ્યાત્મક વાણીનું જેણે ખૂબ મનન ચિંતન કર્યું છે, અનેક યાત્રાસ્થાનો - સંસ્કારસ્થાનોનું વિચરણ કરીને એના વિશે પ્રમાણભૂત હ્રદયનો ઉદગાર - અહેવાલ આપ્યો છે, એ વૃતાંત એટલા રસાળ છે કે વિષ્ણુપ્રસાદ ત્રિવેદી જેને રૂપાળું અને રમણીય ગદ્ય કહે છે તેનો ઉત્તમ નમૂનો છે. ઘણાં સમયથી ગંગાસતી વિશેનું તેમનું ચિંતન આપણી સમક્ષ જુદી જુદી રીતે આવે છે. હમણાં વેદ ના - ઉપનિષદના દોહનરૂપ ગ્રંથો પણ એમણે આપ્યા, એવા ભાણદેવજી મોરબીની નજીક મચ્છુડેમને કિનારે, સરસ્વતિ નિકેતનમાં કાયમી સ્થાયી થયા છે. સાધના, પૂર્વાશ્રમમાં શિક્ષકનો પ્રત્યક્ષ અનુભવ સાધનામાં ક્યાં ખેંચી જાય અને કેટલું પ્રમાણભૂત, તલસ્પર્શી અને તલાવગાહી નિજ અનુભવનું રસાયણ તેમની પાસેથી મળે એ તેમના ગ્રંથો વાંચીએ ત્યારે ખ્યાલ આવે. આપણી સમક્ષ આવા એક શ્રદ્ધેય અભ્યાસી, અનુભવપૂત અર્થઘટનને પ્રસ્તુત કરવાના છે - ગંગાસતીની વાણી નિમિત્તે. આદરણીય ભાણદેવજીને તેમનું ચિંતન મનન પ્રસ્તુત કરવા વિનંતિ કરું છું.

### ભાણદેવજી -

આ સુંદર પૃથ્વી પર અતિ પ્રાચીન કાળથી મીરાઓ પ્રગટતી રહી છે, વેદકાળમાં મીરાંઓ આવી છે, ગાર્ગી, મૈત્રેયી, વાકઅમ્ભ્રુણી, અપાલા, સૂર્યા, ઘોષા, વિશ્વવારા. આજથી સત્યાવીસસો વર્ષ પહેલા ઈ.સ. પૂવે ૭મી સદીમાં સોક્રેટીસથી પણ પહેલા ગ્રીસમાં એક મીરાં જન્મી, સૈફો. સ્પેનમાં અવિલન ના કિલ્લામાં એક મીરા જન્મી થેરેસા, દક્ષિણમાં એક મીરાં જન્મી આંડાળ, કાશ્મીરમાં

એક મીરા જન્મી લલ્લેશ્વરી, કર્ણાટકમાં એક મીરાં જન્મી અકમહાદેવી, રાજસ્થાનમાં એક મીરા જન્મી મીરાબાઈ અને સૌરાષ્ટ્રમાં એક મીરાં જન્મી ગંગાસતી, જ્યારે હું ગંગાસતીને સૌરાષ્ટ્રની મીરા કહું છુ ત્યારે કેટલાક મિત્રો મને ઠપકો આપે છે કે મીરાં સાથે કોઈની તુલના ન હોય, ત્યારે કહેવાનું મન થાય છે કે 'તો હજી ગંગાસતીને સમજવાનું બાકી છે.' મનમાં એક તુક્કો આવે છે, સંકલ્પ નથી, તુક્કો છે કે ગંગાસતીના બાવન ભજન પર બાવન ગ્રંથોની રચના કરું, એક્કેક ભજનો પર એક્કેક ગ્રંથ, એક્કેક શબ્દ પર એક્કેક પ્રકરણ થાય તો ગંગાસતી સમજાય. ગંગાસતીના બાવન ભજનો એ બાવનની બહાર જવાના એકેક સોપાન છે. ગંગાસતી કેમ સમજાતા નથી? આપણે તેને સાહિત્યિક દ્રષ્ટિથી સમજવાનો પ્રયત્ન કરીએ છીએ, ગંગાસતી સાહિત્યકાર નથી, સંત છે, તેમને સમજવા આધ્યાત્મિક દ્રષ્ટિકોણ જોઈએ. જેમ ઉપનિષદને સમજવા ઉપનિષદના ઋષિએ બતાવેલ માર્ગ પર થોડા પગલા માંડવા જોઈએ, એમ ગંગાસતીને સમજવા તેમના સૂચીત માર્ગ પર પગલા મૂકીએ તો ગંગાસતી સમજાય. ગંગાસતી જ્ઞાનમાર્ગનું અનુષ્ઠાન કરીને બ્રાહ્મ્ય સ્થિતિને પામ્યા. યોગમાર્ગનું અનુષ્ઠાન કરીને નિર્વિકલ્પ સમાધિને પામ્યા, ભક્તિમાર્ગનું અનુષ્ઠાન કરીને પ્રેમલક્ષણા ભક્તિને પામ્યા અને સંતમાર્ગનું અનુષ્ઠાન કરીને વચન વિવેકને સિદ્ધ કર્યા, આ બધાં માર્ગમાં ગંગાસતી પારંગત થયા એટલે એમની વાણીમાં અપરંપાર ગૂઢ શબ્દો છે. મધનો સ્વાદ કેવો, જેણે કદી મધ ચાખ્યું ન હોય એને મદનો સ્વાદ સમજાવી આપો, એ અશક્ય છે. મધનો સ્વાદ સાકર જેવો? ખાંડ જેવો? ગોળ જેવો? શીરા જેવો? મધનો સ્વાદ ત્યારે જ સમજાય જ્યારે મધ ચાખવામાં આવે એ સિવાય એ સમજવાનો કોઈ ઉપાય નથી, ગંગાસતીને સમજવા અધ્યાત્મ પથ પર પગરણ મૂકવા જોઈએ ત્યારે તે સમજાય. અભ્યાસે જીતવો અપાન એટલે શું? જેને અભ્યાસે અપાન જીત્યો હોય તેને ખબર પડે, એનો અર્થ ગુજરાતી વિશ્વકોષમાં કે ભગવદગોમંડળમાં ન મળે, એ અર્થ અંદરથી સમજાય. એટલે ગંગાસતી નથી સમજાતા અને ગંગાસતી સમજાશે ત્યારે ત્યારે સિદ્ધ થશે કે ગંગાસતીએ સૌરાષ્ટ્રની મીરાં નથી, સવાઈ મીરા છે. ગંગાસતીના શબ્દોમાં એમના ભજનોમાં, બાવન ભજનોમાં અપરંપાર ગૂઢ શબ્દો છે. એમાંના એકતાલીસ શબ્દો પસંદ કરી એમનું રહસ્યોદઘાટન કરવાનો આ વ્યાખ્યાનનો ઉપક્રમ છે. સમયની પાબંધી અનુસાર જેટલા શન્બ્દો થશે તેટલા આપણે લઈશું.

### શબ્દ ૧ - ગંગાસતી

ગંગાસતીમાં ગૂઢ અર્થ છે, ગંગાસતીનું મૂળનામ તો ગંગાબાઈ છે, તો સતી શબ્દ ક્યાંથી આવ્યો? ગંગાસતી શા માટે? મૂળનામ તો ગંગાબાઈ છે, તો સતી કેમ કહેવાય છે? બાવનેય ભજનોના નામાચરણમાં ગંગાસતી એવો શબ્દ છે, ગંગાબાઈ માંથી ગંગાસતી કેમ થયું? એનું પણ રહસ્ય છે, સંતવાણીના બે શબ્દો છે, જતી અને સતી. જતી એટલે આત્મા, સતી એટલે

આત્મામાં સ્થિર થયેલી સુરતા. સુરતા બે પ્રકારની છે, સંસારમાં ભટકતી હોય એ સૂરતા ગણિકા છે, જ્યારે એ સુરતા આત્મામાં સ્થિર થાય ત્યારે સતી કહેવાય છે. અને જ્યારે અને જેની સુરતા આત્મામાં સ્થિર થઈ તે પણ સતી કહેવાય છે એ અર્થમાં ગંગાબાઈ ગંગાસતી છે.

શબ્દ ૨ - મેરુ

ભજન ૧ - મેરુ રે ડગે જેના મન ન ડગે, મરને ભાંગી રે પડે ભરમાંડ.

ગંગાસતી પહેલા જ ભજનમાં કહે છે કે પાનબાઈ, મેરુ તો ડગે પણ મન ન ડગે, એ શા માટે એમ કહે છે? શ્રીમદ ભગવદગીતામાં ભારતીય અધ્યાત્મ પરંપરાનો પૂરો અધ્યાત્મપથ આપ્યો છે, પહેલું સુપાન કેવું છે? શ્રીમદ ભગવદગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને અધ્યાત્મનું પહેલું સોપાન કયું કહે છે? પાર્થ, 'બુદ્ધિયોગં દદામી તે', હું તને બુદ્ધિયોગ આપું છું, બુદ્ધિયોગ પ્રથમ સોપાન, પછી તો ઘણાં આવે, કર્મયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ સમર્પણયોગ, ગીતામાં બધું જ છે. પણ કર્મયોગ શરૂ કરતાં પહેલા બુદ્ધિયોગ આપે છે તો બુદ્ધિયોગ અધ્યાત્મપથનું પહેલું સોપાન છે. બુદ્ધિયોગ એટલે શું? પહેલા તો બુદ્ધિ એટલે શું? યોગ શાસ્ત્રમાં બુદ્ધિની વ્યાખ્યા છે, 'નિશ્ચયાત્મિકા વૃત્તિઃ બુદ્ધિઃ' - નિશ્ચય થાય, મનની જે ફેકલ્ટી નિશ્ચય કરે તેને બુદ્ધિ કહેવાય, પણ બુદ્ધિ બુદ્ધિયોગ ક્યારે બને? જ્યારે અધ્યાત્મપથ પર મારે પગરણ મૂકવા છે એવો દ્રઢ સંકલ્પ થાય તેને બુદ્ધિયોગ કહેવાય. અને દ્રઢ સંકલ્પ હોય તો જ ચાલી શકાય નહીં તો આ તો વીરોનો માર્ગ છે. અધ્યાત્મ તો વીરોનો માર્ગ છે, એ ચાલવા માટે વચ્ચે એવા માર્ગ - એવા ચઢાન આવે કે ભલભલાના છક્કાં છૂટી જાય, એટલે ગંગાસતી બુદ્ધિયોગ કહે છે - પહેલા જ ભજનમાં, મેરુ રે ડગે જેના મન ન ડગે એમ થયું છે પાનબાઈ? તો ચાલો... બુદ્ધિયોગ સ્થિર થાય એ પહેલા ભજનમાં 'મેરુ રે ડગે જના મન ના ડગે મરને ભાંગી રે પડે ભરમાંડ' એ ગંગાસતી પાનબાઈને બુદ્ધિયોગ સમજાવે છે, જે બુદ્ધિયોગ ભગવાન કૃષ્ણે અર્જુનને સમજાવ્યો હતો તે જ.

આ શબ્દનો બીજો અર્થ પણ છે, મેરુ એટલે શું? કરોડરજ્જુને યોગની ભાષામાં મેરુદંડ કહેવયા છે, અહીં મેરુ પર્વત છે એની વચ્ચેથી ઈંગલા - પિંગલા - સુષુમણા નીકળે છે, જ્યારે કુંડલીની શક્તિનું જાગરણ થાય ત્યારે મેરુદંડ હચમચી જાય, મેરુ રે ડગે - મેરુ ડગશે ત્યારે મેરુદંડ હચમચી જશે તો પણ મન ન ડગવું જોઈએ - મરને ભાંગી રે પડે ભરમાંડ - ભરમાંડ એટલે શું? આ શરીર જ બ્રહ્માંડ છે = પિંડે સો બ્રહ્માંડે - એટલે મેરુ તો ડગે પણ, મેરુ દંડ હચમચી જાય તો પણ મન ન ડગે, મરને ભાંગી રે પડે ભરમાંડ - શરીરના ભલે ટુકડા થાય પણ પાનબાઈ પાછા વળવું નહીં - આ પહેલા શબ્દનો અર્થ.

શબ્દ ૩ - સતસંગ

ભજન ૧ - ભાઈ રે નિત્ય રહેવું સતસંગમાં ને જેને આઠે પહોર આનંદ રે

આ સતસંગ એટલે શુ? ડેલીમાં બેઠા બેઠા થોડીક વાતું કરીયે - ગપ્પા મારીએ એટલે સતસંગ થઈ જાય? ના, સતસંગનો એવો અર્થ નથી, અંદર જે સત બેઠો છે એનો સંગ તે સતસંગ છે, અંદર એક આતમ તત્વ બેઠું છે એ સત છે, એમાં નિત્ય ડૂબકી મારવી પાનબાઈ, નિત્ય રહેવું સતસંગમાં એટલે રોજ એ આત્મતત્વનો, સત તત્વનો સંગ કરવો એ સતસંગનો અર્થ છે.

શબ્દ નંબર ૪ - તુરીયાનો તાર,

ભજન ૨, ભાઈ રે આઠો પહોર મનમસ્ત રે'વે જેને જાગી ગયો તુરીયાનો તાર

આ તુરીયા શું છે? યોગસૂત્રમાં માનવ ચિત્તની ચાર અવસ્થાઓનું વર્ણન છે, જાગૃત અવસ્થા, નિંદ્રાવસ્થા, સ્વપ્નાવસ્થા આ ત્રણનો તો સૌને અનુભવ છે જ. એ ત્રણથી પાર એક ચોથી અવસ્થા છે જેને તુરીયા, ચતુર્થ અવસ્થા કહેવાય છે, ચતુર્થને જ અહીં અપભ્રંશમાં તુર્ય કહ્યું છે, તુર્યનો તાર એટલે આ ત્રણેયથી બહાર નીકળીને જે અવસ્થા છે, ચતુર્થ અવસ્થા, આત્માની અવસ્થા છે તેની સાથે જો તમારો તાર જાગી જાય, તુરીયાનો તાર જાગે, તો આઠેય પહોર મનમસ્ત થઈને રહેવાય. એ તુરીયાનો તાર - ચતુર્થ અવસ્થા થકી જેનું સંધાન થયું એવી સ્થિતિ એમ સમજવું જોઈએ.

શબ્દ ૫ - પદમણી પ્રેમદા

ભજન ૩ - ભક્તિ હરીની પદમણિ પ્રેમદા, રહે છે જે હરીની પાસ.

પદમણિ પ્રેમદા એટલે શું? સંસ્કૃત સહિત્યમાં નાયિકા ભેદનું કથન આવે છે, સંસ્કૃત સાહિત્યમાં સ્ત્રીઓના ચાર પ્રકાર ગણાવ્યા છે, શંખિણી, ચિત્રણી, હસ્તિની અને પદ્મિની. સર્વશ્રેષ્ઠ સ્ત્રિ હોય, શીલવાન, રૂપવાન, ગુણવાન, જાજરમાન એવી સ્ત્રિને પદ્મિની કહેવાય છે, અહિં પદ્મિનિ ઉપરથી પદમણી શબ્દ બન્યો છે અને પ્રેમદા એટલે પ્રિયતમા, ભક્તિ હરીની પદમણી પ્રેમદા એટલે ભક્તિ પ્રભુની પદમણી પ્રેમદા છે, રહે છે જે હરીની પાસ - ભગવાનની એ પ્રિયતમા છે, ભક્તિ મહારાણી પ્રભુની પ્રિય છે, ભક્તિ પ્રિયતમા છે પણ કેવી - પદ્મિની પ્રિયતમા, ભક્તિ હરીની પદમણી પ્રેમદા રહે છે હરીને જોને પાસ રે - આવો આ પાંચમા શબ્દનો અર્થ છે.

શબ્દ ૬ - અભય ભાવ

ભજન ૩- નિંદાને સ્તુતિ જ્યારે સમતુલ્ય ભાસે, ત્યારે અભયભાવ કહેવાય રે.

અભયભાવનો અર્થ સમજવા જેવો એ, એક છે અભય, આપણે બધા જાણીએ છીએ, બીજો ભાવ છે નિર્ભયતા, એ પણ જાણીએ છીએ, અભય ભાવ જુદી વસ્તુ છે, નિર્ભયતા નહીં, અભય અને નિર્ભયતા તો સામ સામે છે, દ્વંદ્વ છે. ભય નિર્ભય બન્નેથી અભય પર છે. સિંહ વાઘથી નિર્ભય રહેવું સહેલું છે, પણ નિંદાસ્તુતિથી પર રહેવું એ ઘણું કઠિન છે, કારણકે કીર્તિ માનવીની અંતિમ કમજોરી છે. કીર્તિ માનવીની અંતિમ કમજોરી એટલે અહીં કહે છે ગંગાસતી, નિંદાને સ્તુતિ જ્યારે સમતુલ્ય ભાસે, ત્યારે અભયભાવ કહેવાય. નિર્ભયતાની વાત નથી, નિર્ભય રહેવુ સહેલું છે,

ભયભીત સહેવુ સૌથી સહેલું પણ બન્નેથી પાર એક અભયભાવ છે. ઉપનિષદમાં કહ્યું છે દ્વિતિયા તે ભયં ભવતી, જ્યાં સુધી દ્વિતિયા છે, ત્યાં સુધી ભય છે, કોઈ પણ પ્રકારનો દ્વંદ્વ છે ત્યાં સુધી ભય છે, અહીં એક જ દ્વંદ્વની વાત કરી છે પણ દ્વંદ્વ તો ઘણાં છે અને ઉપલક્ષણ કહેવાય, અનેક વસ્તુઓનું નિરુપણ કરવું હોય ત્યારે, એને બદલે એક કહેવામાં આવે અને બાકીના સમજી લેવાય એને ઉપલક્ષણ કહેવાય, તો રાગ-દ્વેષ, દુ:ખ-સુખ, મારૂં-તારુ, ઉષ્ણતા-ઠંડી આ બધા દ્વંદ્વ છે. એમાંથી એક દ્વંદ્વનું કથન અહીં કર્યુ છે. નિંદા અને સુત્તિ એટલે કે બધા દ્વંદ્વથી જે પર થાય, નિંદાને સ્તુતિ જ્યારે સમતુલ્ય ભાસે, સુખ દુ:ખ જ્યારે સમાન થાય, મારુ તારુ સમતુલ્ય ભાસે, રાગ દ્વેષ સમતુલ્ય થાય્, બધાથી પાર થઈ જવાય ત્યારે અભય ભાવ કહેવાય એમ ગંગાસતી કહે છે.

### શબ્દ ૭ - ઉભરો

ભજન ૫ - ભાઈ રે અંતર ભંગ્યા વિના ઉભરો નહીં આવે, પછી તો હરી દેખાય સાક્ષાત રે

આ ઉભરો એટલે શું? તમે કહેશો અમને ખબર છે, ચામાં ઉભરો આવે, દૂધમાં આવે - ના! આપણે નથી જાણતા, ઉભરાની આપણને ખબર નથી, એ પહેલા સ્વીકારી લઈએ. આપણે માની લઈએ છીએ કે આપણું દુખ સમજાઈ ગયું, વિદ્યાર્થી કહેતો હોય કે મમ્મી પપ્પા મને બધું આવડે, પરિણામ આવે ત્યારે ખબર પડે કે તને શું આવડે, એમ આપણે માની લઈએ કે ઉભરો શું એ અમને ખબર છે, પણ ના ખબર નથી, અંતર ભાંગ્યા વિના ઉભરો નહિં આવે, અંતર ભાંગવું એટલે શું? સાધનાનો પ્રારંભ તો અહંકારથી જ થાય છે. સાત્વિક અહંકાર હોય તો પણ એ છે તો અહંકાર, વિભિષણ હોય તો ય છે તો અસુર ને? સાધનાનો પ્રારંભ અહંકારથી જ થાય્, 'હું' સાધના કરૂં છું એવો અહંકાર. મારે સાધના કરવી એ અહંકાર, 'મારે' પરમાત્માને પામવા છે, પણ એ બોલે છે તો અહ્કાર જ. જ્યારે અહંકાર વિલિન થાય, ત્યારે સાધનાનો અંકુશ, ચાર્જ અહંકારને સ્થાને અંતરાત્મા લઈ લે છે અને ત્યારે ઉભરો આવે છે. જ્યાં સુધી અહંકાર સાધના કરે છે, ત્યાં સુધી ઉભરો આવતો નથી. અંતરાત્માને પરમાત્માને વચ્ચે એક પડદો છે, એ પડદાનું નામ છે અહંકાર. જ્યારે અહંકારનું વિલિનીકરણ થાય ત્યારે અંતરાત્મા પરમાત્માને પામવા માટે ઉછાળા મારે એને ઉભરો કહેવામાં આવે છે અને એ ઉછાળાને ઉભરો કહ્યો છે, એ ઉછાળા મીરાએ જોયા છે, ગંગાસતીએ અનુભવ્યા છે, રામકૃષ્ણ પરમહંસે જોયા છે, લલ્લેશ્વરીએ અનુભવ્યા છે. એ ઉભરો જેને સામાન્ય અર્થમાં ઉભરો કહેવાય તેની વાત નથી, અહંકારનું વિલિનીકરણ થાય ત્યારે ઉભરા આવે એમ અર્થ છે અને પછી શું થાય, પછી તો હરી દેખાય સાક્ષાત રે!

### શબ્દ ૮ - શીશ ઉતારો

ભજન ૫ - એમ તમે તમારૂં શીશ ઉતારો પાનબાઈ, તો તો રમાડું બાવનની બહાર

શીશ એટલે આ ધડ પરનું માથું કાપવું એમ નથી, એ કાપવું તો સહેલું છે, કમળપૂજાની વાત નથી, અંદર એક બકરો બેઠો છે, 'મેં' 'મેં' કરે છે, યજ્ઞમાં બકરાનું બલિદાન અપાય, બકરો એટલે શિંગડાવાળો બકરો નહીં, 'મેં' 'મેં' બોલતા બકરાની વાત છે, મીનપ્યાસીએ કહ્યું છે, એ "કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ, ચકલા બોલે ચૂં ચૂં ચૂં, છછુંદરોનું છું છું છું, એમ માનવ બોલે 'હું' 'હું' 'હું" એ અંદર બેઠેલ બકરા, અહંકારના શીશને કાપવાને ગંગાસતી કહે છે, એમ તમે શીશ ઉતારો એટલે તમે અહ્ંકારને છોડી દો, કબીરે કહ્યું છે ને, "શીશ કાટી ભૂધરે, તાપર રાખે પૈર, પોતાનું મસ્તક પોતાના હાથથી કાપી એના પર પગ મૂકવાની તૈયારી છે?, "પ્રેમ ન બાડી નિપજે, પ્રેમ ન હાથ નિકાય, રજા પ્રજા જેહી ચાહે, શીશ દેહી લઈ જાય" આ સ્થૂળ શીશની વાત નથી, અંદર જે અહંકાર બેઠો છે એના બલિદાનની વાત છે, એમ તમે તમારું શીશ ઉતારો પાનબાઈ તો તો રમાડું બાવનની બહાર એમ કહે છે.

### શબ્દ ૯, બાવનની બહાર

ભજન ૫ - એમ તમે તમારું શીશ ઉતારો પાનબાઈ, તો તો રમાડું બાવનની બહાર

સામાન્ય રીતે આપણે એમ અર્થ લઈએ કે બાવન એટલે બાવન અક્ષરની બહાર, એ અર્થ સાચો નથી, આપને એમ માનીએ કે બાવન એટલે બાવન અક્ષરની બહાર, તો એ પણ શું? માની લીધું કે અક્ષર બાવન છે એટલે બાવનની બહાર, પણ એટલેય શું? એનો એવો અર્થ નથી. સાંખ્યમાં તત્વોની ગણના આવે છે, સાંખ્ય શબ્દનો અર્થ જ છે 'સમ્યક આખ્યાયતે ઈતિ સાંખ્ય.' આપણા શરીરના બ્રહ્માંડના તત્વોને 'સમ્યક આખ્યાયતે' એટલે સારી રીતે જે ગણના કરે તેને સાંખ્ય કહેવાય, સાંખ્યને અનેક પરંપરા છે, ઈશ્વર કૃષ્ણની પરંપરા, કપિલ ભગવાનની પરંપરા, શ્રીમદ ભાગવતમાંય સાંખ્ય છે, ભગવદગીતામાંય સાંખ્ય છે, સામાન્ય રીતે સાંખ્યમાં ચોવીસ તત્વો છે એમ મનાય છે પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ પંચમહાભૂત, પાંચ તનમાત્રા, મન અહંકાર અને મહત આ ત્રેવીસ થયા અને ચોવીસમી મૂળ પ્રકૃતિ છે. અને પચીસમું પુરૂષ આત્મતત્વ, એટલે સાંખ્યમાં આપણે પચીસ તત્વો માનીએ છીએ પણ અતિ પ્રાચીન કાળમાં સાંખ્યની એક એવી પરંપરા મળી આવી છે જેમાં બાવન તત્વો ની ગણના છે, બાવનની બહાર એટલે પ્રકૃતિથી બહાર, પ્રાચીન પરંપરામાં સાંખ્યમાં આ બાવન તત્વો હતા, બાવનની બહાર રમાડું એટલે સાંખ્ય પ્રકૃતિના તત્વોથી પાર આત્મતત્વમાં લઈ જાઊં એવો અર્થ થાય છે.

### શબ્દ ૧૦, નવધા ભક્તિ

ભજન ૬ - નવધા ભક્તિમાં નિર્મળ રહેવું ને રાખવો વચનુંમા વિશ્વાસ

આ નવધા ભક્તિ એટલે શું? શ્રીમદ ભાગવતમાં એક શ્લોક છે જે નવધા ભક્તિમાં પ્રમાણભૂત ગણાય છે અને સર્વત્ર એનો સંદર્ભ મૂકાય છે,

શ્રવણં, કિર્તનં, વિષ્ણુસ્મરણં, પાદ સેવનં,
અર્ચનં, વંદનં, દાસ્યમ, સખ્યમ્, આત્મનિવેદનમ્

આ નવધાભક્તિ છે. રામચરિતમાનસમાં રામચંદ્રજી શબરીને નવધાભક્તિ સમજાવે છે, પ્રથમ ભક્તિ મમ સત પ્રથમ ભક્તિ સંતન કર સેવા" ત્યાં પણ નવધાભક્તિ છે, તો નવધાભક્તિ એટલે શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. ગંગાસતી કહે છે નવધાભક્તિમાં નિર્મળ રહેવું, એટલે શું? નવધાભક્તિનું અનુષ્ઠાન નિર્મળભાવે કરવું. કોઈ પણ સાધન બે રીતે થાય છે, વિશુદ્ધ ભાવે અને એને અશુદ્ધ બનાવીને. યોગમાં, સાંખ્યમાં, જ્ઞાનમાં કશી ખબર ન હોય, વેદાંતની જાણ ન હોય અને 'હું બ્રહ્મ છું' એમ બોલનર પણ હોય છે, કશી ખબર ન હોય અને હું બ્રહ્મ છું? વેદાંતમાં લખ્યું છે એ સાચું, પણ 'હું' બોલે છે કોણ? અહંકાર, અને અહંકાર બ્રહ્મ નથી, આત્મા કહી શકે કે 'હું બ્રહ્મ છું', દરેક સાધનને અશુદ્ધ બનાવી શકાય, યોગનો ઉપયોગ પણ ગલત હેતુથી થાય છે. ભક્તિનુ પણ થાય છે, સર્વત્ર એવું થયું છે, એટલે ગંગાસતી લાલબત્તી ધરે છે, પાનબાઈ, નવધા ભક્તિમાં નિર્મળ રહેવું, ભક્તિને નામે આડો અવળો પગ ન મૂકાઈ જાય એની સાવચેતી આપવા માટે કહે છે, નવધાભક્તિમાં નિર્મળ રહેવું એટલું જ નહીં, નવધાભક્તિમાં પરીશીલન દ્વારા નિર્મળ થવું એનો પણ એવો અર્થ થાય છે અને રાખવો વચનું માં વિશ્વાસ રે. ગુરુવચનમાં વિશ્વાસ રાખવાની વાત છે.

### શબ્દ ૧૧ અભ્યાસ જાગવો

ભજન ૭ - અભ્યાસ જાગ્યા પછી બહુ ભમવુ નહીં ને, ન રહેવું ભેદવાદીની પાસ રે

અભ્યાસ જાગવો એટલે શું? આપણને શબ્દની ખબર છે, અભ્યાસ અને જાગવું, પણ અભ્યાસ જાગવો એટલે? જપ કરીએ એ તો કર્તુત્વનું ક્ષેત્ર છે, પણ જપ થવા માંડે, કરવા ન પડે, થવા માંડે, પ્રાણાયામ કરવામાં આવે નાક દાબીને, પણ કેવળ કુંભકની અવસ્થા આવે, કરવો ન પડે ને કુંભક થઈ જાય એને કહેવાય અભ્યાસ જાગવો. ભગવાન શ્રી કૃષ્ણ વૃંદાવન છોડીને મથુરા ગયા તો નારદજીને વિચાર આવ્યો કે લાવ, જોઉં તો ખરો કે વૃંદાવનના વાસીઓની શી દશા છે, એક સાંજે યમુનાને કિનારે સંતાઈને બેઠાં, એક ગોપી જળ ભરવા આવી, ઘડો બાજુમાં મૂકીને ધ્યાનસમાધિમાં બેસી ગઈ, નારદજીએ આવીને પૂછ્યું, "બહેન, તમે કૃષ્ણનું ધ્યાન કરતા હતાં?" "કૃષ્ણનું ધ્યાન કરે મારી બલ્લા, કૃષ્ણને ભૂલવા માટે સમાધિમાં બેઠી હતી, અમારે કૃષ્ણને યાદ ન કરવા પડે, ભૂલવા માટે પ્રયત્ન કરવો પડે." આ અભ્યાસ જાગવાનું પ્રમાણ છે, અભ્યાસ જાગવો એટલે સાધના અંદરથી ઉછાળા મારે, સાધન કરવું ન પડે, થઈ જાય, ધ્યાનમાં પ્રવેશ કરવા બેસવું ન પડે, તેમાંથી બહાર નીકળવા પ્રયત્ન કરવો પડે ત્યારે સમજવું કે અભ્યાસ જાગ્યો છે. પણ ચાલો સમજ્યા કે અભ્યાસ જાગે, પણ જાગે કઈ રીતે? સાધના શરીરથી કરીએ છીએ અને મનથી પણ. યજ્ઞયાગ પૂજાપાઠ કરીએ એ શરીરથી સાધના, મનથી જપ ધ્યાન

કરીએ, ત્રીજું તત્વ તેમાં જ્યારે ભળે ત્યારે અભ્યાસ જાગે, એનું નામ છે પ્રાણ. જ્યારે શરીર મનની સાથે પ્રાણતત્વ જોડાય ત્યારે અભ્યાસ જાગે છે અને પછી પરમાત્મા માટે તે અંતરમાંથી ઉછાળા મારે ત્યારે અભ્યાસ જાગે.

### શબ્દ ૧૨ - દુબજા નો ડાઘ

ભજન ૯ - જગતના વૈભવને મિથ્યા કરી જાણજોને ટાળી દેજો દુબજાનો ડાઘ રે

દુબજા એટલે દ્વિધા.અધ્યાત્મ પથ પર દ્વિધા એ પિશાચિની છે, દ્વિધા જ્યાં સુધી છે, ગુરુ પરની શ્રદ્ધામાં શંકા છે, પોતાના સાધનમાં શંકા છે, શાસ્ત્રમાં શંકા છે, જ્યા સુધી આ શંકા છે ત્યાં સુધી અધ્યાત્મમાં પ્રાણ પ્રગટતો નથી, ત્યાં સુધી સાધનામાં ચૈતન્ય પ્રગટતું નથી. એટલે ગંગાસતી કહે છે, પાનબાઈ, ટાળી દેજો દુબજાનો ડાઘ, દ્વિધાને ટાળજો, મુક્તિ મેળવજો, જો દ્વિધામાંથી મુક્ત નહીં થાવ તો અધ્યાત્મમાં પ્રાણ પ્રગટશે નહીં, એકનિષ્ઠા, જાતને એમાં હોમવાની તૈયારી જાગે ત્યારે જ દુબજા જાય અને એવી નિષ્ઠા જાગે પછી જ અધ્યાત્મમાં ચૈતન્ય પ્રગટે છે.

### શબ્દ ૧૩- આસન જીતવું

ભજન ૧૦, ભાઈ રે ! ખટમાંસ એકાંતમાં આસન જીતવું ત્યારે અડધો યોગ કહેવાય.

આસન જીતવું એટલે શું? બ્રહ્મસૂત્રમાં કહ્યું છે, આસનસ્ય સંભવાત, બેસીને સાધના કરવી જોઈએ, કેમ કે તો જ શક્ય છે, આસન જીતવાના બે અર્થ છે, એક અર્થ છે એક સ્થાને દીર્ઘકાળ સુધી સ્થિરતા પૂર્વક રહેવું, અઠવાડીયું થાય અને પગ ઉપડે તો આસન સિદ્ધ થયું નથી, બીજો અર્થ છે, કલાકો સુધી સ્થિરતાપૂર્વક એક આસને બેસી રહેવું, પગ લાંબા ટૂંકા કરઆ પડે, પાછળ ઓશીકું જોઈએ, આધાર જોઈએ તો આસન સિદ્ધ થયું નથી. સ્થિરતાપૂર્વક દીર્ઘકાળસુધી બેસી રહેવાની શક્તિ એ આસનસિદ્ધિ છે અને દીર્ઘકાળ સુધી એક સ્થાને રહેવાની સ્થિરતા પણ આસનસિદ્ધિ છે અને આવું આસન સિદ્ધ ત્યાય તો અડધો યોગ કહેવાય. વર્ષો સુધી એમાંતમાં એક જગ્યાએ સ્થિરતાપૂર્વક રહેવા માટે ઘણી નિષ્ઠા જોઈએ છે.

### શબ્દ ૧૪ - ગોવિંદ

ભજન ૧૩ - સ્વહસ્તે આવીને ગોવિંદ લખી ગયા, પ્રત્યક્ષ હસ્તપ્રત માંય રે

આ એક નાનકડો ઈતિહાસ છે, બંગાળમાં કેન્દુલિ નામનું એક સ્થાન ગંગાકિનારે છે, ગંગાને બિલકુલ કીનારે છે, ત્યાં એક કવિ રહે જયદેવ. એમને ભગવાન શ્રીકૃષ્ણને રાધાજીની લીલા વિશે એક ગ્રંથ લખ્યો છે, ગીતગોવિંદ. જેમ ભાગવતમાં શારદીય રાસોત્સવનું વર્ણન છે તેમ ગીતગોવિંદમાં વસંતરાસનું ઉત્સવ છે. લખતાં લખતાં એક શ્લોક આવે છે, અંદરથી વાણી ઉતરે છે, પદ્માવતી, એમના ધર્મપત્નિ એમની સેવા કરે છે. ગંગાસતી ભજનો રચીને ગાતાં નથી, એ તો હાથમાં એકતારો આવે, મંજીરા આવે, એકતારાનો ઝણકાર અને મંજીરાનો રણકાર થાય

એટલે કડીઓ અંદરથી ઉતરે, અને ઉતરે ગાઈને રચે છે, રચીને ગાતા નથી, એમ જયદેવના અંદરથી કડીઓ શ્લોકો આવતા જાય છે. એમાં એક શ્લોક આવે છે,

સ્મરગરલખંદનં મમ શિરશિમંદનં
દૈહી મે પદ પલ્લવં
જલતિ મય દારણો મદનકરનારલો
હરતુત દોપિત કારં પ્રિય ચારૂશિલે
મંચમયમાનમદનાદં શબ્દિમદનારલોદહતિ
મામાનસં દેહી મુખ કમલંદુપાનં.

પ્રસંગ એવો છે કે રાસલીલામાં આવતા કૃષ્ણને મોડું થયું, રાધાજી રીસાયા છે, રુષ્ટ થયા છે, એટલે ભગવાન કૃષ્ન રાધિકાજીને મનાવવા માટે જાય છે, અને મનાવતા આ શ્લોક બોલે છે, અર્થ છે, ભગવાન કહે છે કે હે દેવી, હે રાધિકે, ચારૂશીલે, તારા ચરણ મારા મસ્તક ઉપર પધરાવ, કૃષ્ણભગવાન છે, એ રાધિકાજીને કહે છે, તારા ચરણ મારા માસ્ત્રક પર મૂક તો મને શાંતિ મળશે. શ્લોક તો લખાઈ ગયો, જયદેવ ફરીથી વાંચે છે, અરે! મેં આ શું લખ્યું? ભગવાન રાધિકાજીને આ શું કહે છે? આ તો અપરાધ ત્યહો, શ્લોક છેકી નાખ્યો. પછી બીજી વાર કલમ ઉપાડી, લખવા જાય તો એ શ્લોક આવ્યો, અરે! આ શ્લોક કેમ આવે છે? જેમાં ભગવાન કૃષ્ણ રાધિકાજીને એનું મસ્તકૌપર પગ પધરાવવાનું કહે છે, ફરી છેકી નાખ્યો, ત્રીજી વાર ફરી એ જ આવે... શું કરવું, એ વ્યાકુળ થઈ ઉભા થઈ ગયાં, અને પત્નિ પદ્માવતિને કહે છે, હું ગંગાસ્નાન માટે જાઊં છું, જાય છે, થોડી વાર થઈ હજુ બહાર જ નીકળ્યા હશે, બે નિનિટેક થઈ હશે કે પાછા આવ્યા, પાછા આવીને શ્લોક લખ્યો, એ જ શ્લોક લખાયો. ચાલ્યા ગયા સ્નાન કરવા.

સ્નાન કરીને આવ્યા, પદ્માવતિ કહે, ભોજન તૈયારે છે, કરી લો ને, તેઓ કહે હું આવું, અંદર ગયો તો આખો ઓરડો ચંદનથી મઘમઘતો, આપોઆપ દીવા પ્રગટેલા, જોઈને જુએ તો એ જ શ્લોક સ્વર્ણાક્ષરે લખેલો. કહે, દેવી, આ શ્લોક તમે લખ્યો?' તે કહે, 'તમે ગયા પછી તરત પાછા આવીને તો લખ્યો હતો.' તેઓ કહે, હું તો પાછો આવ્યો જ નથી.' તો કહે આ ચંદનનો ધૂપ તમે જ પ્રગટાવ્યો છે ને? તેઓ કહે ના. મેં તો કર્યું નથી. તો આ સ્વર્ણાક્ષરે કેમ લખાયું? એ લખવા મારો નાથ આવ્યો લાગે છે, ગોવિંદ આવીને લખી ગયા, આ પ્રસંગ માટે ગંગાસતી કહે છે, ગોવિંદ આવીને સ્વહસ્તે લખી ગયા, પ્રત્યક્ષ હસ્તપ્રતમાંયરે! એ પ્રસંગને યાદ કરી તેઓ કહે છે.

### શબ્દ ૧૫ પદ્માવતી સજીવન થાય રે

પદ પદ પ્રગટે ભક્તિ રસ પ્રગટો પાનબાઈ જેથી પદ્માવતી સજીવન થાય રે

અહીં પણ ગંગાસતી એક બીજા પ્રસંગનો ઉલ્કેહ્કરે છે, પદ્માવતી અને કેન્દુલિના રાજાની રાણી બન્ને વચ્ચે સખ્ય, બંને સહેલીઓ, એક વખત તેમની વચ્ચે વાદ થયો, પદ્માવતી મહારાણીને

પૂછે છે, રાણી સતી કોને કહેવાય, તે કહે પોતાના પતિનું શરીસ શાંત થઈ જાય, દેવ થઈ જાય તેની પાછળ ચિતા પર ચડીને અગ્નિમાં શરીર મૂકે તે સતિ કહેવાય. પદ્માવતી કહે એ સતી ન કહેવાય, રાણી પૂછે છે, તો સતિ કોને કહેવઆ? એ કહે, પોતાના પતિના પ્રાણ ગયા છે એવૂ ખબર પડે અને જેના પ્રાન તરત છૂટી જાય તેને સતી કહેવાય. રાણી વિચારે આનું પારખું કરવું પડશે. બહાનુ કાઢીને તેઓ જયદેવને બહર મોકલી આપે છે, પછી એવા ખોટા સમાચાર ફેલાવ્યા કે જયદેવનો સ્વર્ગવાસ થયો, પદ્માવતી સમાચાર સાંભળીને પ્રાણ ચોડી દે છે, જયદેવ આવે છે અને ઘટનાના સમાચાર મળે છે, રાણી કહે છે, 'મેં પરીક્ષા કરતા આવું થયું, ઝેરના પારખા થયાં,' ગીતગોવિંદ જે રચાતું હતું એના પદ પદ્માવતીના દેહની સમક્ષ બેઠાં બેઠાં ગાય છે, પદ પદ પ્રતિ, પદ એટલે અષ્ટપદી, જયદેવના ગીતગોવિંદમાં ચોવીસ અષ્ટપદીઓ છે, દરેક અષ્ટપદીમાં આઠ શ્લોક હોય, એટલે અષ્તપદ કહેવાય, એના માટે ગંગાસતી કહે છે, પદ પદ પ્દ ભક્તિરસ પ્રગટ્યો એટલે પદ્માવતી બેઠાં થયા એ પ્રસંગનો ઉલ્લેખ ગંગાસતી અહીં કરે છે.

### શબ્દ ૧૬ - પ્રેમલક્ષણા ભક્તિ

ભજન ૧૫ - પ્રેમલક્ષણા ભક્તિ જેને પ્રગટી તેને કરવું પડે નહીં કાંઈ રે!

પ્રેમલક્ષણા ભક્તિ શું છે? આપણે ઘણી વખત માની લઈએ છીએ કે પ્રેમલક્ષણા ભક્તિ અમને ખબર છે, નારદજી ભક્તિસૂત્રમાં ભક્તિની વ્યાખ્યા આપે એ, "સા ત્વસ્મિન પરમ પ્રેમ રૂપા", પરમ પ્રેમ એ પ્રેમલક્ષણા ભક્તિ છે, ભક્તિના અનેક પ્રકારો પાડવામાં આવે છે, અનેક જુદી જુદી રીતે, પણ પ્રધાન બે પ્રકાર છે, વૈધી અને પ્રેમલક્ષણા, વૈધી ભક્તિ એટલે જેમાં વિધિવિધાન, પૂજા, જપ, પાઠ, ભગવાનને ધરાવવું વગેરે છે એ વૈધિ ભક્તિ. એ ભક્તિમાં વિધિવિધાન મુખ્ય છે, જ્યારે પ્રેમલક્ષણા ભક્તિમાંતો અંદરથી પરમાત્મા માટે અંતરાત્મા વ્યામકુળ થઈ જાય છે. અંતરાત્માને અહંકારનો પડદો છે, ને અવિદ્યાનું બંધન છે, જ્યારે અવિદ્યાનું નિરાકરણ થવા માંડે, અંતરાત્મા પરમાત્માને મળવા માટે આકુળ વ્યાકુળ થઈ જાય છે એ પરમાકુળતા એને પ્રેમલક્ષણા ભક્તિ કહેવાય છે. રાધાજીને ભગવાન શ્રીકૃણે વચન આપ્યું હતું કે આજે રાત્રે હું તમને મળવા નિકુંજમાં આવીશ. રાધાજી વાટ જોઈને બેઠાં છે એક નાના કોડીયામાં દિપક પ્રગટે છે, તેલ પૂરેલ છે, તેલ ખલાસ થવા આવ્યું છે, ત્યારે રાધાજીને બીક લાગે છે કે આ જો દીવો ઓલવાઈ જશે, તેલ ખલાસ થઈ જશે તો ભગવાન આવશે ત્યારે એમ માનશે કે હું સૂઈ ગઈ છું અને પાછા જતા રહેશે એટલે દીપકને કહે છે, ગમે તેમ કર પણ તારી જ્વાળા ચાલુ રાખ.

"પ્રાણ તું મેરે લે લે દીપક,<br>
કરલે ઈસકી બાતી,<br>
રક્ત હ્રદયકા તેલ લે લે,

જલના સારી રાતી,
આજ હરીકે આના દીપક,
આજ નહીં બુજ જાના"

આ પ્રેમલક્ષણા ભક્તિ છે, આંડાળમાં પ્રગટી, મીરાંમા પ્રગટી, ચૈતન્ય મહાપ્રભુમાં પ્રગટી. આ પ્રેમલક્ષણા ભક્તિ જ્યારે પ્રગટે, મારા ગુરુમહારાજ કહે છે કે પ્રેમના જ્યારે મહાપૂર આવે ત્યારે માન-અપમાન, સુખ-દુઃખ, મારું-તારું એ તૃણની જમ તણાઈ જાય છે. પ્રેમીજનોને માન અપમાન નથી હોતું, માન અપમાન તો બચ્ચાનો ખેલ છે, પ્રેમીજનોને શું માન અપમાન? આ પરમ પ્રેમ જ્યારે પ્રગટે અને અંતરાત્મા અનુભવે, મનનો નહીં આત્માનો પ્રેમ પ્રગટે, એ પ્રેમલક્ષણા ભક્તિ છે એમ ગંગાસતી કહે છે. પ્રેમલક્ષણા ભક્તિ પ્રગટે પછી, વૈધી ભક્તિની જરૂર નથી, 'તેને કરવું પડે નહીં કાંઈ રે.'

## શબ્દ ૧૭ - જુગતિ

ભજન ૧૬ - જુગતિ તમે જાણી લેજો પાનબાઈ, મેળવો વચનનો એકતાર રે !

આ જુગતી શું છે? નાથ સંપ્રદાયમાં એક પરંપરા છે, યુક્તિ સે મુક્તિ, નાથ સંપ્રદાયનો એક સિદ્ધાંત છે, યુક્તિથી મુક્તિ, ગંગાસતી પર નાથ સંપ્રદાય, યોગની અસર છે જ, અને યોગમાં યુક્તિથી મુક્તિની વાત છે, એટલે કહે છે, જુગતી તમે જાણી લેજો પાનબાઈ. તાળું મારેલું હોય, મજબૂત તાળું હોય, ત્યારે ખોલવું કેવી રીતે? એને માટે જરૂર છે કે નાની ચાવી હોય, આ ચાવી તે જુગતી છે. અધ્યાત્મપથ પર અનેક તાળાઓ આવે છે, અનેક ગ્રંથીઓ આવે છે, અનેક વિટંબળાઓ આવે છે, અનેક જગ્યાએ માર્ગ અટકી જતા હોય એમ લાગે, ત્યારે માર્ગના તાળા ખોલવા કેમ? એની જુગતી, જુગતી કોણ આપે? ગુરુજી આપે કે આ તાળુ આમ ખૂલે, અહીં આ જ ચાવી લાગે એ વાત ગુરૂ શીખવે છે. વચનરૂપી જુગતિથી તાળુ ખોલવાનું વિધાન ગંગાસતી આપે છે.

## શબ્દ ૧૮ વચન અને વચનવિવેક

ભજન ૧૭ - વચનવિવેકી જે નરને નાર પાનબાઈ તેને બ્રહ્માદિક લાગે પાય. યથારત વચનની શાન જેણે જાણી પાનબાઈ, તેને કરવું હોય તેમ થાય.

ગંગાસતીના સાધનાનું કેન્દ્રસ્થતત્વ આ છે, વચન અને વચન વિવેક, એટલે શું? વેદાંતની સાધનામાં મહાવાક્ય વિવેક એ સર્વોચ્ચ સાધના છે એને અંતિમ સાધના મનાય છે, મહાવાક્ય વિવેક. મહાવાક્ય ચાર છે, ચારેય વેદનું એકેક વાક્ય ગણાય, અહં બ્રહ્માસ્મિ, તત્વમસિ, અયમાત્મા બ્રહ્મ, પ્રજ્ઞાનં બ્રહ્મ આ ચાર મહાવાક્ય છે, મહાવાક્યોમાં જીવ બ્રહ્મ વચ્ચે અદ્વૈત સિદ્ધ કરવામાં આવે છે. પણ એક પાંચમું મહાવાક્ય છે, છાંદોગ્ય ઉપનિષદમાં છે, આખા મંત્રનો એક અંશ છે, "સોહમ અસ્મિ." સોહમ - હું તે જ છું - જેવો મહાવાક્યનો અર્થ તેવો જ આનો અર્થ છે,

સહ એટલે તે પરમાત્મા, અસ્મિ એટલે હું જ છું. શ્વાસ સાથે મેળ બેસાડવા માટે સંતપરંપરામાં આ મહાવાક્ય લેવાયું છે પણ અસ્મિ પદને છોડી દીધું છે, એટલે સોહમ એટલું જ રહ્યું, આ સોહમ્ એ વચન છે. વચનનો વિવેક કરવો કેવી રીતે એના પાંચ સોપાન છે, સંત પરંપરામાં આવે છે, પહેલું સોપાન - શ્વાસોશ્વાસ સાથે સુરતાને જોડી દેવી, ધ્યાન શ્વાસ ઉપર દ્રઢ રહેવું જોઈએ એ પહેલું સોપાન, બૌદ્ધ ધર્મમાં એને અપાન સતિ યોગ કહેવાય છે, બીજું સોપાન છે ગુરૂ વચન આપે છે, શ્વાસ અંદર લેતી વખતે 'સો' બહાર લેતી વખતે 'હમ', સોહમ, 'સોહમ' - સહ અહમ છે વિસર્ગનો 'ઓ' થઈ ગયું 'અ' નો લોપ થયો એટલે સોહમ શબ્દ થયો છે, શ્વાસોશ્વાસ સાથે શ્વાસે શ્વાસે સોહમ જાપે બીજું સોપાન થાય, અને એમાં ત્રણ તત્વોનું મિલન છે, એક વચન, બીજું શ્વાસ અને ત્રીજું સૂરતા. ત્યાર પછી ત્રીજું સોપાન આવે છે, વચનનો વિવેક - માયા સહિત જો સહ હોય તો ઈશ્વર છે, પણ માયવિહિન થાય એટલે ઈશ્વરને સ્થાને બ્રહ્મ આવે છે, અહં એ જીવ છે, એમાંથી અવિદ્યા તત્વનું નિરસન થાય તો એનો અર્થ બ્રહ્મ થાય છે. આમ જીવ અને ઈશ્વર એક છે એવો એનો અર્થ છે, આ તૃતિય સોપાન છે. ચોથા સોપાનમાં બ્રહ્માકાર વૃત્તિનો ઉદય થાય છે, શબ્દનો જાપ કરતા કરતા અંદરથી બ્રહ્માકાર વૃત્તિ પ્રગટે એટલે વચન છૂટી જાય છે, બ્રહ્માકાર વૃત્તિ જ રહે છે અને પાંચમાં સોપાનમાં બ્રાહ્મિસ્થિતિમાં આત્મા સ્થિત થઈ જાય છે, આ વચન-સોપાનના પાંચ પગથીયાં છે.

### શબ્દ ૧૯ અભ્યાસે જીતવો અપાન

ભજન ૨૪ પ્રાણી માત્રમાં સમદૃષ્ટિ રાખવી અને અભ્યાસે જીતવો અપાન રે !

અહીં યોગની ક્રિયા છે, અપાન એટલે શું? અભ્યાસે જીતવો એટલે શું? અભ્યાસ એટલે શું? કયા અભ્યાસથી અપાન જીતાય અને એને જીતવો શા માટે?

આપણા શરીરમાં પ્રાણતત્વ છે, એના સ્થાનભેદે અને કાર્યભેદે દસ પ્રકાર પાડવામાં આવે છે, પાંચ પ્રાણ અને પાંચ ઉપપ્રાણ, પ્રાણ અપાન વયાન સમાન અને ઉદાન આ પાંચ પ્રાણ છે. નાગ, કુર્મ, કુર્કુર, દેવદત અને ધનંજય આ પાંચ ઉપપ્રાણ છે, અપાન શું છે અને એનું સ્થાન ક્યાં છે? નાભિથી નીચેના પ્રદેશમાં અપાન છે, અપાન છે ભોગનો કારક, ઉત્સર્ગ અને ભોગ અપાનના કૃત્યો છે, જ્યાં સુધી અપાન જીતાય નહીં, ત્યાં સુધી બ્રહ્મસ્થ સિદ્ધિ થઈ શકે નહીં, લાખો વાતો ભલે કરો, અપાન ભોગનો કારક છે અને 'અ' એટલે નીચે જવું, 'ઉદ' એટલે ઉપર જવું, ઉદાન એટલે ઉપરની ગતિ, અપાન એટલે નીચેની ગતિ, તો પ્રાણની નીચેની ગતિ તે અપાન છે, અને જ્યાં સુધી અપાન જીતાય નહીં ત્યાં સુધી ભોગમુક્તિ થાય નહીં, ત્યાં સુધી બ્રહ્મચર્ય સિદ્ધ થઈ શકે નહીં, લાખો વાતો ભલે કરો એટલે ગંગાસતિ કહે છે અપાનને જીતો, એ નિમ્નગામી છે, એના પર વિજય મેળવો. તો જ પ્રાણનું ઉત્ક્રમણ થશે, તો બ્રહ્મચર્ય શુધ્ધ થશે તો

સાધનાની ઉર્ધ્વગતિ થશે, તેનો અભ્યાસ કઈ રીતે કરવો? યોગશાસ્ત્રમાં અપાનને જીતવા માટે છ ક્રિયાઓ બતાવી છે.

એક - ત્રિબંધ પ્રાણાયામ, બે - મૂલબંધ, ત્રણ - ઉડ્ડિયાનબંધ, ચાર - મહામુદ્રા, પાંચ - અશ્વિનિ મુદ્રા અને છ - શક્તિચાલિનીમુદ્રા, આ છ ના અભ્યાસથી અપાન પર વિજય મળે છે, એમ ગંગાસતી અભ્યાસે જીતવો અપાનના અર્થે કહે છે.

### શબ્દ ૨૦ પાંચ પ્રાણને એક ઘરે લાવવા

ભજન ૨૪ પાંચેય પ્રાણને એક ઘરે રાખવા, શીખવો વચનનો વિશ્વાસ રે

પાંચ પ્રાણ કયા એ તો આપણે જોયું, પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન, એને એક ઘરે શા માટે લાવવા? એ એક ઘર કયું? કેવી રીતે લાવવા?

જ્યાં સુધી પ્રાણ હ્રદયમાં પહોંચે નહીં ત્યાં સુધી એ ઘર સાબિત થતું નથી. પાણીની પાંચ ધારા વહેતી હોય તો શક્તિ વહેંચાઈ જાય, પાંચેય ધારા એકત્રિત થાય તો શક્તિ વધી જાય અને શક્તિ વધે તો પ્રાણ ગ્રંથીઓને ભેદવા માટે શક્તિમાન થાય છે, આપણા શરીરમાં સાત ચક્ર છે એમાના નીચેના છ ગ્રંથી છે, એ ગ્રંથીનું ભેદન થાય તો ગ્રંથી - ગ્રંથીને બદલે દ્વાર બની જાય છે, અને ગ્રંથીનું ભેદન કરવા માટે પાંચેય પ્રાણને એકત્રિત કરવા જોઈએ એથી એની શક્તિ વધે. કયા સ્થાને? અનાહત ચક્રમાં, એ હ્રદયમાં ચે, ત્યાં પાંચેય પ્રાણને એકત્રિત કરવાના છે, અપાનને ઉર્ધ્વ લેવાનો છે, અપાનનું સ્થાન નીચે છે અને ઉદાનનું સ્થાન મસ્તકે છે, તેને નીચે ઉતારવાનો છે, હ્રદયમાં પાંચેય પ્રાણ એકત્રિત થાય પછી ગ્રંથીઓનું ભેદનની ક્રિયા સરળ થાય છે એવું ગંગાસતીનું આ કહેવાનો યૌગિક અર્થ છે એટલે ગંગાસતિ કહે છે, પાંચેય પ્રાણને એક ઘરે રાખવા, શીખવો વચનનો વિશ્વાસ રે.

### શબ્દ ૨૧ - રાખવું સ્વરભેદમાં ધ્યાન

ભજન ૨૪ - ભાઈ રે ડાબી ઈંગલા ને જમણે પીંગળા, રાખવું સ્વર ભેદમાં ધ્યાન રે

આ સ્વરોપાસના છે, સંસ્કૃતમાં શિવસ્વરોદય નામનો એક ગ્રંથ છે જે આપણી પરંપરામાં સ્વરવિદ્યાનો શ્રેષ્ઠ ગ્રંથ ગણાય છે, એમાં એમ કહ્યું છે કે આપણા શ્વાસ હંમેશા બંને નસકોરાથી સમાન રીતે નથી ચાલતો, જરા તપાસ કરીએ તો ખબર પડે કે બંનેમાં શ્વાસ ચાલે છે, પણ એકમાં વધુ હોય છે, એકમાં ઓછો. ક્યરેક ડાબું, ક્યારેક જમણું એમ વારાફરથી ચાલે છે, ડાબું ચાલતું હોય ત્યારે એમ સમજવું કે ઈડામાં શ્વાસ ચાલે છે, કારણકે ઈડા ડાબી બાજુ છે, તંદ્ર નાડી કહેવાય, પીંગલા જમણી બાજુ છે, જમણામાં વધુ ચાલે ત્યારે પીંગલામાં ચાલે છે, વચ્ચે એક ક્ષણ એકમાંથી બીજે જતી વખતે, ડાબામાંથી જમણામાં ને જમણામાંથી ડાબામાં શ્વાસ જ્યારે બદલાય ત્યારે એ દરમ્યાન થોડીક ક્ષણો એવી આવે છે કે જ્યારે બેયમાં સમાન ભાવે ચાલે છે.

એને શ્વાસ પીંગળામાં ચાલે છે એમ કહેવાય, અને એ ક્ષણ અતિકીમતી છે, એ ક્ષણમાં જો સાધન કરી લેવાય તો છલાંગ લાગી શકે છે, આ ગૂઢ વિદ્યા ગંગાસતિ જાણે છે એટલે કહે છે કે રાખવું સ્વરભેદમાં ધ્યાન રે.

આ સ્વરવિદ્યાના શિક્ષણથી ત્રણ વસ્તુ સિદ્ધ થાય છે, -

ડાબી ઈંગલા ને જમણી પીંગલા, રાખવું સ્વરભેદમાં ધ્યાન રે. સૂર્યમાં ખાવું, ચંદ્રમાં જળ પીવું, પરીપૂરણ વચનમાં વરતાય રે. એમ કાયમ રાખવું ધ્યાન રે.

પહેલી વાત તો એવી થાય છે યોગીઓ યોગદંડ નામનો એક લાકડાનો દંડ રાખે છે, એને દેશી ભાષામાં ફૂબડી કહે છે, સંસ્કૃતમાં યોગદંડ કહે, એ શા માટે રાખે છે? ઘણા સાધુઓના હાથમાં હોય છે? એ શ્વાસને બદલવાની યુક્તિ છે, બગલમાં રાખી અને શ્વાસને બદલવા માટેની ટેકનીક, શ્વાસ બદલવા માટેના પ્રાણાયામ પણ છે, એના આસનો પણ છે, પણ યોગદંડ શ્વાસને બદલવા માટે, ડાબામાંથી જમણામાં ને જમણેથી ડાબામાં લેવાની યુક્તિ છે. કેટલાક માણસોને કાયમી શરદી રહે છે, એનો શ્વાસ કાયમ ડાબે નસકોરે ચાલતો હોય, ડાબે એટલે ચંદ્રનાડી, એ શિતળ છે, કેટલાકને કાયમી પીત રહે છે, કાયમી જમણે શ્વાસ ચાલે એ સૂર્યનાડી છે, એ ગરમ છે. એને સમતોલ કરવાથી ઘણા રોગમાંથી મુક્તિ મળે છે, માટે યોગી લોકો ફૂબડી રાખે છે એમ ગંગાસતિ કહે છે.

બીજું છે જ્યારે શ્વાસ બંને માં સમાન થઈ જાય, સમતુલ્ય - ઈડામાં નહીં, પીંગલામાં નહીં, ત્યારે સુષુમણામાં હોય, દિવસો સુધી યોગીઓના શ્વાસ સુષુમણામાં ચાલે એ ધ્યાન અમાટેની ઉતમ અવસ્થા છે. એનો ઉપયોગ કરી લેવો જોઈએ

ત્રીજી વાત છે - જ્યારે કુંડલિની શક્તિનું જાગરણ થાય અને કોઈ એક જ શ્વાસ ચાલતો હોય, એક જ જગ્યાએ ચાલતો હોય ત્યારે કુંડલિની ડાબામાં અથવા જમણામાં - ઈડા અથવા પીંગલાના મારગે જાય તો ખાનાખરાબી જાય, એટલે કુંડલિની શક્તિ જાગ્યા પછી એનેન સુષુમણામા માર્ગમાં કેમ લેવી એવી યુક્તિ યોગમાં છે, પણ એના માટે જાણવું જોઈએ કે અત્યારે કઈ નાડી ચાલે છે માટે ગંગાસતિ કહે છે, રાખવું સ્વરભેદમાં ધ્યાન રે.

### શબ્દ ૨૨ નાડી શુદ્ધ થયા પછી અભ્યાસ જાગે

ભજન ૨૪ નાડી શુદ્ધ થયા પછી અભ્યાસ જાગે, તેમ જાણવું નક્કી નિર્ધાર રે

આ નાડી શુદ્ધિ શું છે? પહેલા તો નાડી એટલે શું? નાડી શુદ્ધિ એટલે શું? નાડી શુદ્ધિ શા માટે કરવી અને નાડી શુદ્ધ કેવી રીતે કરવી એમ ચાર પ્રશ્નો છે. આ સ્થૂળ શરીરની વાત નથી, આ શરીરમાં જે રક્ત વાહિનીઓ છે, જેમાંથી લોહી ભ્રમણ કરે છે એ નાડીની વાત નથી, આ પ્રાણમય શરીરની વાત છે, નાડી એટલે પ્રાણમય શરીરના એવી ચેનલ - એવી નળીઓ

જેમાંથી પ્રાણના પ્રવાહો વહે છે. ગોરખશતકમાં ગોરખનાથે કહ્યું છે કે આપણા શરીરમાં બોંતેરહજાર નાડીઓ છે, એ સૂક્ષ્મશરીરની વાત છે, પ્રાણમય શરીરમાં ચેનલ છે, પ્રવાહો જેમાંથી વહે તે એમાં, પ્રાણના પ્રવાહો છે. એટલે નાડીની વ્યાખ્યા કરવી હોય તો "The channels through which Pranik Currents are moving." એવા પ્રકારની નાડીઓ જેમાંથી પ્રાણના પ્રવાહો વહે તે નાડીને એમાં વાત છે. બીજી વાત છે નાડી શુદ્ધ કરવાની જરૂર શું? નાડી અશુદ્ધ હોય અને પ્રાણનું ઉત્થાન થાય તો ખાનાખરાબી થાય, મકાન નવું બનેલું હોય, ઈલેક્ટ્રિફીકેશન બરાબર ન હોય અને પાવર આવે - લાઈટ ઓન કરો તો શોટસર્કિટ થાય એવું ઘણાના શરીરમાં થયું છે, અધ્યાત્મપથના ઘણાં સાધકો ગાંડા થઈ જાય છે, કારણ શું? નાડી શુદ્ધિ કરી નથી. નાડી શુદ્ધ કર્યા પહેલા ધ્યાનમાં પ્રવેશ કરવો નહીં, કરવા જશો તો ખાનાખરાબી થશે. પૂરી તૈયારી ન હોય તો એ ન કરવું કેમકે ધ્યાન સમયે આ શરીર પર અપરંપાર બોજો પડે છે, રામકૃષ્ણ દેવ કહેતા કે 'ઘાસની કુટિયામાં હાથી આવે તેવું થાય છે, મહાચૈતન્ય જ્યારે આમાં પ્રગટ થાય ત્યારે શરીર શુદ્ધ ન હોય તો તેનો બોજ ન ઝીલી ન શકે, શરીરમાં - મનમાં ગાંડપણ આવી શકે, એટલે ગંગાસતિ કહે છે પહેલા નાડી શુદ્ધ કરો, તે પછી પ્રાણનું ઉત્થાન થાય, ધ્યાનમાં પ્રવેશ થાય તો યોગ્ય તૈયારી પૂર્વક થવો જોઈએ. એક સામાન્ય મકાન બનાવવું હોય, દુકાન નાખવી હોય તો કેટલી તૈયારી કરવી પડે છે? તો અધ્યાતમ પથ માટે પણ ઘણી તૈયારી કરવી પડે છે. જેમણે યોગસાધના કરી નથી એમનો ધ્યાનનો પ્રવેશ થાય છે, પણ ધ્યાનમાં પ્રવેશ થઈ કાં તો શરીરથી અને કાં તો મનથી ગાંડા બની જાય એ, પાંગળા બની જાય છે, પથારી વશ થઈ જાય એટલે ગંગાસતિ કહે છે, નાડી શુદ્ધ થયા પહેલા ધ્યાનમાં પ્રવેશ ન કરવો, પ્રાણનું જાગરણ કરવું નહીં, કુંડલીની જાગરણના પ્રયત્ન કરવા નહીં.

### શબ્દ ૨૩ પવન ઉલટાવવો

ભજન ૨૫ નિત્ય પવન ઉલટાવવો

ઘણા એમ માને છે કે નિત્ય પવન ઉલટાવવો અને અભ્યાસે જીતવો અપાન બંને એક હશે, બંને એક નથી - અભ્યાસે જીતવો અપાન એમાં માત્ર અપાન પરના વિજયની વાત છે, નિત્ય પવન ઉલટાવવો અને પાંચેય પ્રાણની વાત છે. નિત્ય પવન ઉલટાવવો એટલે શું? પવનની જે સ્વાભાવિક ગતિ છે, પ્રાણની બે સ્વાભાવિક ગતિ છે, કાં તો એ બહાર જાય છે ઈન્દ્રિયો દ્વારા, કાં તો એ નીચે જાય છે ભોગ દ્વારા, નિમ્નગતિ અને બહિર્ગતિ એ પ્રાણની સ્વભાવિક ગતિ છે જે અવિદ્યાવશ શાય છે, એને બદલે બહાર જતો પ્રાણ અંદર આવે, નીચે આવતો પ્રાણ ઉપર આવે તો અધ્યાત્મપથ સુકર બને છે અને અધ્યાત્મપથમાં છલાંગો લાગે છે એટલે ગંગાસતી કહે છે, નિત્ય પવન ઉલટાવવો. પણ નિત્ય પવન ઉલટાવવો કેવી રીતે? એની સાધના કરવી પડે, શક્તિચાલીની નામની મુદ્રા છે, મૂલબંધ નામનો બંધ છે, ઉડ્ડીયાનબંધ છે, ત્રિબંધપ્રાણાયામ છે આ બધી સાધનાઓ થી નિમ્નગામી પવન ઉર્ધ્વગામી થાય છે એને ગંગાસતી કહે છે નિત્ય

પવન ઉલટાવવો રે અને રમવું સદા હરીની સંગ રે. હરીની સંગ ક્યારે રમાય? પવન જ્યારે ઉર્ધ્વ દિવ્હ્સમાં જાય, પ્રાનનું ઉત્થાન થાય ત્યારે હરી સામે ઉભેલો દેખાય છે, એટલે કહે છે રમવું સદા...

## શબ્દ ૨૪ - ગુંજાનો લાડવો

ભજન ૨૮ - ભાઈરે આ તો ગુંજાનો લાડવો પાનબાઈ, અહંભાવ ગયા વિના ન ખવાય

સૂક્ષ્મ વાત છે - સાવધાન. ગૂંજાનો લાડવો એટલે તમારી પાસે જ છે તે, ગૂંજા એટલે ખીસું, તળપદી ભાષામાં ગૂંજુ કહેવાય, લાડવો તમારી પાસે જ છે પણ ખવાતો કેમ નથી? અહંકાર ગયા વિના ન ખવાય. ગૂંજાનો લાડવો એટલે તમે પોતે - એ તમારી પાસે નથી, તમે પોતે જ છો, છતાંય લાડવો ખવાતો કેમ નથી, એક પડદો આડો આવે છે, પડદાનું નામ છે અહંકાર, એક રાજા હતો, રાજાના રાજ્યમાં સર્વ વાતે સુખ પણ એક વાતનું દુઃખ - ચોરી બહુ થાય, પ્રજા ત્રાહિમામ પોકારી ગઈ, મહારાજા, આપણા રાજ્યમાં આવું કેમ? ચોરને પકડી નથી શક્તા? રાજમહેલમાં ચોરી, સેનાપતિના ઘરમાં ચોરી? રાજાએ ઢંઢેરો પીટ્યો કે આ ચોરને જે પકડશે એને અડધું રાજ્ય ઈનામ અને એને પોલિસદળનો વડો બનાવીશ. અરજીઓ પર અરજી આવવા લાગી. ચોરે પણ અરજી કરી અને એની પસંદગી થઈ ગઈ. ચોરની પસંદગી થઈ ગઈઆને એ ચોરને પકડવા પોલિસદળનો વડો બન્યો એને કેમ પકડાશે? અહંકાર તે આ ચોર. આત્માનો પડછાયો, જેનું પોતાનું અસ્તિત્વ નથી એ અહંકાર. આત્માની ગાદી ઉપર બેસી ગયો છે અને તે આત્માની પ્રાપ્તિમાં આડો આવે છે એટલે ગંગાસતી કહે છે કે આત્મા તો ગુંજાનો લાડવો છે પણ અહંભાવ ગયા વિના, ચોરને પકડ્યા વિના તો ન લેવાય. એને પકડવાનો ઉપાય શું? રાજા પોતે જ પોલિસદળનો વડો બને તો એમ થાય, આત્મા પોતાના આસન પર પ્રતિષ્ઠિત થાય ત્યારે અહંકારને એ કાઢી શકે.

## શબ્દ ૨૫ વીજળીને ચમકારે

ભજન ૨૯ વીજળીને ચમકારે મોતી પરોવો પાનબાઈ નહીંતર અચાનક અંધારા થાશે

આના ત્રણ અર્થ છે, પહેલો અર્થ - વીજળીને ચમકારે મોતી પરોવવું એટલેકે અપરંપાર જાગૃતિ રાખવી. વીજળીનો ચમકારો ક્ષણિકમાં આવે એટલી વારમાં મોતી પરોવી લ્યો, એક તો મોટી પરોવવા ઘણી એકાગ્રતા જોઈએ, ઘણી એકાગ્રતા અને સ્થિરતા, અને બીજુ વીજળીને ચમકઆરે - અચાનક અંધકાર થશે એટલે ક્ષણમાં અએ આપણું કાર્ય સિદ્ધ કરી લેવાનું છે, અત્યંત જ્ગૃતિ જોઈશે, અધ્યાત્મપથ પર અથંત સાવધાની. ખરેખર બધા માટે સામાન્ય એવું અધ્યાત્મપથ નથી, તમારા માટે કોઈ તૈયાર અધ્યાત્મ રસ્તો નથી, પક્ષીઓનો આકાશમાં જવાનો કોઈ ચોક્કસ રસ્તો ન હોય એવું આ છે, ક્ષણે ક્ષણે તમારે તમારો રસ્તો કંડારતા જવાનું અને ચાલતા જવાનું,

ફઅણે ક્ષણે પોતાનો પથ છે એટલે ગંગાસતી કહે છે સતત સાવધાની રાખવાની છે. કેવી સાવધાની - તેઓ કહે છે વીજળીના ચમકારે મોતી પરોવાય એવી સાવધાની.

બીજો અર્થ છે - જીવન બહુ થોડું છે, વીજળીના ચમકારા જેવું, પરિક્ષિત મહારાજને સાત સિવસ હતા ભાગવત સેવન માટે, આપણે તો સાત દિવસ્નઓય ભરોસો નથી, ગમે ત્યારે ફટાકડો ફૂટશે એટલે ગંગાસતી કહે છે કે ગમે ત્યારે મૃત્યુ આવશે માટે ઉપલબ્ધ સમયમાં તમે મોતી પરોવી લ્યો

ત્રીજો યૌગિક અર્થ છે - ઈંડામાં શ્વાસ ચાલતો હોયીંગળામાં શ્વાસ ચાલતો હ્ય, બાંનેમાં સમાન ભાવે ચાલે એ વીજળીના ચમકારા જેવો સમય છે, તેનો ઉપયોગ કરી લો, એ વખતે ધ્યાન સમાધિ લાગી જાય તો મોતી પરોવાઈ જશે આવો આનો અર્થ છે.

શબ્દ ૨૬ સજાતિ વિજાતિ

ભજન ૨૯ સજાતિ વિજાતિની જુગતી બતાવુંને બીબે પાડી દઉં બીજી ભાત

સજાતિ વિજાતિની જુગતિ એટલે શું? બીબું એટલે શું? બીબે ભાત પાડી દઉં એટલે શુ? વેદાંતની પરિભાષાનો શબ્દ છે. વેદાંતમાં પહેલું સોપાન છે શ્રવણ, ઉપનિષદ આદિ ગ્રંથો, વેદાંતના ગ્રંથોનો ગુરુમુખે શ્રવણ એ પ્રથમ સોપાન છે, બીજું છે મનન, જેનું શ્રવણ કર્યું છે તેનું શાસ્ત્રને અનુકૂળ એવી રીતે ચિંતન કરવું, શાસ્રાનુકુળ ચિંતનમ મનનમ શ્રવણ તાત્પર્યનિર્ણયમ એવી એની વ્યાખ્યા છે. ત્રીજું સોપાન છે દેદિધ્યાસન એટલે શું? આત્માકાર વૃત્તિનો સ્વીકાર અને અનાત્માકાર વૃત્તિનો ત્યાગ. આપણા ચિત્તમાં વૃત્તિ ચાલે છે સંસારની, એ અનાત્માકાર વૃત્તિ છે, દેહનો વિચાર, ભોજનનો, સંતાનનો, વાડીનો, દુકાનનો આવા આખો દિવસ કેટલા વિચારો ચાલ્યા કરે છે એ અનાત્માકાર ચિંતન છે. અને આત્મામાં ચિંતન જ્યારે સ્થિર થાય ત્યારે તેને આત્માકાર વૃત્તિ કહેવામાં આવે એ. તો સજાતિય એટલે આત્માકાર ચિંતન - આત્માકાર વૃત્તિ એટલે સજાતિ અને અનાત્મા એટલે વિજાતિ વૃત્તિ કહેવાય તેને વેદાંતની પરિભાષામાં દિધ્યાસન કહે છે - ગંગાસતી કહે છે, સજાતિ વિજાતિની જુગતી બતાવું - એટલે અનાત્માકાર વૃત્તિઓનો ત્યાગ કરીને આત્માકાર વૃત્તિમાં સ્થિર થવું, તો બીબે પાડી દઊં બીજી ભાત - બીબું એટલે અંતર, એનું રૂપાંતર કરી દઉં, એની ભાત પાડી દઉં એમ ગંગાસતિ કહે છે.

### શબ્દ ૨૭ નૂરત સૂરત

ભજન ૩૪ નૂરત સૂરતથી નિજનામ પકડો, જેથી થાય હરીની જાન રે

નૂરત સૂરત શબ્દના પાંચ અર્થો આપવામાં આવે છે. પહેલો અર્થ - નૂરત એટલે શ્વાસ, સૂરત એટલે ઉચ્છવાસ. બીજો અર્થ - નૂરત એટલે નિરતી, મૃત્યુને પાછી ખેંચી લે એવી સંસારમાંથી નિવૃત્તિ અને પરમાત્મામાં સૂરતા ધારણ કરવી, આ પાંચેય અર્થમાં વિકાસયાત્રા છે, તૃતિય અર્થ

- નૂર એટલે તેજ, નૂરત સૂરત એટલે તેજમાં ધ્યાન કરવું, તેજમાં સૂરતા લગાડવી તે, ચોથો અર્થ - નૂરત એટલે સાલંબ ધ્યાન - સૂરત એટલે સાલમ ધ્યાન, પાંચમો અર્થ છે સૂરત એટલે સવિકલ્પ સમાધિ અને નૂરત એટલે નિર્વિકલ્પ સમાધિ. આમ પાંચેય અર્થોમાં એક વિકાસયાત્રા જોવા મળે છે.

### શબ્દ ૨૮ - મૂળ પ્રકૃતિનો નાશ

ભજન ૩૪ - મેલ ટળે ને વાસના ગળે રે પછી કરો પૂરણ નો અભ્યાસ, ગંગાસતી એમ બોલીયા, થાય મૂળ પ્રકૃતિનો નાશ રે.

પ્રકૃતિના ચોવીસ તત્વો છે એ વાત જોઈ ગયા, ત્રેવીસ તત્વો એ મૂળ પ્રકૃતિમાંથી પ્રગટે છે, જ્યારે ગુણને સત્વગુણ, રજોગુણ અને તમોગુણ્ એ ત્રણેય સમાન અવસ્થામાં હોય ત્યારે સૃષ્ટિની ઉત્પતિ થતી નથી, એ સમાનતા જાય - એ ત્રેવીસ તત્વ ન હોય એ મૂળ પ્રકૃતિ કહેવામાં આવે છે, ત્રેવીસ તત્વમાંથી વિલીન થયા પછી પણ અવિદ્યા રહે છે, કારણકે મૂળ પ્રકૃતિમાં અવિદ્યા છે એટલે ગંગાસતી કહે છે મૂળ પ્રકૃતિનો નાશ થવો જોઈએ.

### શબ્દ ૨૯ ગુપતરસ

ગુપતરસના અનેક અર્થ છે પણ જ્ઞાનેશ્વર મહારાજે એની ભાવાર્થદિપીકા ટિકામાં ગીતા પરની ટિકામાં - જ્ઞાનેશ્વરી ગીતાના છઠ્ઠા અધ્યામાં ગુપતરસની વાત કહી છે, કુંડલીની શક્તિનું જાગરણ થાય અને જ્યારે છઠ્ઠા ચક્રનું ભેદન થાય ત્યારે ત્યાં ચંદ્ર છે એમાંથી અમૃત ઝરે છે એને યોગની ભાષામાં ગુપતરસ કહેવામાં આવે છે, ગંગાસતી કહે છે ગુપતરસ આ તો જાણી લેજો પાનબાઈ, એથી જાણવું રહે નહિં કાઈ રે, ઓધરે આનંદના કાયમ રહે સહેજે સંશય બધા મટી જાય. ગુરૂ વચનના માનની વાત આવે છે, ગંગાસતીને પાનબાઈ કહે છે, તમે છૂટા રે છૂટા બાણ ન મારો. ત્યારે ગંગાસતી કહે છે - બાણ રે હજી નથી વાગ્યા, બાણ રે વાગ્યાને હજુ વાર. બાણ રે વાગ્યા પછી બોલાય નહીં પાનબાઈ. કેનોપનિષદમા પ્રસંગ છે - એક શિષ્ય કહે છે ગુરૂજી મને તમે કહ્યું એ સમજાઈ ગયું ત્યારે ગુરુ કહે છે - જો તને એમ લાગે કે તને ખબર છે તો તને કાંઈ ખબર નથી - જે કહે કે જાણું છું એ જાણતો નથી - જે બ્રહ્મને જાણતો હોય તે કહે નહીં, કારણકે કહેનાર હું રહેતો નથી - એટલે હું કદી બ્રહ્મને જાણે નહીં - કૃષ્ણમૂર્તિ કહે છે - He who says he knows - knows not.

### છેલ્લે આવે છે મૂક્યો મસ્તક પર હાથ

ગંગાસતિ પાનબાઈના મસ્તક પર હાથ મૂકે છે આ શક્તિપાતની ઘટના છે - ગમે તેવો સમર્થ સાધક માત્ર પોતાની શ્ક્તિથી એને પામિ શક્તો નથી, આ તો ગુરુ કૃપા - ભગવતકૃપાથી અંતિમ આવરણનો ભંગ થાય એટલે ગંગાસતી એના મસ્તક પર ખોળામાં બેસાડ્યા અને મસ્તક પર

મૂક્યો હાથ આ શક્તિપાતની ઘટના છે - અને આવરણભંગ થઈ જાશે સૂરતા શુન્યમાં સમાઈ જાય અને ગંગાસતી દેહ ઓડે છે. એ ઘટના કેવી રીતે ઘતી છે કુમકુમપત્રિકાઓ લખાય છે - ગુલાલ છાંટીને સંતો ભક્તોને બોલાવવામઆં આવે છે - તિથિ નક્કી થાય છે અને ગંગાસતી સ્વૈચ્છાએ દેહનો ત્યાગ કરે છે - દેહત્યાગ એટલે આત્મહથા નહીં - આ તો યોગિક પ્રાણોત્કરમણ છે - ગીતાના આઠમા અધ્યાયમાં - શ્રીમદ ભાગવતના બીજા અધ્યયામં આ રહસ્યનું અર્થઘટન છે.કેવી રીતે થાય છે આ? સાધક જ્યારે નિર્વિકલ્પ સમાધિમાં જાય ત્યારે પાઓ જાગૃત કરી રીતે થાય? કોણ કહેનાર છે જાગો સમય થયો? એટલે સમાધિમાં જતા પહેલા સાધકે સંકલ્પ કરવો પડે કે હું ત્રણ ઘડી - બે ઘડી - એક દિવસ કે ત્રણ દિવસ આ આસનમાં રહીશ એ સંકલ્પના જોરે એ પાછો આવે છે - રાત્રે આપણે ખૂબ વિચારીએ વહેલા ઉઠવું જ છે, ઘડિયાલ ન હોય તો પણ સંકલ્પના જોરે આપણે ઉઠીએ છીએ એમ સંકલ્પના જોરથી સમાધિમાંથી પાછા અવાય છે, પણ સમાધિમાંથી પાછા નથી આવવુ એવો સંકલ્પ કરે તો સમાધિમાં જ દેહનો ત્યાગ થાય એને યૌગિક પ્રાણોત્ક્રમણ કહેવાય.

અને છેલ્લે ગંગાસતી પાનબાઈને કહે છે

પાનબાઈ - તમે પદ પામ્યા નિર્વાણ

જ્યાં સુધી ગુરૂ ન કહે - તમે પદ પામ્યા નિર્વાણ ત્યાં સુધી અધ્યાત્મ યાત્રા અધૂરી છે, ભગવાન વ્યાસે શુકદેવને કહેલું, તું જ્ઞાની છે પણ ગુરુનું પ્રમાણપત્ર ક્યાં - એ કહે તમે આપો - કહે હું પિતા છું - જા ગુરુ જનક પાસે. જનક કહે છે રસ્તામાં શું જોયું, તો કહે રસ્તામાં મીઠાઈની દુકાનો જોઈ. કોણ વહેંચતું હતું? તો કહે મિઠાઈના પૂતળા, કોણ ખરીદતું? - મીઠાઈના પૂતળા, રસ્તામાં કોણ તો કહે મીઠાઈના પૂતળા, તમે કોણ છો તો કહે મીઠાઈનું પૂતળું. જવાબ મળ્યો જાવ તમે જ્ઞાની પુરુષ છો. નરસિંહે કહ્યું છે કે જાગીને જોઉં તો જગત દિસે નહીં, બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે, એમ શુકદેવને સમજાઈ ગયું માટે કહ્યું - તમે પદ પામ્યા નિર્વાણ. એમ ગંગાસતી પાનબાઈને કહે છે. પાનબાઈ તમે પદ પામ્યા નિર્વાણ. ગુરુ જ્યારે અધિકારી શિષ્યને એમ કહે કે તમે પદ પામ્યા નિર્વાણ એથી મોટું પ્રમાણપત્ર જગતમાં ક્યાંય નથી. આવરણ ઉપાધિ મટી ગઈ અને થયું મૂળ વિદ્યાનો નાશ - અવિદ્યા ત્રણ છે - લેષા, મૂલા અને તુલા વિદ્યા - મૂળ વિદ્યા જે મૂળભૂત અવિદ્યા છે એનો નાશ થયો ને ગંગાસતીને જેમ પાનબાઈ પણ પરમપદને પામ્યા.

ધન્યવાદ

અનુગૃહિતોસ્મિ

આ કાર્યક્રમની ડીવીડી / સીડી

સંગીતની દુનિયા પરિવાર, વાસીતળાવ, મહુવા

થી મેળવી શકાય છે.